ચંદ્રમણિ પ્રકાશન

કિંમત ₹ ૨૦

# મમતા

વર્ષઃ ૧, અંકઃ ૫, માર્ચ ૨૦૧૨

વાર્તામાસિક


આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક



- કુંજલ છાયા
- પન્ના ત્રિવેદી
- વિરાફ કાપડિયા
- યાસુનારી કાવાબાતા
- લિયોનાર્દ આન્દ્રેયેવ
- કુંજમોહન સિંઘ
- ઊજમશી પરમાર
- સુમન શાહ
- અશોક હર્ષ
- સિલાસ કાપડિયા

## સ્પર્ધામાં વિજેતા નવોદિત વાર્તાકારોને પુરસ્કાર

# વાર્તાસ્પર્ધાનું પરિણામ



**અશોક હર્ષ પારિતોષિક રૂ. ૫૧,૦૦૦... સૌજન્ય દેવેન્દ્ર પીર, અમેરિકા**

- વત્સલ ર શાહ, અમદાવાદ (‘‘વિખૂટો’’)
- સેજલ શાહ, મુંબઈ (‘‘વચન’’)
- રમેશ રોશિયા, માંડવી (‘‘અંધારું અજવાળું’’)

દરેકને રૂ. ૧૭,૦૦૧ હસ્તે સ્વ. હરિભાઈ ભટ્ટ (‘‘મમતા’’ના પ્રથમ ગ્રાહક)ના જયેષ્ઠ પુત્ર



**ચંદ્રમણિ પારિતોષિક, રૂ. ૨૧,૦૦૦... સૌજન્ય શશીબેન ભાટિયા, જબલપુર**

- દિલીપ ગણાત્રા, કલકત્તા (‘‘ખિચ્ચાનો રૂપિયો’’)
- પૂજા તત્સત્, અમદાવાદ (‘‘બોન વોયાજ’’)
- ધનરાજ કોઠારી, ભાવનગર (‘‘બિચ્ચારા શાંતિલાલ’’

દરેકને રૂ. ૭,૦૦૧ હસ્તે જય વસાવડા (પ્રતિષ્ઠિત ગદ્યલેખક)



**વલ્લભ પારિતોષિક, રૂ. ૧૦,૦૦૦.... સૌજન્ય મધુસૂદન ઠાકર, ખંભાળિયા**

- જયશ્રી પાઠક, ભાવનગર (‘‘ઓહ અક્ષય!’’)
- બકુલેશ દેસાઈ, સુરત (‘‘મધુની માસી’’)
- શૈલેશ દેસાઈ, કેનેડા (‘‘એક અધૂરી વાર્તા’’)
- વિપુલ ઠક્કર, અમદાવાદ (‘‘નટી’’)

દરેકને રૂ. ૨૫૦૧ હસ્તે કુંજલ છાયા (નવોદિત વાર્તાકાર)

**નલિન પારિતોષિક, રૂ, ૧,૦૦૦... સૌજન્ય એ. વી. ઠાકર, ગાંધીનગર**

- નૈમેષ નાણાવટી, કેનેડા વિજેતાને રૂ. ૧,૦૦૦ ટપાલથી



આત્મીય એન્જિનીયરિંગ કોલેજ, કાલાવડ રોડ, રાજકોટ
તારીખ ૦૩-૦૩-૨૯૧૨, સાંજે ૪-૩૦ કલાકે

**સૌ વિજેતાઓને અભિનંદન ❊❊ સૌ સ્પધકોને ધન્યવાદ**

**❊ ફોટો માટે જુઓ જુઓ જુઓ કવર પેજ ૩ ❊**

ચંદ્રમણિ પ્રકાશન

# મમતા

વાર્તામાસિક

## આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક

સંપાદક મધુ રાય

તંત્રી, મુદ્રક, પ્રકાશક એ. વી. ઠાકર

એક લેખક બીજા લેખકની સાથે સ્પર્ધા નથી કરતો, દરેક લેખક પોતાની જાત સાથે સ્પર્ધામાં હોય છેઃ પહેલાં કરતાં વધુ સારું લખવું. પહેલાંની સીમાઓની બહાર પગ મૂકવો. વાર્તાસ્પર્ધાની વાર્તાઓમાં વિજયસ્થાન નક્કી કરવાનું અત્યંત કષ્ટકર હતું. જેમને પારિતોષિક મળ્યાં છે તેમની સામે પડકાર છે કે જે લખ્યું તેનાથી સારું ઉતરોત્તર લખતા રહેવું. એ સૌ ઉપરાંત જેમની વાર્તા મમતામાં લેવાશે એમને પણ સંપાદકનું અંગત 'પારિતોષિક' એ રીતે એનાયત થાય છે.

અકાદમીના સાહિત્યકારકોશમાં પ્રતિષ્ઠિત લેખકોની કૃતિઓની જવાબદારી તેમની પોતાની છે, તેમની વાર્તાઓ આવે તે જ સ્વરૂપે છપાય છે ને છપાશે. પણ સ્પર્ધકોની સ્વીકાર્ય વાર્તાઓને દુલાર કરવાનો, લગીર સુધારવાનો, પણ કશું જ નહીં વધારવાનો, અધિકાર સંપાદક પાસે સલામત છે. અને જેમની વાર્તા ફરી લખાવવાની જરૂર લાગશે તેમને તે પણ જણાવાશે.

'મમતા' શરૂ કરવાનો વિચાર આવ્યો કે તરત તેના વહીવટ, બિઝનેસ પ્લાન, વિજ્ઞાપન, કોણ ઘરાક નોંધે, કોણ પ્રેસમાંથી છપાયેલા અંકો લાવીને ગુંદરથી લેબલ ને ટિકિટનું કરે, કોણ ફોન ઉપાડે, એવો કોઈ પાકો પ્રબંધ કર્યા વિના, પાડોશી પ્રેમીઓ ભાગીને લગ્ન કરી લે તેમ, કેવળ ઝનૂનથી કાનમાં આંગળીઓ ખોસી, નાક દબાવી, આંખો ભીંચીને પ્રગટ કરી નાખ્યું. અંકે અંકે સાઇઝ જુદી જુદી થઈ છે. છપાઈની ભૂલો વિક્રમભંજક છે. અંક ન મળવાની ફરિયાદો સતત છે. સદભાગ્યે રજનીકુમાર, મણિલાલ, બિપિનચંદ્ર, બળવંતરાય, કનૈયાલાલ, બકુલ, મનીષ, કેતનાદિની સમય-ડાંગોથી ગોવર્ધન ટક્યો છે. સંપાદક મહોદય અમેરિકા બેઠાં વિયાધિ કરે છે, ને હવે પ્રકાશક મહોદય કેનેડા ફરવા ગયા છે, અને કશીક સવેતન વ્યવસ્થા થશે.

આ બધું છતાં રોજ નવાં લવાજમ ને નવી વાર્તાઓના કરા પડે છે; વાહ ગુજરાત! વાર્તાનું કોઈ બીજું માધ્યમ નથી તે કારણ હોય, પણ વરણાગી સંપાદક 'મમતા'ની કાચી કેરી જેવી સુગંધ અને તેના પાકવાની ખાતરીને આ ઉષ્માભર્યા આવકારનું માને છે. સંપાદક માને છે કે અંકે અંકે સુધારો થાય છે, ને લીલી ત્વચા ઉપર સહેજ સહેજ રતાશ વરતાય છે.

'મમતા'ની વાર્તાસ્પર્ધામાં મધ્યમ વર્ગની, ચાગલી દીકરી ને વહાલસોયાં મમ્મીપપ્પા, જિગરી દોસ્ત, ચિત્રપટીય પ્રેમ અને સામાજિક સંબંધોની વાર્તાઓ બહુ હતી. તમન્ના છે, 'મમતા'માં ગુજરાતી બોલીઓની, માછીમારોની, દરિયાખેડુઓની, દલિતોની, નારીપ્રાધાન્યની, બાળશોષણની, માનસિક શતરંજની, પ્રવાસની, વિજ્ઞાનની, મનુષ્યેતર પાત્રોની, રોમાંચ, સાહસ, જાસૂસી, ફેન્ટેસી, સ્વૈરવિહાર, પરીઓની, સોદાગરોની, ધનપતિઓના કાવાદાવાની કાનના મોવાળા ઊભા કરે એવી વાર્તાઓ બીજા પ્રાન્તો અને વિશ્વની ભાષાઓમાંથી ખંખોળી લાવવાની અને નવા લેખકો પાસે લખાવવાની. સંપાદક પણ જાત સાથે સ્પર્ધામાં છે, અંકે અંકે પહેલાં કરતાં વધુ સારું સાદર કરવું. પહેલાંની સીમાઓની બહાર પગ મૂકવો.

આત્મીય કોલેજના નલિનભાઈના સૌહાર્દથી અને ડો. અંબાદાન રોહાડિયાના સંચાલન હેઠળ રાજકોટમાં સંપન્ન થયેલો પારિતોષિક વિતરણનો હરખઘેલો સમારંભ પારિવારિક તર્પણનો અવસર હતો. સંપાદકને વાર્તાકાર તરીકે જન્મ આપનાર અશોક હર્ષના નામે, અને સંપાદકને વ્યક્તિ તરીકે જન્મ આપનાર માતાપિતાનાં નામે પારિતોષિક અપાયાં. સહોદર નલિન યુવાનવયે બ્રેઇન ટ્યૂમરનો કોળિયો બનેલો, જે શબ્દો લખતાં આ ક્ષણે તર્જની માથું પછાડે છે, તેની સ્મૃતિમાં પણ એક વિશેષ પારિતોષિક અપાયું. બીજા સહોદર, રા. રા. શ્રી પ્રકાશક મહોદયનું ગાર્ડી ઈન્સ્ટિટ્યુટ ફોર ડાયાસ્પોરા સ્ટડીઝ તરફથી બહુમાન થયું અને સહોદરા વનલીલા બહેને તેને ચાંદલો કર્યો. ઉપર જેમનાં નામ ઉચ્ચાર્યાં છે તે અને રાજેન્દ્ર, જય, પરેશ, સુચીબહેન, ગિરીશભાઈ તેમ જ રાત જાગીને વિજેતાઓનાં સર્ટિફિકેટ ફિટ કરી આપનાર રા. રા. પ્રા. બાબુ સુથાર-તે સૌ સંપાદકના બૌદ્ધિક પરિજનો છે. એ પરિવૃક્ષમાં ઉમેરાયા છે ૩૦૬ જેટલા વાર્તાબાંધવો, ૫૦૦ જેટલા ગ્રાહકો, છૂટક નકલ ખરીદનારા રસિકો અને ૬ કરોડ ગુજરાતીઓ. સંપાદક એના એકાકી જગતમાં એમનું ઉભય હાથ ફેલાવી સ્વાગત કરે છે.

'મમતા'ના સૌ પહેલા ગ્રાહક હરિપ્રસાદ શાંતિલાલ ભટ્ટ સાહેબે સામે ચાલીને લવાજમ ભરેલું. તેમના હાથે પારિતોષિક અપાવવાની ઉમેદ હતી પણ એ અવસરના પંદરેક દિવસ પહેલાં જ તેમનો સ્વર્ગવાસ થયો. તેમનાવતી એમના જયેષ્ઠ પુત્ર ચંદ્રેશભાઈએ એ ફરજ નિભાવી. સ્વ. હરિપ્રસાદ સાહેબને અંજલિ તરીકે આ અંક તેમના ચરણે.

-મધુ રાય

# નિયમાવલિ

- ‘મમતા’માં દર માસની ૧૧મી તારીખે પ્રસિદ્ધ થાય છે.
- ‘મમતા’ કોઈ સવેતન કર્મચારી નથી તેથી ગ્રાહકો અને વાર્તાકારોના સહયોગની અપેક્ષા છે.
- ‘મમતા’ આવતી કાલના વાર્તાલેખકોનું આજનું માસિક છે તેથી તેમાં નવા લેખકોને હાર્દિક આવકાર છે.
- ‘મમતા’ માં કમ્પ્યુટર ઉપર લેટર સાઇઝ કે એફોર સાઇઝના કાગળ ઉપર ટાઇપ કરેલી, ઇ-મેઇલથી (sub: story for mamata) મોકલેલી કૃતિઓ વહેલી ધ્યાનમાં લેવાશે. ઇમેઇલ કરેલી કૃતિની પહોંચ અને નિર્ણય ઇમેઇલથી જણાવાશે.
- ટપાલ કે કુરિયરથી ઉપર મુજબ ટાઇપ કરેલી વાર્તાઓ તે પછી ધ્યાનમાં લેવાશે. હાથે લખેલી વાર્તાઓ પણ સ્વીકારાશે, પણ તેના નિર્ણયમાં વિલંબ થશે. ટપાલ કરેલી વાર્તા સાથે જવાબી પોસ્ટકાર્ડ હશે તો પહોંચ જણાવી શકાશે.
- ‘મમતા’ માત્ર વાર્તામાસિક છે. તેમાં ફક્ત વાર્તા સ્વીકારવામાં આવશે.
- વાર્તાની સાથે એ કૃતિ પૂર્વે કોઈ પ્રકાશનમાં, ઇન્ટરનેટ કે રેડિયો-ટીવી ઉપર કે બીજે ક્યાંય પણ કોઈ સ્વરૂપે અપ્રકાશિત અને મૌલિક છે તેવો પત્ર, લેખકનો ફોટો, ૫૦ શબ્દોમાં પરિચય તેમ જ ફોન નંબર અને હોય તો ઇ-મેઇલ આઇડી મોકલવાં.
- અનુવાદ કે રૂપાંતર સાથે મૂળ લેખકનું નામ, ૫૦ શબ્દોમાં પરિચય તથા હયાત હોય તો તેમનો અનુમતિપત્ર અને સરનામું, ફોન નંબર તથા ઇ-મેઇલ આઇડી મોકલવાં અનિવાર્ય છે.
- લખાણોની જોડણી સાર્થ જોડણીકોશ મુજબ ઇચ્છનીય છે.
- વાર્તા મળ્યા બાદ એકાદ - બે માસમાં લેખકને નિર્ણય જણાવવામાં આવશે. દરેક વાર્તાની એક નકલ સાચવવી. અસ્વીકૃત વાર્તા પાછી મોકલી શકાશે નહીં.
- પ્રસિદ્ધ થયેલી દરેક કૃતિના પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. તે પછી પ્રકાશનના તમામ હક લેખકના રહેશે.
- ‘મમતા’નું (૧૨ અંક) વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ છે. લવાજમનો ચેક કે ડ્રાફ્ટ ‘મમતા મન્થલી’ના નામે રીડર્સ પેરેડાઇઝના સરનામે મોકલવો. સંસ્થાઓમાં રોકડેથી પણ લવાજમ આપી શકાશે, જેની પહોંચ સાચવી રાખવી.
- ગ્રાહકોને ૨૦મી તારીખ સુધીમાં અંક ન મળે તો ફરિયાદ નોંધાવવી. કોઈ પણ પત્રવહેવારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો.
- **વાર્તા મોકલવાનું, લવાજમ ભરવાનું, અંક ન મળ્યાની ફરિયાદ કરવાનું તથા તમામ પત્રવહેવારનું સરનામું ‘મમતા’ કાર્યાલય, કેર ઓફ રીડર્સ પેરેડાઇઝ, ૬ ઉત્સવ રો હાઉસ, સાલ હોસ્પિટલની સામે, થલતેજ, અમદાવાદ ૩૮૦૦૫૨ અથવા ઇ-મેઇલ** mamatamonthly@hotmail.com
- રજિસ્ટર્ડ ઓફિસઃ ‘મમતા’ કાર્યાલય, કેર ઓફ એ. વી. ઠાકર, ૯૭૭/૨ સેક્ટર ૭-સી, ગાંધીનગર ૩૮૨-૦૦૭ ઇ-મેઇલ mamatamonthly@hotmail.com

# અનુક્રમ


૦૩ પંખીનો મેળો...

૦૪ અશોક હર્ષ / અતીતરાગ

૦૮ સુમન શાહ / રેવતી

૧૪ ઊજમશી પરમાર / સાંઢ

૧૭ પન્ના ત્રિવેદી / રા’ણ કૂકડી

૨૧ વિરાફ કાપડિયા / કેપ્ટન કટીલા

૨૬ સિલાસ કાપડિયા/ મગર અને મગરી

૩૦ કુંજલ છાયા / માડી આઉં અચાતો

૩૩ કુંજમોહન સિંઘ / પરપ્રાન્તીય વાર્તા

૩૬ લિયોનાર્દ આન્દ્રેયેવ/ પરદેશી વાર્તા

૩૯ યાસુનારી કાવાબાતા/ રાગ વિશ્વરંજની



**ડિઝાઇન અને લે-આઉટ** ‘આર્ટ મણિ’ રીટા ડાંગોદરા
એફ એફ/૧૩ મૂર્દ્ધન્ય કોમ્પલેક્સ, સુપર સોસાયટીની સામે, રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૧૫ ફોન ૯૪૨૬૪૧૮૫૧૦

**રેખાંકન** કિશોર રાવળ, અતુલ પડિયા અને મનોજ વ્યાસ

**મુદ્રણ સ્થાન** એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ.
૧૪/૨ કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર,
અમદાવાદ ૩૮૦૦૨૧ ફોન ૨૨૯૪ ૧૧૫૦

**પ્રબંધ** બિપિન શાહ, રીડર્સ પેરેડાઇઝ, અમદાવાદ


**મુખપૃષ્ઠ** ઇનામ વિતરણ સમારંભ, ફોટો રાકેશ ભટ્ટ

# પંખીનો મેળો

આખરે 'મમતા'ના બંને અંક પૂરા કર્યા. હવે કહ્યા વિના મને ચેન નહી પડે, તેથી મિત્ર તરીકે કહું છું, માનો કે વાચક તરીકે. અમલ કરો ન કરો તે તમે જાણો. મને આટલી વાર્તાઓ નથી ગમી અને એના જેવી બીજી આવશે તો મને ભવિષ્યના અંકો વાંચવાનો ઉત્સાહ નહી રહેઃ રાખી અંતર, કીમિયો, અદલા બદલી, બારી, છત્રી મારવાની કુટેવ, તથા બીજા અંકની દરિયા વગરના દિવસો, ગુડ બાય ફોર એવર, વાંચી શકાય એવી નથી. ગોવાળણી, માયાજાળ, સલામી, અને બીજી બધીસરસ છે (મમતા ૧), એના જેવી વધુ છાપજો.પચ્ચીસ હજારનો ડંખ, ટ્રિક, મારું માસ્તરપીસ ઉત્તમ છે.

**મોહનદાસ બિલિમોરા, અમેરિકા**

અમોને પ્રવેશાંક ઇ-મેઈલથી અને બીજો અંક પણ કુરિયરથી મળ્યો છે. ત્રીજાઅંકની અમે કાગના ડોળે રાહ જોઇએ છીએ.

**ધીરુભાઇ વૈધ, સૂરત ૨૧-૦૧-૨૦૧૨**

માત્ર પ્રથમ અંક મહેરબાનીની રાહે મળી ગયો બાકી આજ સુધી નથી મળ્યાં બીજા કોઈ જ અંકો કે નથી મળી ચેકથી ભરેલા લવાજમની રસીદ.

અમે મોઢ ચાતુર્વેદી બ્રાહ્મણ છીએ.અમારા એક ''એકડાવાળાગોળ''માં વાર્ષિક સભા રાત્રે જ ભરાતી.મારા જેવા સમયસર હાજર થઇ આગળ સીટ જમાવે. કેટલાક મોડા આવે. તેને લોકો આવો-આવો કરે અને આગ્રહ કરી આગળ બેસાડે. આગળવાળા પાછળ ખસતાં જાય.છેલ્લે કમિટિ મેમ્બર્સ ગાદી-તકિયે ગોઠવાય. સાથે તેમના જી-હજુરિયા આવે તેમને માટે જગ્યા કરાય. પરિણામેસૌથી પહેલા આવેલા હાંસિયામાં ધકેલાઈ જાય. કદાચ પાથરણાની બહાર. મેં તમારી જા.ખ. વાંચી.ને તાબડતોબ ચેક મોકલ્યો હતો. આજે હું હાંસિયામાં છું. મહાશિવરાત્રિ પર્વ મંગલમય બની રહોની શુભેચ્છા સાથે.

**ધીરુભાઈ વૈધ, સુરત ૨૦-૦૨-૨૦૧૨**

આજે ''મમતા''નો જાન્યુઆરી અંક મળ્યો. જાણે આપના તરફથી મમતા મળી. અંતઃકરણ પૂર્વક આભાર. તકલીફ માફ. લવાજમની રસીદમાં તારીખઃ ૧૫-૧૦-૧૨ છે. તે ૧૫-૧૦-૧૧ એમ સુધારવા વિનંતી. મને લાગે છે કે હવે પછીના અંકો નિયમિત મળતા રહે, તેટલો ભાગ્યશાળી તો હું હોઈશ જ. ચેક સાથે મોકલેલી મારી પ્રથમ અને કુંવારી વાર્તા મળી હશે. ।। यथा योग्यम् तथा कुरु।।

**ધીરજલાલ વૈધ, સૂરત ૨૧-૦૨-૨૦૧૨**

નીલમબહેનની વાર્તાથી આંખમાં આંસુ આવી ગયાં. **સુચી વ્યાસ, અમેરિકા**

'મમતા'નો ત્રીજો અંક મળ્યો. પસંદ આવ્યો.વર્ષો પહેલાં અહીનાં સમાચાર પત્રની પૂર્તિમાં વાર્તાની શરૂઆતનો એક ભાગ આપવામાં આવતો અને એ વાર્તાનો અંત વાચકો પાસે મગાવવામાં આવતો. વાચકો તરફથી આવેલા અંતમાંથી ત્રણ પ્રકાશિત કરવામાં આવતા. ''મમતા'' માં પણ આવો એક વિભાગ શરૂ કરો તો કેવું? જેનાથી નવા લેખકોને એક નિશ્ચિત થીમ પર લખવાનું મળે અને એક જ થીમ પર અલગ અલગ લેખકોના અલગ અલગ વિચારો મળે.

**નીલમ દોશી, ભુબનેશ્વર, ઓડિષા**

ખૂબ સુંદર સજાવટ છે અને નવા લેખકોનો પરિચય થાયછે. અમારા ખાસ અભિનંદન. ફકત મારે એક તકલીફ એ છે કે પુસ્તકોની છપાઈમાંવપરાતા રંગ અને રસાયણથી શ્વાસમાં શ્રમ પડે છે. મારાં મિત્રોનેવાંચવાનો લાભ આપું છું. મારાં ઘણાં મિત્રોને તમારી માહિતી મોકલી છે. શુભેચ્છાઓ સાથે.

**મીનળ ભીમાણી, અમેરિકા**

મેં કેનેડાનાં બે અને ભારતનાં સોળ એમ કુલ અઢાર લવાજમ મોકલ્યાં છે. અગાઉના પત્રના જવાબમાં ફકત મને તમે મોકલેલા ત્રણે અંક મળ્યા છે પણ કેનેડાના બીજા સરનામે કે ભારતનાં તેર સરનામે કોઈને મળ્યાં નથી. 'મમતા' વાંચવું ગમે છે, પણ આવું થાય ત્યારે મિશ્ર લાગણી થાય છે. ઘટતું કરશો.

**શૈલેશ દેસાઈ, કેનેડા**

તમને લોકોને શું થયું છે? બબ્બે રિમાઈન્ડર છતાં મેં મોકલેલ લવાજમની રસીદ કેમ મોકલતા નથી? અંક મળે છે, પણ તેથી શું? આ તે કેવો પ્રબંધ છે તમારો?

**ભૂપત બોસ્મિયા, અમદાવાદ**

ફેબ્રુઆરી અંકની 'પછડાટ' વાર્તા ફક્કડ છે. ને તમારું મેગેઝિન પણ ફક્કડ છે.

**કેતન શાહ**

shahketan110@yahoo.com


'મમતા'ના લોગોમાં બીજા 'મ'નો કાનો નીચે ઊતરે છે તે જરૂરી નથી. પહેલા જેવો જ હોવો જોઈએ. વધુમાં 'તા'નો ગોળાકાર બંને 'મ'ના ગોળાકારોને સમરૂપ નથી. પહેલા 'મ' જેવી સાદગી અને સુંદરતા દરેક અક્ષરમાં હોવી ઘટે. લોકોને લોગો સિલેકટ કરતી વખતે સાદું સ્વીકારવામાં ડરે છે. અનોખાપણા કરતાં સાદગી અને સમરૂપતાને પહેલી પસંદગી હોવી ઘટે. તમને લોગો બદલવાનો છોછ ન હોય તો હું કેટલીક બહેતર ગુણવત્તાવાળી આકૃતિઓ કરી મોકલી શકું. ચોથા કવર ઉપર રકાબીમાં ચા પીતા ગ્રામજનનો ફોટો ગ્રામીણ ગુજરાતની અચ્છી અભિવ્યકિત છે. સંપાદકીયની ભાષા લટકાંમાં ન ફસડાય તે જોવું. ઘણા શકિતશાળી અને નીવડેલા લેખકોમાં એવું થયું છે. ખૂબ શુભકામનાઓ. પણ હજી સારું થઈ શકે.

**હરનિશ કંસારા**

harnish_kansara@yahoo.co.in

તમારા વાર્તામાસિકમાં સૌથી શ્રેષ્ઠ વાર્તા હતી 'માસ્તરસાહેબ' (જાન્યુઆરી ૨૦૧૨). **કેતન શાહ, મોડાસા**

***તમને કઈ વાર્તાઓ ગમી? વાચકોનાપત્રો બને તો ઈમેઈલથી (sub: pankhino melo) મોકલવા. 'મમતા' વાર્તામાસિક, કેર ઑફ રીડર્સ પેરેડાઈઝ, ૯ ઉત્સવ રો હાઉસ, સાલ હોસ્પિટલની સામે, થલતેજ, અમદાવાદ ૩૮૦૦૫૨.***



મમતાના પૂર્વજ ચાંદની વાર્તામાસિકના ઘડતરલક્ષી છતાં સમતોલ સંપાદક અશોક હર્ષ ખુદ કેવા સમર્થ વાર્તાકાર હતા. આ સાથે મૂકેલી તેમની ચોટદાર અને બાલમાનસના મનોભાવોનું નાજુક શિલ્પ રજૂ કરતી આ વાર્તા સુલોચના વાંચતા એ સમજાય છે. અશોક હર્ષ (૧૯૧૫-૨૦૦૨) જન્મ્યા કચ્છના મુંદ્રા ગામે પણ તેમની સાહિત્યિક કારકિર્દીની શરૂઆત થઈ. કુમારના સહાયક સંપાદક તરીકે ૧૯૩૫થી. કવિતા, ગુજરાતી ગદ્યસાહિત્ય તેમનું સાદાકાળ ઋણી રહેશે તેમના ચાંદનીના પ્રારંભ (૧૯૫૫)થી તેની ઉપર પ્રથમ પડદો પડવાના ગાળા દરમ્યાન વાર્તાકારોની આખી એક નવી પેઢીનું સંવર્ધન અને સમાર્જન કરવા બદલ. અનેક ઓજસ્વી વાર્તાકારોને તેમણે ચાંદનીની ક્યારીમાં ઉછેરીને લુંબઝુંબ આમ્રવૃક્ષ બનાવી દીધા.

તૈલી વી. રામાનુજ

**વાર્તાસંકલન અને પરિચય**
**રજનીકુમાર પંડ્યા**
**મો. ૦૯૮૯૮૦ ૧૫૫૪૫**
**rajnikumarp@gmail.com**

## અશોક હર્ષ/અતીત રાગ

# સુલોચના

સરલાની આ બીજી સુવાવડ હતી અને બીજી વારનો ખોળો પણ એવો જ નસીબદાર નીવડ્યો હતો. પોણા ચાર વરસ પહેલાં સૂરજના જ પ્રસાદ જેવો દીકરો રવિપ્રસાદ આપી આખું ઘર અજવાળી મૂક્યું હતું, તો આ વખતે દૂધ પીતે જણી હોય એવી દીકરી સુલોચના આપી એણે પોતાના ગૃહિણીપદની ઉત્તમતા પુરવાર કરી આપી હતી. એકલાં માબાપે જ નહિ, પણ બધાં જ સગાંસંબંધીઓએ ભગવાને રવિ સાથે રમવા આપેલી આ બહેનની ભેટ પર સંતોષ વરસાવ્યો હતો. અને રવિએ પણ છઠ્ઠીને દિવસે બહેનને હેતથી હિંચોળી, 'ઓળી ઝોળી પીપળ પાન, ફઈએ પાડ્યું સુલોચના નામ' ગાઈ એ સંતોષનો ગુણાકાર કરી બતાવ્યો હતો.

પરંતુ સુલોચનાએ હજુ બીજું માથું ધોયું નહીં હોય ત્યાં રવિના સુખસંતોષમાં ઓટ આવવા માંડી. સરલાએ સુવાવડનો ઓરડો છોડી સુલોચનાને ઓસરીમાં સુવાડવા માંડી ત્યારથી જ રવિ પર કડક ચોકીપહેરો શરૂ થયો. એની ઘાંટાઘાટ એને ગળામાં જ દબાવી દેવાના હુકમો થવા લાગ્યા, એટલું જ નહીં પણ બહેન ઊંઘતી હોય ત્યારે સરખો અવાજ કરવાનો યે એને અધિકાર ન રહ્યો.

એકલી સ્લેટ હાથમાં ઝુલાવતો એ ઘેર આવતો ત્યારે બા પાસે અનેક વાતો એને કરવાની રહેતી, પરંતુ ઘંટીના થાળામાં સ્લેટ મૂકી દોડતોકને બાને બાઝી પડી જેવી વાતની શરૂઆત કરતો તેવી બાની ચેતવણી સંભળાતી : 'રવિ, ધીમે! બહેન જાગી જશે.' અને રવિનો બધો ઉત્સાહ માર્યો જતો. બહેન, બહેન ને બહેન! આખો દિવસ એને બહેન સિવાય બીજું કશું સૂઝતું જ નહિ હોય? એવો સવાલ એને થતો.

અને એકલી બા જ શા માટે? ઘરનાં જે બધાં એક વખત પોતાને માટે ઓછાં ઓછાં થઈ જતાં તે બધાં હવે આ નવી છોડી સુલોચનાને જ અચ્છોવાનાં કરવા મંડી પડ્યાં હતાં. એ છોડી માટે જ જાણે બધાં જીવતાં હતાં. એ આખી રાત રડીને બધાંને જગાડતી હતી તેનું કંઈ નહીં, અને પોતે એને જગાડવા જેવું જરા પણ કંઈ કરે તે માટે આટલો જુલ્મ!

રવિને ક્યારેક તો બધાંની અક્કલ માટે પણ શંકા ઊઠતી. આ ઢેફા જેવી છોડી, બેસતાં બેસતાંયે ગબડી પડતી, પોતાના સારામાં સારા રમકડાથી યે ખુશ ન થતી, આખો દિવસ લાળો પાડ્યા કરતી ને કારણ વગર રડ્યા કરતી છોડીને, બધાં કઈ અક્કલ પર 'સરસ છોકરી' કહેતાં એ તેની સમજણમાં ન ઊતરતું.

એમાંયે સૌથી વધુ રઘવાયાં તો દાદીમા બન્યાં હતાં. સુલોચના ઊંઘતી ન હોય ત્યારે એમના જ ધીકા પર સવાર થઈ હોય. એને હસાવતાં, કૂદાવતાં, ખેલાવતાં એમને ધરવ જ ન થતો. અને એનો પોતાનો તો દાદીમાએ હવે ભાવ પૂછવો પણ બંધ કર્યો હતો.

અને બાપાજીને તો એણે - સૌની મરજીએ ચાલતા જોયા હતા, એટલે બહારથી આવીને પોતાને બદલે તેઓ સુલોચનાના ખબર પૂછે કે જાગતી હોય તો ખોળામાં

લે એમાં નવાઈ જેવું શું હતું? નક્કી આ છોડીએ કાવતરું ઊભું કરી આ બધાને તેમાં ભાગીદાર બનાવ્યા હતા.

પોતે ઘાંટો પાડતો તો સુલોચના બી જતી. પોતે બોલતો તો સુલોચના જાગી જતી, પોતાની જેમ ચાલવાનો પ્રયત્ન કરતાં પડી જતી તો સુલોચનાને ચોરીઆ પડી જતા – આમ પોતાની એકેએક પ્રવૃત્તિ સુલોચનાના હિતથી વિરુદ્ધ જતી હતી. હજુ તો એ બોલતાં નહોતી શીખી, પણ એ શીખશે ત્યારે ઘરમાં પોતાના રહ્યાસહ્યા હક્ક પણ જપ્ત કરી લેશે કે શું, એવી દહેશત રવિને લાગવા માંડી.

પરિણામે ઘર કરતાં ઘરની બહાર પોતાની પ્રવૃત્તિ એણે વિસ્તારવા માંડી. એકલો પડ્યો હતો તો બા કે દાદીમાને બોલાવવાને બદલે એક ઢાળિયામાં બિલાડીના બચ્ચાને એ કસરત કરાવી રહ્યો હોય અથવા ડેલીના દરવાજે ટીપુડાને, મોટા છોકરાં મોટાં કૂતરાંથી કરતાં તેમ, પગીને સલામી શીખવી રહ્યો હોય. સાથે સાથે થોડો મોટો થતાં ઘરની ગાય ગંગાના બદુડાને હવેડે પાણી પીવા દોડાવતા લઈ જવાનાં કે ફળિયાના છોકરા જેમ બગલમાં ફાળિયું મારી વાવતળાવે નહાવા નીકળી પડવાનાં સ્વપ્નાં પણ તે સેવતો.

અને આ સ્વપ્નસૃષ્ટિમાં એ ભમતો હોય ત્યારે વેળાકવેળા બા, બાપા કે દાદીમાની સુલોચનાને હીંચકો નાખવાની બૂમ એવી અકારી લાગતી કે એ જવાબ જ ન આપતો ને સાંભળ્યું-નસાંભળ્યું કરી નાખતો. પોતે એક ઢાળિયામાં બેઠો હોય તો તો હજી બેચાર બૂમે ઊઠતો, પણ ડેલીને દરવાજે બેઠો હોય તો તો પહેલી બૂમ પડતાં જ બહાર સરકી જતો, જેથી પોતાની ગેરહાજરીની પેલાંઓને ખાતરી થાય.

એક દિવસ સાંજે નિશાળમાંથી છૂટી રસ્તે મદારીનો ખેલ જોવા એ એનાથી ત્રણેક વર્ષ મોટા રમેશ સાથે ઊભો રહ્યો અને ઘેર જતાં મોડું થયું. ત્યાં સુધીમાં ભૂખ પણ એને કકડીને લાગી રહી. ઘેર જતાં જ ચિંતાતુર બની બેઠેલી બા પોતાને તરત જમી લેવાનું કહેશે એવી એણે આશા રાખી હતી, પણ ઘેર જઈને જોયું તો બા તો સુલોચનાને રડતી છાની રાખવા ધવરાવી રહી હતી. અને એના પહોચતાં 'કેમ, આવ્યો ભાઈ?' બોલતી



સહેજ મલકાઈને જ એ અટકી ગઈ. ખાવાનું તો નામ જ ન લીધું.

રવિએ એ બેપરવાઈનો બદલો વાળવાનો નિશ્ચય કર્યો. પેટમાં કૂકડા બોલતા હતા છતાં સ્લેટ ને ચોપડી ઠેકાણે મૂકી એ બોલ્યો, 'આજે મારે જમવું નથી.'

'કેમ?' બાએ સવાલ પૂછ્યો.

'ભૂખ નથી લાગી.' એણે જવાબ આપ્યો.

'બપોરે બહુ ખાઈ નાખ્યું છે? કંઈ નહીં, ભૂખ ન લાગી હોય તો; રત પણ ખરાબ છે.'

આમ બાએ તો ખુદ એના કરતાં પણ એની ભૂખ તરફ વધારે બેપરવાઈ બતાવી.

> પડોશીમાંની જમનાબેનને બોલાવી લાવવાનો એણે વિચાર કર્યો, પણ બીકમાં ને બીકમાં હજુ બારણું નહીં ઓળંગ્યું હોય ત્યાં પાછળ સુલોચનાએ એવી તો ભયંકર ચીસ નાખી કે અકળાતો-મૂંઝાતો તે પાછો ઘોડિયા આગળ આવી ઊભો રહ્યો.

'હા, રત ખરાબ છે!' તોબરો ચડાવી તે બોલ્યો અને સીધો આંગણામાં બે પગ વચ્ચે માથું દબાવી કાન ફફડાવતા બદુડા પાસે દોડી ગયો.

થોડી વાર પછી બા ડેલીએ જઈ બેસતાં એ ઘરમાં ઘૂસ્યો અને ખાવા માટે ખાંખાંખોળ કરવા માંડી. વાસણનો સહેજ અવાજ થતાં જ એણે જોયું તો ઘોડિયામાં સુલોચના હલી ઊઠી હતી. એણે ભેંકડો તાણ્યો તો બધી બાજી બગડી જશે ધારી ચીડાતો એ એને હીંચકો નાખવા ગયો.

પણ ત્યાં તો રડવાને બદલે ઝોળીનાં બે પડખાં પકડી સુલોચના ઘોડિયામાં બેઠી થઈ ગઈ હતી એને ટગરટગર તેના સામું જોઈ રહી હતી. રવિએ એને ઈર્ષાથી ઘોડિયામાં પાછો ધક્કો મારી સુવાડી દીધી, પણ એ ધક્કાથી નારાજ બનવાને બદલે સુલોચના તો ઊલટું એની સામે જોતી મીઠું હસી રહી.

પોતાને કોઈ આ રીતે ધક્કો મારે તો એનો પીછો ન છોડે અને આ છોડીને તો ધક્કો ખાવામાં ઊલટી મઝા આવતી હતી. આ તે કેવી છોડી? એ ખાવાનું જ ભૂલી ગયો. સુલોચનાને એ ઘોડિયામાં નાખી દે ને પાછી એ ઝોળી ઝાલી, હસતી હસતી બેઠી થઈ જાય. બા પાછી અંદર આવતાં સુધી આ રમત ચાલુ જ રહી.

બા એ જોઈને માત્ર હસી. અને પોતે સુલોચનાને રડાવ્યા વગર આટલી હસાવી રહ્યો હતો એ બદલ શાબાશીના બે શબ્દો કહેવાને બદલે એણે તો સુલોચનાને જ સીધી હાથમાં લઈ એના ખોળામાં આપવાનો પ્રયાસ કર્યો : 'લે, રમાડવી છે?'

'ના, મને ભૂખ લાગી છે.' એ અન્યાય પર દાઝે બળતો તે બોલી ઊઠ્યો.

'તો પછી તોબરો ચડાવીને બહાર શા માટે નાઠા હતા?'

ઓત્તારી! આ તો બા પોતાની આખી ગેડ પહેલેથી સમજી બેઠી હોય એવું લાગ્યું! કશો જવાબ આપવાને બદલે મૂગામૂગા રવિએ જમી લીધું.

•••

બીજે દિવસે બપોરે પાછો બાનો હુકમ છૂટ્યો, 'જો, રવિ, હું ને દાદીમા બેસણે જઈએ છીએ, તો બહેનની સંભાળ રાખજે. રડશે તો નહીં, પણ રડે તો જરાક હીંચકો નાખજે.'

'ને મારો આજે પહેલો નંબર છે ને? આજે શનિવાર છે ને બધા આંક લખવાના છે.' રવિએ જવાબ આપ્યો.

'એવા પહેલા નંબર તો ઘણાય આવશે ને? જો, આજનો દિવસ એટલો ડાહ્યો થા.' બાએ પટાવવા માંડ્યું.

'બીજાં છોકરાં તો બહેન સારુ જીવ પાથરી નાખે, અને આને તો એકની એક બહેન પણ કેમ જાણે એનો ગરાસ લૂંટી લેતી હોય એમ દીઠીયે નથી ગમતી.' દાદીમાએ બા જેમ પટાવવાને બદલે એને ઊધડો લીધો.

'એ બધાં તમારાં જ કામ છે' એમ કહેવાનું રવિને મન થઈ આવ્યું, પણ એ મનમાં જ દબાવી દઈ એણે રીસભર્યો જવાબ આપ્યો, 'હા તો સાચવીશું, જાઓ.'

પણ બા અને દાદીમાએ હજુ શેરી નહીં ઓળંગી હોય ત્યાં રવિની કસોટી શરૂ થઈ ગઈ. સુલોચના કંઈક અસ્પષ્ટ અવાજ કરતી સળવળવા લાગી.

'સૂઈ જાને હવે?' પોતાના અવાજને સંપૂર્ણ સત્તાવાહી બનાવતો તે બોલ્યો અને ઘોડિયાના પાયા હચમચી ઊઠે એટલા જબરા હીંચકા નાખવા લાગ્યો. સુલોચના પણ એ અવાજથી મૂંગી બની ગઈ.

પણ બીજી વાર સળવળી એણે રડવાની પૂર્વતૈયારી જેવો જે અવાજ કરવા માંડ્યો તે તો રવિનાં ગમે તેવાં સત્તાવાહી ફરમાનો છતાં શાંત ન પડ્યો. રવિને ગુસ્સો ચડ્યો ને ગુસ્સામાં એક ટાપલી લગાવી દીધી. અને એ ટાપલી સાથે સુલોચનાએ તો એવડી જબરી ચીસ મૂકી કે એ પોતે પણ ભયભીત બની ગયો.

એણે હીંચકો બિલકુલ બંધ પાડી દીધો. ઝોળી બે હાથે

ઝાલી, ભયથી ધ્રૂજતાં એણે ઘોડિયામાં મોં ઘાલ્યું. સુલોચના તો રડવાની હઠ પકડી મોં પર રાતીઘેરી છાયાઓ પાથરી રહી હતી.

'સુલુ! સુલુ! મારી બેન છોને? લે, આ આપું, તે આપું' કરતાં મનાવતાં મનાવતાં તિજોરી સમાં પોતાની ચડ્ડીનાં ગજવાંમાંથી એકેક ચીજ સુલોચનાના હાથમાં મૂકવા માંડી, પણ સુલોચનાએ તો એવી લાંચરુશવત કે ખુશામદની પરવા કર્યા વગર રડ્યે જ રાખ્યું. આખા ઘરમાં એકલો રવિ. મદદે પણ કોને બોલાવે? પડોશમાંની જમનાબેનને બોલાવી લાવવાનો એણે વિચાર કર્યો, પણ બીકમાં ને બીકમાં હજુ બારણું નહીં ઓળંગ્યું હોય ત્યાં પાછળ સુલોચનાએ એવી તો ભયંકર ચીસ નાખી કે અકળાતો-મૂંઝાતો તે પાછો ઘોડિયા આગળ આવી ઊભો રહ્યો.

પોતે એકલો હતો, પોતાના રડવાનો કશો અર્થ નહોતો, એ સમજીને જ રવિ રડતો ન હતો. બાકી રડવું તો ઠેઠ એના ગળા સુધી આવી પહોચ્યું હતું. એને આખે ડીલે પરસેવો વળી આવ્યો હતો અને ભયથી તે ધ્રૂજતો હતો.

'સુલુ, સુલુ,' ડૂસકતો ડૂસકતો તે સુલોચનાને મનાવી રહ્યો હતો, ત્યાં ઓચિંતું કશું એને યાદ આવ્યું. અને એ યાદ એની વહારે ધાઈ પણ ખરી.

એણે સુલોચના બહુ રડતી ત્યારે બા અને દાદીને એને ઘોડિયામાંથી ખોળામાં લઈ ઘૂંટણ પર ઝૂલાવતી જોઈ હતી. એણે પણ એને ખોળામાં લઈ લેવાનો ઈરાદો કર્યો. પહેલાં તો ઘોડિયામાંથી એને કાઢતાં આડું આવતું ઉપર લટકતું લાકડાનું ઝુમ્મર એણે દોરીમાંથી કાઢ્યું અને પછી મરડીમચડીને જેમ તેમ સુલોચનાને ઝોળીમાંથી કાઢી ખોળામાં લીધી. એના ભાર સાથે ઘૂંટણ પર ઝુલાવવા જેટલી તાકાત તેના પગમાં ન હતી, એટલે સુલોચનાને ગાલે કપાળે હાથ ફેરવતો ને બચીઓ ભરતો એ બરાબર જોઈને સાંભળી શકે એમ એની આંખો ઉપર ઝુમ્મર વગાડી રહ્યો.

અને સુલોચના ખરેખર રડતી બંધ થઈ ગઈ! બા કે દાદીમાના ખોળામાં એમ રડતી બંધ થઈ જતાં તેઓ 'લુચ્ચી ક્યાંની!' કહીને જે ઠપકો આપતાં એ ઠપકો પણ રવિએ તેને આપ્યો અને આંસુ વહેલા એના ગાલ પર તરી આવેલું સ્મિત એ કુતૂહલપૂર્વક નિહાળી રહ્યો.

> આટલા દિવસમાં આજે ભાઈબહેન એકલાં પડ્યાં. રવિએ પોતાની નિશાળમાં ગવાતી કવિતાઓ મોટો ઘાંટો પાડીને ગાઈ બતાવી. એને પા-પા પગલી કરાવતો બારણા સુધી લઈ ગયો અને પછી ત્યાં બેસાડી જોરથી બારણું પછાડવા લાગ્યો.

પછી ધીમે ધીમે ઘૂંટણ પરથી સરકાવી દઈ, જમીન પર સુલોચનાને બેસાડી એ ગંજીફો લેવા દોડ્યો. એ લાવી એણે ચાર મજલાનો મહેલ બનાવવા માંડ્યો, પણ એના કાચા પ્રયત્ને એ આખો નમી પડી તૂટી પડવાની તૈયારીમાં હતો ત્યાં તો બે હાથની ઝપટ મારી એણે જાતે જ પાનાં ઉડાડી મૂક્યાં ને તેમાંનાં થોડાંક ઊડી સુલોચના પર પડ્યાં. સુલોચના આ બધું જોઈને એવી તો કિલકિલાટ હસી પડી કે ન પૂછો વાત.

પછી તો પોતાની એક પછી એક કરામત તે સુલોચનાને બતાવતો ગયો અને સુલોચના તે પર પોતાની ખુશી વરસાવતી રહી. આટલા દિવસમાં આજે જ ભાઈબહેન આમ એકલાં પડ્યાં હતાં. રવિએ પોતાની નિશાળમાં ગવાતી કવિતાઓ મોટો ઘાંટો પાડીને ગાઈ બતાવી, એને પા-પા પગલી કરાવતો બારણા સુધી લઈ ગયો અને પછી ત્યાં બેસાડી જોરથી બારણું પછાડવા લાગ્યો. સુલોચના કશાથી નારાજ થતી ન લાગી.

હવે રવિને પ્રતીતિ થઈ કે ખરો વાંક સુલોચનાનો નહોતો. બા, બાપા ને દાદીમાના પોતાના પરના જાપ્તાનું સુલોચના તો માત્ર બહાનું હતી. ખરી રીતે તો સુલોચનાની મરજી જ એ સમજી નહોતાં શકતાં. આજે એ કેવી પોતાની સાથે રમી રહી હતી? એવી રીતે શું રોજ એને રમવાનું મન નહીં થતું હોય?

એણે ઘણી રીતે સુલોચનાની પરીક્ષા કરી જોઈ, પણ બધો વખત એ પોતાની ખુશી વરસાવતી જ રહી. પછી ધીમે ધીમે એની આંખો ભારે થવા માંડી. એને બગાસાં આવવા માંડ્યાં. થોડા કલાકમાં એની તમામ શુશ્રૂષા શીખી ગયેલા રવિએ બાળોતિયું પાથરી એના પર ધીમે રહીને સુલોચનાને સુવાડી દીધી. પડતા વેંત એ તો ઊંઘી ગઈ.


સુલોચનાની રડારોળથી ઊપજેલી પરેશાનીથી અને એને અંગે કરવી પડેલી દોડધામથી એને પણ થાક લાગ્યો હતો. એની પણ આંખો ભારે થવા માંડી ને એ પણ સુલોચનાની બાજુમાં જ જમીન પર આળોટી ગયો.

અને પછી બા ને દાદીમા બેસણેથી વળી આવતાં એમના અવાજે જાગી ઊઠેલા રવિએ હોઠ ઊઘાડ્યા કે પહેલું જ ફરમાન સાંભળ્યું:

'સિ... સ, સુલોચના જાગી જશે!' **મ**

## સુમન શાહ

# રેવતી



*કેન્દ્રીય સાહિત્ય અકાદમી પારિતોષિકવિજેતા સુમન શાહ વાર્તાકાર, પત્રકાર, વિવેચક, ચિંતક તથા અધ્યાપક છે. ડો. સુમન શાહની ગુજરાતીના પ્રાધ્યાપક તરીકેની કુલ કારકિર્દી ૪૨ વર્ષની આધુનિક અને અનુ-આધુનિક સાહિત્ય, સવિશેષે કથા-સાહિત્ય, એમના મુખ્ય રસવિષયો ૫૦ વર્ષથી ટૂંકીવાર્તાઓ લખે છે. ચાર વાર્તાસંગ્રહ પ્રકાશિત છે. 'ફટફટિયું' સંગ્રહને દિલ્હી અકાદમીનો એવોર્ડ અપાયો છે. ઇચ્છે છે કે પોતે ૨૦૦ વાર્તાઓ લખી શકે જેથી બે-એક વિશ્વસાહિત્યમાં બેસે એવી બની આવે...*

**C/o Purvarag shah**
**11606 N Dunmore Dr.**
**Dunlap 61525 ILL USA**
**+1 734-434-6850**
**suman.g.shah@gmail.com**

***૩૦ એપ્રિલની સાંજઃ યુનિ-કેમ્પસ. પિપ્પલ-પોઇન્ટ--વિસ્તરેલો પીપળ. ફરતે રાઉન્ડ ઓટલો.***

ડીયર?ડીયર!વી ગો; બાય! --પાછળથી રેવતીના બન્ને ખભે ફ્રેન્ડ્ઝ જયા-મહેશ વૃન્દા-સુરેશ હેમા-આશિષનીહથેળીઓ ભેગી હથેળીઓનું ઝૂમખું. દાબ આપતાંતાં--ટચ-બાય. ડૂબતા સૂર્યના કમજોર તડકામાં એમનાં હસવાં-ની છોળો ઊડતીતી. બધાંના દાંત ચમકે.હજી સુકુમાર આવેલો નહીં. રેવતી લેપ્ટોપમાં ખોવાયેલી હતી. બન્ને બાજુએ એનો વાદળી દુપટ્ટો ઝૂલતોતો. શું કરતી હશે? એ એય! પાછળ જો તો! છેલ્લું બાય-બાય નથી કરવું? રેવતીએ ડોક તાણીને પાછું જોયું. અરે, એને થયું, હુતુતુતુ તુ તુ રટતી મને પકડી લેવા રમેશ-વિજયા-પરિમલ-સુશી ધસેલાં એ પણ આવું જ ઝૂમખું હતું. ફળિયામાં હુતુતુતુ અમે છોકરા-છોકરી ભેગાં રમતાં. ટેરવાંના ઝડપી ઘસરકાથી મેં એ ચારેયને સામટાં આઉટ કરી દીધેલાં. ફ્રેન્ડ્ઝ રેવતીની સામે આવી ઊભાં --હસ તો! સ્માઇલ!સ્માઇલ ફેલાવીને રેવતી સૌને જોઈ રહી. મને ખબર, ત્યારે અરવિન્દ નોટ-આઉટ હતો, કેમકે ઝૂમખામાં ન્હોતો. મને ખબર, કેમ કે મારા સ્કર્ટનો સેલારો થયેલો ને તેથી જે દેખાય તે જોવામાં એ અટકી ગયેલો. અરવિન્દ મારો પ્હેલો પ્યાર. વરસો થઈ ગયાં. શરૂમાં જ સુકુમારે પૂછેલું, રેવતી, પ્હેલો પ્યાર ભુલાય નહીં, ખરું? હું કહેતીઃ ખરું, પણ અરવિન્દ તો તરતમાં જ ભૂલી ગયેલો! એનું શું? સુકુમાર, મને કમિટેડ રિલેશન્સ પરવડે છે. એ વરસોને અને એ અરવિન્દને મેં સાવ ભૂંસી નાખ્યાં છે; મારી સ્લેટ સાફ છેઃ ઠીક છે, પણ તારી રૂમમેટ અન્તરા, અન્તરાથી સ્લેટ નવેસર ખરડાઈ એનું શું? તું એની ગર્લફ્રેન્ડ છું એવું જે કહેવાય છે તે... જોતું લેસ્બિયન છું તો -- અરે યાર, અન્તરા તો ચાલી ગઈ અમેરિકા! શિટ્! અને આવી બધી વાતોનો મતલબ શો છે સુકુમાર, ઈફ યુ રીયલિ લવ મી...! એ કંઈ બોલેલો નહીં. જોકે ચામાચીડિયાનું બચ્ચું અથડાય એમ એક સવાલ અત્યારે રેવતીના મગજની દીવાલોમાં અહીંથી તહીં અથડાઇ રહ્યો છેઃ આજે આ છેલ્લા બાય-બાયની સાંજ છે, સુકુમાર અત્યારે આવે જ નહીં તો શું સમજવાનું? અને આ પ્રેગ્નન્સીનું શું કરવાનું? સવારે એને છેલ્લા પાટલાનું કહી ચૂકી છું. સારું છે, આ અંગે આ કોઈને મેં કંઈ કહ્યું નથી. અરે ઓ! ક્યાં ખોવાઈ ગઈ? હમણાં એની રાહ જો, પણ પછી ઈ-મેઈલ કરજો, ચેટ કરશું,સ્કાયપી પર મળશું. અફ્કોર્સ આઇ વિલ્લ, આઇ મીન, વી વિલ્લ. સી યુ. સી યુ. ખભા પરની લેપ્-બેગ્સ ને પીઠ પરનાં બેક-પેક્સને સરખાં કરતાં ફ્રેન્ડ્ઝ બધાં ચાલવા માડ્યાં. રેવતીને થાય, મેં અરવિન્દને ભૂંસી નાખ્યો... સુકુમાર મને ભૂંસી રહ્યો છે...?...મદદમાં અન્તરા પણ નથી...શું કરીશ...?...ઠીક છે...અત્યારે જોકે આ લોકોને મારે એક ફૉર્મલ પણ સારું બાય તો કરવું જોઈએ, છેલ્લું, જેને બાય-બાય કહી શકાય- મસ્તકને ઊંચે લઈ વેવ કરતી લ્હેકાથી બોલી, બાય-બાઆય...જોકે એની સામે ત્યારે મોટરબાઇકો ને

સાઈકલોથી ખીચોખીચ સ્ટેન્ડ સિવાયનું કોઈ હતું નહીં. આઘે ફ્રેન્ડ્ઝ બે-બે-ની જોડીમાં જુદી જુદી દિશામાં ફંટાતાં જણાયેલાં. સ્ટેન્ડમાં વાહનોનો સજ્જડ ખડકલો હતો. એમાં ગૂંચવાતી નજરને એ સામેનાં વૃક્ષો પર લઈ ગઈ ત્યારે માળામાં પાછાં ફરેલાં પંખીઓ કૂદાકૂદ કરતાંતાં. કલબલાટ મચેલો. દરેકને ઠરીઠામ થવાની ઉતાવળ હતી. સાંજ પછીનું સૂનું યુનિ-કેમ્પસ ઊતરતી રાતની ધૂંધળમાં બદલાવા લાગેલું. રેવતીને સતામણ થઈ. એ સપાટામાં ઊભી થઈ ગઈ.

*દસ કલાક પહેલાંઃ યુનિ-કેમ્પસ. પિપ્પલ-પોઈન્ટ-- વિસ્તરેલો પીપળ. ફરતે રાઉન્ડ ઓટલો.*

મારો ને અન્તરાનો સમ્બન્ધ, સુકુમાર, અનેક વાર કહ્યું છે, છેલ્લી વાર સાંભળી લે, તું કે તમે ફ્રેન્ડ્ઝ, ધારો છો એવો હતો જ નહીં! ક્યારેય નહીં! -- યસ બટ, કહ્યું છે મેં તને, યુ આર સીન કિસિન્ગ ઇચ અધરઃ હા, પણ ઇટ્ઝ રબિશ! અટર્લિ રબિશ! અન્કન્ડિશન્લ લવ,અન્કન્ડિશન્લ લવના લવારાથી વંઠેલાં તારાં જયા-મહેશ, વૃન્દા-સુરેશ ને હેમા-આશિષની એ ગંદી ફેન્ટસી છે મેન્ટલ પ્રોડક્ટ! ક્રેપ છે ક્રેપ! તું સુકુમાર, એમના જેવું વિચારી શકે જ શી રીતે!? અન્તરા મારી ફર્સ્ટ યરથી દોસ્ત, ખાલી દોસ્ત! સખી, સખી કહેવાય સખી! લેડીઝ હોસ્ટેલમાં એક જ રૂમમાં, અફ્કોર્સ ઑલ ધ યર્સ, ભેગાં રહેવાનો મીનિન્ગ એવો થોડો? જે હોય એ, મને અન્તરા નડે છે બકવાસ! તારું મગજ સડી ગયું છે સુકુમાર. એના બ્હાને તું એસ્કેપ શોધે છે, તારે છટકી જવું છે. બાકી મને હાંફ થાય છે, વધારે નથી બોલાતું, બોલવું પણ નથી. બીલિવ કર, પ્લીઇઝ; મારે કુંવારી મા નથી બનવું - ના! મારો એ દીદાર માર-ાથી નહીં સ્હેવાય! શરીરે કમ્પ છૂટે છે. હું ફફડવા લાગી છું. મેરેજ કરીએ સુકુમાર; સાંજે બાય-બાય વખતે કહીએ બધાંને, કે ઓય્યા, અમે પણ પરણીએ છીએ 'નો! એની શી જરૂર?' શેની, મેરેજની? 'હા' ધેટ મીન્સ સુકુમાર, તું હજી ત્યાંથી ખસ્યો નથી 'હા' વ્હોટ હા? 'યસ હા!' રેવતી ચૂપ રહી ગઈ. સુકુમારે પણ હોઠ સખતાઈથી ભીડી રાખ્યા... પીપળની છેક ઉપરથી મોસમી પવનો ઝપાટાભેર ભાગતા હશે... જોરદાર સુસવાટા સંભળાતાતા... પાનનો પટપટારો વધી ગયેલો... આઈ ઇલ્લ થિન્કઃ વ્હોટ થિન્ક?! હવે થિન્ક?! મારી જોડે સૂતાં ક્યાં ગયુંતું તારું થિન્ક? ત્યારે ન્હોતું નડતું લેસ્બિયન? તું સ્ટુપિડ, જોતો નથી આ આ? આનું મારે શું કરવાનું? રેવતીએ આંગળાં ઘોંચાય એમ પેટ પર હથેળીનો ઘા કરેલો. ને ક્રોધમાં સમસમતી નીચું ઘાલી ગયેલી. એને એમ કે હમણાં સુકુમાર સરખી વાત કરશે, એણે કરવી જ પડશે, કહેશે જ કે સાંજે આવું છું...પણ, એમ થયેલું નહીં.

મેં જોયેલું કે લેટ-મી સી કહીનેએ ચાલી ગયેલો. મને રેવતીના આ મામલાની બધી જ જાણકારી છે. એના મગજમાં ને હૃદયમાં શું ચાલતું હોય એ પણ કહી શકું છું. જોકે પણ મને એના લેપ્ટોપમાં ડોકિયું કરવાની તક નથી મળી. અને એટલે એમાં એ શું કરે છે એ નહીં કહી શકું.

બધાં ફ્રેન્ડ્ઝનું આ છેલ્લું વેકેશન હતું, એટલે કે, ભણવાનું પૂરું થયુંતું. ફરીથી ભેગાં થવાય એવી કોઇ શક્યતા હતી નહીં. એટલે ગોઠવેલું કે સાંજે પિપ્પલ પોઇન્ટેથી કાયમ માટે બાય-બાય કરવું. સુકુમાર પણ વતન ચાલી જવાનોતો, જયપુર.



વાત એમ હતી કે કેમ્પસમાં ફ્રેન્ડ્ઝનું આ ઝૂમખું ઓળખાઈ ગયેલું. મોસ્ટ સેક્સી કહેવાતું. એમટીવી વિડિયો બ્લુ ઈન્ટરનેટ સાયબર સેક્સ પોપ ડાન્સ પાર્ટીડ્રિન્ક ડ્રગ્સ નોનવેજસ્લીપ-ઓવર કે સ્લીપિન્ગ-ટુ-ગેધરમાંની કોઈ-ને-કોઈ વાતે બધાં ખૂબ બગડી ગયેલાં. સમ્બન્ધોમાં ભારે ઘાલમેલ હતી. અમુક ગાળામાં જયા આશિષ જોડે તો આશિષ હેમા જોડે, અમુક વીક લગી મહેશ વૃન્દા સાથે તો વૃન્દા સુરેશ સાથે, કે પછી ખાસ્સા સમય લગી હેમા સુરેશ સાથે જોવા મળે, ને પાછી, ન મળે. ગમે ત્યારે ગમે તે ગમે તેની જોડે જોડાઈ જતું, કે, નીકળી જતું. સૌમાં રેવતી જુદી હતી. કેમ કે રેવતી એમના પ્રકારના અન્કન્ડિશન્લ લવમાં માનતી નહીં. કહેતી, ફાવ્યું-ભાવ્યું તાં લગી બરાબર, પછી રામ રામ!? ના ચાલે!એવા અધ્ધરપધ્ધરિયા સમ્બન્ધોમાં મને વિશ્વાસ નથી. ધિક્કારું છું. એ કહેતી, લવ લફરું નથી, ફાઇનલ કન્ડિશન છે, લાસ્ટિન્ગ કમિટમેન્ટ છે. મરણ લગીની જવાબદારી. ને એટલે એમ પણ કહેતી, લવ હોય પછી બધું જ હોઈ શકે, હોવું જ જોઈએ. ને એમ, સુકુમાર જોડે એ સૂવા લગી વિકસી ગયેલી. એ રાતોમાં સુકુમારને શુંથી શુંયે ગણતી. ને એની સિવાયનાને,કશું જ નહીં! મેં જોયેલું, ભરાવા માંડેલા પેટને જોતાં એના ચ્હેરા પર મોગરાના નાના ફૂલ જેવું સ્મિત ફેલાઈ આવતું. કમોડ પર જરૂર ન હોય તો પણ બેસી રહેતી. બાથરૂમની શાહી ભૂરી ટાઇલ્સોની ઠંડકને તાક્યા કરતી. અરીસામાં ચ્હેરો એને વધારે સુન્દર દેખાતો. સન્તોષમાં ને સન્તોષમાં વાંકડિયા વાળની કોઈ લટને ક્યાંય લગી આંગળીથી રમાડ્યા કરતી.

વહેલી સવારે સુકુમારનો ફોન આવેલોઃ આઇ ફીલ વેરી સોરી. થોટ લોટ. તું અબોર્શન કરાવી લે. પ્રોબ્લેમ ખતમ! વેરી સિમ્પલ છે. બધાં કરાવી લે છે, નાવાડેઝ વેરી કોમન. રેવતીએ મોં મચકોડી અંગૂઠો દાબી ચાલુ ફોન કાપી નાખ્યો ને બેડમાં ફંગોટાઇ ગઈ.

ફેબ્રુઆરી બેઠો ત્યારથી ફ્રેન્ડ્ઝના ઝુમ્મરમાં બે-બેની ત્રણ જોડીઓ નક્કી થવા લાગેલી. 'હવેથી અમે બે એક,જયા-મહેશ' હવેથી અમે બે એક, વૃન્દા-સુરેશ 'હવેથી અમે બે એક, હેમા-આશિષ. નિર્ણય લેવાઈ ગયેલા કે પરીક્ષાઓ પતે પછી વેકેશનમાં ગણતરીના દિવસોમાં દરેક જોડી પરણી જશે, ને એમ,રંગરાગ ને છાકભર્યા અફેર્સનું સોશ્યલ કન્ક્લુઝન લાવશે. દરેકે દરેકનાં માબાપનેય જાણ કરી દીધેલી.રેવતી-સુકુમાર પણ મેરેજ લગી પ્હોંચવાં જોઈતાંતાં, પણ પ્હોંચી શકેલાં નહીં. મેં જોયેલું કે જેમ જેમ બાય-બાયનો દિવસ નજીક આવતોતો તેમ તેમ રેવતી વધારે ને વધારે અકળાતીતી. મેરેજની જરૂરત એની સામે એકદમ ચોખ્ખી થઈ ગયેલી. મગજના હર કોઈ માર્ગે પાલવમાં ઢબૂરેલા બચ્ચા સાથેની રેવતી, કુંવારી મા, સામે ને સામે આવીને એને કહેવા લાગેલી, પરણી જા.પણ સુકુમાર હાથ નહોતો આવતો, આઇ ઈલ્લ સી આઇ ઈલ્લ સી કર્યા કરતોતો.રેવતીનું મોઢું કહેતુંતું કે અંદર મૂંઝવણ ઘણી ઘોળાતી ચાલી છે.

*દસ દિવસ પછી'એર-ઈન્ડિયાની ફ્લાઈટ AI 128 11May Dep 2200 Terminal:3*

અત્યારે પ્લેનમાં રેવતી અમેરિકા જઇ રહી છે. નોન-સ્ટોપ નાઈટ ફ્લાઈટ છે. શિકાગો-ઓહેર પર અન્તરા એને રિસીવ કરવાની છે. બારી પાસે બેઠી છે, પણ મોં ચડેલું છે. ચિડાઈ છે, કેમ કે પોતાનો નમ્બર શોધી ત્રણની સીટમાં, કોઈ કાકા-કાકીની વચ્ચે, બેઠી કે તરત,કાકીએ એને ઉઠાડેલી - તું બેટા, જરા આમ આવી જઈશ...? કાકી વચ્ચે આવી ગયેલાં. રેવતી વિન્ડો-સીટમાં ખસી ગયેલી. મનમાં બબડેલી 'કાકાની જોડે થઉં એનો હાળીને વાંધો છે! ખૂસટ સાલી ગુજ્જુ! કચવાટમાં કાકા એને અમસ્તું જોતાતા ત્યારે રેવતીએ બારી ખોલીને બ્હાર જે દેખાય એ જોવા માંડેલું. એને થાય, દસ દિવસ તો કેટલા હેક્ટિક ગયા. પિપ્પલ-પોઇન્ટના ઓટલેથી ઊભી થઈ બરાબર એ જ ઘડીએ એના મોબાઇલમાં એસેમેસ ઝબકેલોઃ ડોન્ટ વેઈટ ફોર મી, આયેમ સોરી, રિચિન્ગ જયપુર, આઇઈલ્લ ટોક ઇન ડીટેઇલ, બાય...! ઓહ્ નો! આ માણસ સમજે છે શું, હેં? માય ગોડ! -- રેવતીથી ઓટલે ધબૂસ બેસી પડાયેલું, પણ તરત, તો ભલે બોલતી ઊઠેલી ને એક જીવલેણ દુખાવા સાથે લેપ્ટોપનું ઢાંકણ પછાડીને બંધ કરી ખભે બેગ ને પર્સ ભરાવી કેમ્પસના અંધારિયા રસ્તા ભેદતી રોડ પકડતી ટેક્સીમાં બેસતી સીધી રૂમ પર પ્હોંચેલી.

મને થયેલુંઃ હવે શું કરશે? મારે જાણવુંતું. હું જોતો રહ્યો.

રાત એણે પડખાં બદલી બદલીને વિતાવેલી. વ્હેલી સવારે સુકુમારનો ફોન આવેલોઃ આઇ ફીલ વેરી સોરી. થોટ લોટ. તું અબોર્શન કરાવી લેજે, પ્રોબ્લેમ ખતમ! વેરી સિમ્પલ છે, નોર્મલ, બધાં કરાવી લે છે, નાવાડેઝ વેરી કોમન. રેવતીએ મોં મચકોડી અંગૂઠો દાબી ચાલુ ફોન કાપી નાખ્યોને બેડમાં ફંગોટાઇ ગઈ. મોડેથી આંખમાંથી આંસુ પડવા લાગ્યાં ત્યારે

> ફ્રેન્ડ્ઝ બધાંને ઇ-મેઇલ કરીશ, લખીશ કે સુકુમાર આવ્યો જ નહીં-- દેશી બાયલો દગાબાજ! લખીશ કે લગનને બહાને ઇડિયટે મારી જોડે કેટલી હદની નાલાયકી કરી છે, કેવો તો નીચ છે, હલકટ! જોકે પણ... એ લોકો પ્રેગન્સીનું નથી જાણતાં...

સમજેલી કે ઉદાસીથી પોતે કેવી તો જડ થઈ ગયેલી. ત્રીજે દિવસે સવારે અમેરિકામાં રાત હોય ત્યારે અન્તરાને એણે ફોન કરેલો. ચોથે દિવસે ઓન-લાઇન ટિકિટ ખરીદેલીને અન્તરાને ફરી ફોન કરેલો.પાંચમા-છઠ્ઠા દિવસે કંઈ કરેલું નહીં, મેં જોયેલું કે લગભગ આખો વખત, બસ, લેપ્ટોપમાં ને લેપ્ટોપમાં હતી. સાતમા દિવસે ટેક્સી બોલાવી પર્સમાં પૈસા પાસપોર્ટ ને ટિકિટનું એન્વેલપ ખોસી માત્ર એક બેગેજ સાથે એ ઍરપોર્ટ પ્હોંચેલી... પણ, ઊભા રહો -- પેલાં કાકી કંઈક બોલે છે, 'તને બેટા, ખોટું તો નથી લાગ્યું ને?' 'ના' એવું છે કે, તારા અન્કલને ઝોકાં આવેને, પછી માથું ગમ્મે એ બાજુ ઢાળી દે; અંકુશ ના રહે! કાકીએ કાકાને અન્કલ કહ્યા એ રેવતીના ધ્યાનમાં આવ્યું, કે પછી, પોતાના ખભે અન્કલના માથાનો વિચાર આવ્યો -- બોલીઃ 'વાંધો શો અન્કલનો...? હા પણ, તોય' તોય શું? રેવતીએ પૂછ્યુંઃ થોડું ગમે...? ...રેવતીને બોલવુંતું પણ બોલી નહીં -- કે ગમતું તો તમને નથી કે કોઈ છોકરી તમારા વરની બાજુમાં બેસે! એ છોભીલી પડી ગઈ -- એને થાય, કાકો બચારો ઝોકાં ખાવાને આરે પૂગ્યો છે તોય આ હાળી...શું કામ જાપ્તો રાખતી હશે...? ધરાઈ નહીં હોય? ને અંકુશ! કયો? બારી બ્હાર જોતી એ વધારે ચિડાયેલી બેસી રહી. હજી પ્લેન ટેક-ઑફ્ફ થયું ન્હોતું. લાઈટો ફુલ્લ હતી.

એને સુકુમાર સાથેના કશા અંકુશ વગરની રાતો યાદ આવી. કેટલીક તો અખણ્ડ હતી. ક્યારેય ધરાતો ન્હોતો. હવે ધરાઈ ગયો નાલાયક! મારી જોડે સૂવુંતું એટલું સૂઈ લીધું! જયપુરમાં કોઈને પટાવી પાડશે. પરણી જશે ઈડિયટ! કશી લાજ આવી એને અબોર્શનનું ક્હેતાં...? હરામી માટે એક છૂપો માણસ -- સીઆઇડી જેવો -- હાયર કરું ને એનાં મા-બાપને, એની બ્હેનોને, ભાભીઓને, કાગળો મોકલાવું, લખાવું એમાં, સનસનતી ગાળો. ગંદા ફોનો કરાવું; બરાબ્બરનો પાઠ ભણાવવો છે, સાલાને. એવી વલે કરું, ખો ભૂલી જાય. ખબર પાડું કે એક સીધીસાદી છોકરીની જિન્દગી બરબાદ કરવાની સજા શું હોઈ શકે છે. મારો યુઝ કરીને હવે...?...ના ચાલે! સામો મળેને...લાફો ખેંચી કાઢું! બ્હાર જોતી રેવતી ફટાક વિન્ડો પાડી ઊભી થઈ કાકા-કાકીને ઘસાતી પેસેજમાં થઈ બધાંને અચરજમાં મૂકતી સામે આવતી ઍર-હોસ્ટેસને આઇ ઇલ્લ - બી બેક, બેક, બોલતી સિક્યોરિટીઝને ખસો ખસો -ના ઈશારાથી હડસેલતી દોડતી થઈ ઍરપોર્ટ છોડી ટેક્સી પકડી પિપ્પલ-પોઇન્ટના ઓટલે જ્યાં હતી ત્યાં પાછી પ્હોંચી -- ક્રોધમાં ટટ્ટાર ઊભી,સુકુમારને લાફો મારવા! કેવું સારું, જો એમ ખરેખર થઈ શક્યું હોત! બેટા શું થયું? કશું રહી ગયું? ના. તો આમ ઊભી કેમ થઈ ગઈ? બસ અમસ્તાં... તારી તબિયત તો સારી છે ને? જી. રેવતી પાછી બેઠી. કાકી એને ચિન્તાથી જોઈ રહેલાં ને કાકા એનો તાકીને તાગ લેતાતા ત્યારે ઍરહોસ્ટેસ, બેલ્ટ પ્લીઝ, સીટ અપ-રાઇટ પ્લીઝ, પ્લીઝ, કહેતી પસાર થઈ રહીતી.ખાસ્સું નીચું ઘાલીને કાકા બેલ્ટ બાંધી શક્યા. કાકી મથ્યા કરતાંતાં. ખીજવાઈને રેવતીએ, આમ કરાય, આમ, કહીને કાકીનો બેલ્ટ બાંધી આપ્યો. બરાબર એ જ ઘડીએ પ્લેન સરકવા લાગ્યું...કાકી ઊંચે હાથ જોડી, હે સીજીબાવા, સુખરૂપ પ્હોંચાડજે બાપા, એમ મોટેથી બોલ્યાં. આ સીટનું બેટા શું કરવાનું કહે છે? ઇચ્છા ન્હોતી છતાં રેવતીએ કાકીની, અને ખેંચાઈને કાકાની, બન્ને સીટો અપ-રાઇટ કરી આપી. પ્હેલી વાર જઈએ છીએ; ચિકાગોમાં દીકરાને ત્યાં; વહુની સુવાવડ કરવા; સોમ્બરમાં 'શોમ્બર્ગ' હા; તું બેટા ક્યાં જવાની? બસ ત્યાં જ - ક્હેતાં ઝીણું, પણ કડવું સ્મિત કરતાં રેવતીએ પોતાની સીટ અપ-રાઇટ કરી નેઝડપમાં અદબ વાળી લીધીઃ નવરાતરમાં બન્ને ઈન્ડ્યા આયલાં, ખાનગી દાક્તરે સોનોગ્રાફીમાં કહ્યું -- છોકરો છે. 'પ્હેલો છોકરો થઈ જાય એટલે નિરાંત; ખરુંક નૈં? જવાબ આપવાને બદલે રેવતીએ ઊંડો શ્વાસ લીધો ફેંક્યો ને આંખો મીંચી દીધી.

ફ્રેન્ડ્ઝ બધાંને ઈ-મેઇલ કરીશ, લખીશ કે સુકુમાર આવ્યો જ નહીં -- દેશી બાયલો દગાબાજ! લખીશ કે લગનને બ્હાને ઇડિયટે મારી જોડે કેટલી હદની નાલાયકી કરી છે, કેવો તો નીચ છે, હલકટ! જોકે પણ...એ લોકો પ્રેગ્નન્સીનું નથી જાણતાં...જણાવું...? જોકે તોય ફરક શો પડે...? એ બધાં પણ એમ જ કહેવાનાં, અબોર્શન કરાવી લે! એક જ ડાળનાં તો છે! ના, એમને નથી લખવું, ના, એમની જોડે હવેથી કંઈ નહીં. સુકુમાર જોડે પણ? કંઈ નહીં. સીઆઇડી? છિઃ! જે કંઈ બધું, હવે અન્તરા જોડે. એ હશે ને સાથમાં હશે વિશાળ ખુલ્લું

ચોખ્ખું અમેરિકા. બન્નેની સંગતમાં જીવી જવાશે. ને, અરે, ભૂલી, બચ્ચું પણ હશે જ ને...મજાનું...કેમ નહીં...

હવે પ્લેનમાં લાઇટ ડીમ હતું. ઠેકઠેકાણે પર્સનલ ટીવી ઓન થયાંતા. થોડી વાર પછી લાઇટ ફુલ્લ થયું, બધાંને ખ્યાલ આવી ગયો કે હવે ફૂડ સર્વ થવાનું. સૌનું જોઈને કાકા-કાકીએ પણ સામેની ચાંપો ફેરવી, ફૂડ-ટ્રે માટેનાં પ્લેટર પ-ાડ્યાં, ને ભોજનની રાહ જોવા લાગ્યાં. રેવતીની આંખો મીંચાયેલી હતી એટલે એનાવાળું પ્લેટર કાકીએ અવાજ થાય એ રીતે ખોલ્યું એને જગાડવા. ઓલ ઓફ યુ વેજ, ઓકે -? ઍર-હોસ્ટેસે ફૂડ-ટ્રેઝ વારાફરતી ગોઠવી આપી. તને બેટા, ફાવે છે વિમાનનું આ ખાવાનું? ફાવે છે. મને ન ચાલે, જરાય નહીં; એમને તો બધું ચાલે, જોને, કેટલા ઉતાવળા. હું કંઈ ઉતાવળો નથી! તું તારું સંભાર! રેવતીએ જોયું કે કાકા ચેંકાઈ ગયા. હું તો મારે સુખડીનાં ચકતાં ને વઘારેલા પૌંઆ-પાપડ લાવી છું, આ રિયાં - કાકીએ પગ પાસેની ઝોળી ઉપર લીધી ને ટ્રેની ચીજો ખસેડીને પૌંઆ-પાપડની ઠીક મોટી ઢગલી કરી, બાજુમાં ચાર ચકતાં ગોઠવ્યાં. એક ચકતું રેવતીને ધરતાં બોલ્યાં, લે, ચાખ. લઈને રેવતીએ ચકતું પોતાની ડિશમાં મૂક્યું. કાકા-કાકી ખાવામાં પડ્યાં. થોડી વારે રેવતીએ શરૂ કર્યું, પણ પછી અરધેથી છોડી દીધું.

***પાંચ કલાકની એકધારી બોરિન્ગ ઉડાન પછીઃ***

હવે પ્લેન મેક્સિમમ આલ્ટિટ્યુડ પર હતું. લાઇટો ઑફ્ફ હતી. આ છેડેથી પેલે છેડે દોરી જતા બે લાંબાલાંબા પેસેજથી વ્હેંચાયેલી ત્રણ-ત્રણથી વિસ્તરેલી બાર-બાર સીટોની આડીઆડી હારોમાં ઘડીભર ભેંકાર વરતાતો તો. કેમ કે પેસેન્જરો ઘસઘસાટ ઊંઘનાં પોટલાં હોય એમ ઢળી ગયાંતાં. જોકે કોઈ કોઈ ઠેકાણે પર્સનલ ટીવીના સ્મોલ સ્ક્રીન પર દશ્યોની મૂંગી ઝપાઝપી ચાલુ હતી. મેં જોયું કે રેવતી ઊંઘી નથી, પણ ત્રણની સીટમાં લંબાવાય એટલું લંબાવીને સૂતેલીછે -- કેમ કે સૌ પહેલાં પેશાબે ગયેલાં કાકી જાણી લાવેલાં કે પાછળ ઘણી સીટો ખાલી છે; કાકા એકલા પડેલા; રેવતીને એમ કે વાતોએ વળગશે; પણ એય, બેટા હુંય જઈને ઊંઘી જઉં કરતા ચાલી ગયેલા; રેવતીએ એમને, હસતાં, આ લેતા જાઓ, કહી એમની શોલ ને પિલો પકડાવેલાં; જોઈશે, મોડેથી ઠંડી લાગશે. કાકાએ ઝૂકીને આભાર કહેલું, બોલેલા, ભદ્રા પ્હેલેથી વ્હેમીલી

**અન્તરા એની ફોક્સવેગન બીટલમાં આવી. સેટર્ન-ચલો કલરની કાર. છટાથી ડ્રાઇવ કરી રહી છે. રેવતી બાજુમાં બેઠેલી છે. હું જોઉં છું કે મળ્યાની ખુશીમાં બંને એટલી ગરકાવ છે કે બોલી નથી શકતી. બંને થોડી થાડી વારે એકમેક સામે સ્મિત કરી લે.**

છે, મનમાં ન લાવવું, હું તો એને ગણતો જ નથી! રેવતી શું કહે? એનાથી સ્મિત થઈ ગયેલું.

સૂતેલી રેવતી સામે હવે પ્લેનની છત સિવાયનું કશું હતું નહીં. એટલું હતું કે આગલી બે સીટો વચ્ચેની ગલીમાંથી ટીવી-સ્ક્રીન દેખાઈ જતો, તો જોઈ લેતી. એમાં શાહરુખ ખાન અવારનવાર આંટાફેરા કરતોતો તે હવે કાજોલ સાથે કશું ગીત લલકારતોતો. અવાજ વગરના ગીતને રેવતી વિચારતી રહી. પ્લેનની સ્પીડ એટલી બધી હશે કે સાવ સ્થિર લાગતુંતું. રેવતીને થાય, પોતે જેમાં સૂતી છે એ પ્લેન અન્ધકારના સાગરમાં છે ને એમ જ પોતાનો ગર્ભ પણ પેટના અન્ધકારમાંછે -- રેવતીની જમણી હથેળી પેટ પર હતી. એ ગર્ભની સાઇઝ વિચારતીતી. શું થશે? કેમ કેમ થશે? કાકીને તો ખબર છે, છોકરો આવવાનો છે, પણ મને નથી ખબર,કે શું અવતરશે. જોકે છોકરો કે છોકરી, અન્તરાને તો બહુ જ ગમશે. લઈ લઈને ફર્યા કરશે, બચ્ચીઓ કરતાં થાકે નહીં. એની એ આદત. તે વરસે મને સુકુમાર મળી ગયો, એની જોડે મારું મન મળી ગયું, એ વાત કહી, તો મારું મોઢું પકડીને આ ગાલેથી આ ગાલે બચ્ચીઓ કરતાં થાકેલી નહીં, ફુદરડીભેર નાચેલી. એની એ આદત, પણ સુકુમાર અને એનાં એ ગંદા-ંઓ અન્તરાની બચ્ચીઓને શી રીતે ઓળખી શકે? બચ્ચી ને કિસનો ફર્ક, ગર્લફ્રેન્ડ ને સખીનો ફર્ક, એ ગંદાંઓ કેમનાં સમજવાનાં? સેક્સ ને બસ સેક્સ કરવા સિવાયનું જેમને કશું જ દેખાતું નથી એવાં ગંદાંઓને...? છટ્! ભૂલી જા! અન્તરા રિસીવ કરવા આવી હશે. જોકે આટલી બદલાયેલી હું એને ઓળખાઈશ ખરી? ત્રણ વર્ષ પર ઇન્ડિયા આવી ત્યારે હું એને રિસીવ કરવા ગયેલી. એકદમનાં ઓળખાઈ ગયેલાં. ચોક્કસ ઓળખાઈશ; કેમ નહીં? એકદમ જ બૂમ પાડશે, રેવતી...! ખભાથી બન્ને હાથને ફેલાવાય એટલા ફેલાવ્યા હશે ને મને એવા તો ભીડી દેશે, વળગેલી રહેશે, આંખોમાં જોયા કરશે, હસતી, ને પછી, બચ્ચીઓ...

સિગ્નલ લાઇટ કરીને રેવતીએ ઍરહોસ્ટેસને બોલાવીઃ હાઉ લોન્ગ ઇટ વિલ ટેક...? ઍટલીસ્ટ એઇટ અવર્સ. તો તો ઊંઘી જ જાઉં, એ મોટેથી બબડી, જો આવે તો - ઊંઘ.

***શિકાગોઃ ઓહેર ઍરપોર્ટઃ***

*11 May: Arr 0600 Ord Terminal: 5*

પ્લેન લેન્ડ થયું ત્યાં જ સીટ-બેલ્ટ છોડી બધાં આઘાંપાછાં થયાં, કેટલાંક તો ઊભાં પણ થઈ ગયાં, કોઈ કોઈ તો ઓવરહેડ અટેચીઓ ઉતારવા લાગ્યાં. બધા પેસેજીસમાં ભીડ ભીડ થઈ ગઈ. ઍર-ઇન્ડિયા હોય પછી... પાછળથી કાકા-કાકી આવી પ્હોંચ્યાં. રેવતી પણ ઊઠી થઈ ખભે પર્સ ભરાવ્યું ને આવજો કહેતી નીકળી ને લાઇનમાં ભળી ગઈ. સારું બેટા, મલી જસું કોક વાર; મારે તો વ્હીલચેર છે, ભઈલો લઈને આવશે પછી; વાર થશે. રેવતી બોલી,ખરી વાત, પણ મનમાં બબડી -- લુચ્ચી સાલી! માંદી તો કંઈ છે નહીં!

**શિકાગોઃ વે ટુ શોમ્બર્ગઃ ૧૧ મે, 'સવારના' ૭.૩૦ઃ**

અન્તરા એની ફોક્સવેગન બીટલમાં આવેલી. સેટર્ન-યલો કલરની ટુ-ડોર કાર. છટાથી ડ્રાઇવ કરી રહી છે.રેવતી બાજુમાં બેઠેલી છે.હું જોઉં છું કે મળ્યાની ખુશીમાં બન્ને એટલી તો ગરકાવ છે કે બોલી નથી શકતી. બન્ને થોડી થોડી વારે એકમેક સામે સ્મિત કરી લે છે. જોકે અન્તરા વિચારે છે કે નોન-સ્ટોપ ફ્લાઇટમાં રેવતી કેટલી તો થાકી છે. જોકે રેવતી જોયા કરે છે કે અન્તરાનું ક્રીમી સિલ્ક શર્ટ એને કેટલું તો શોભે છે - પાતળા મુલાયમ કોલરનો ખૂણો વળીને રિધમમાં સરસ પડી રહ્યો છે. અન્તરા, હું તને એક બહુ જ બહુ જ મોટું સર્પ્રાઇઝ આપવાની છું. હું પણ તને એક સર્પ્રાઇઝ આપવાનીછું, ભલે નાનું હોય; ઘર આવવા દે. આવવા દે; જોઉં છું. કારમાં અતિ ધીમા અવાજમાં કશું અનોખું સં ગીત ચાલુ હતું. લવન્ડર કલરની કાર-પર્ફ્યુમની બોટલમાંથી પણ એવી જ અણજાણ સુગન્ધી આવ્યા કરતીતી. શોમ્બર્ગમાં ખૂલેલો રળિયામણો રસ્તો બીટલની સ્મૂથ સ્પીડથી બન્ને બાજુએ વ્હેંચાતો વહ્યે જતોતો. રેવતીને થાય, પોતે કેટલી તો ખુશ થઈ રહી છે...

થોડી વારમાં સ્ટ્રીટ આવી ગઈ. અન્તરાએ ગરાજ-બટન દાબ્યું ને કારને હળવો ટર્ન આપીને રોજની જગ્યાએ પાર્ક કરી. તારી બેગેજ પછી લઇશું કહીને અન્તરાએ નોબ ઘુમાવી ડોર ખોલ્યું ને બોલી, વેલ્કમ માય ડિયર. રેવતીને એમ કે હમણાં ભેટશે ને બચ્ચીઓ કરવા લાગશે, પણ એમ થયું નહીં. ઘી-ની સુગન્ધ? હા, મેં તારા માટે રવાનો શીરો બનાવ્યો છે, બાકી અમે તો નથી ખાતાં 'અમે--?' અન્તરા કંઈ કહે એ પ્હેલાં દાદર પરથી ઊંચો હટ્ટોકટ્ટો એક બ્લેક જુવાન ઊતર્યો અને ઊભો. એના હોઠ જાડા, પણ લાલ હતા. જીન્સ અને બાંય વિનાના બાંડિયામાં હતો. કસીને બાંધેલા વાળની અમ્બોડી વાળેલી. જોનાથન, રેવતી; રેવતી, જોનાથન. હાઉ ડુયુ ડુ? શેકહેન્ડ માટેના જોનાથનના હાથમાં રેવતી પોતાનો હાથ મૂકતીતી તે જ વખતે એણે સાંભળ્યું - માય બોયફ્રેન્ડ. રેવતીનો હાથ ઢીલો થઈ લબડી પડતોતો તે એણે ઊંચે તો લીધો, આયેમ ફાઇન બોલી પણ ખરી, પણ ત્યારે એને થયું, પોતાથી ગબડી પડાશે. મારું સર્પ્રાઇઝ આ છે રેવતી, કે નેક્સ્ટ વીકેન્ડમાં અમે પરણીએ છીએ; તું પણ આવેલી છું; કેટલું સરસ! તારું બોલ. હું જરા ફ્રેશ થઈ આવું? અફકોર્સ! કમ વિથ મી. અન્તરા રેવતીને ટોઇલેટ ભણી દોરતીતી ત્યારે રેવતી પોતાની બેગેજ ઘસડતી ઘરમાંથી ભાગતી સ્ટ્રીટ છોડતી શિકાગો-ઓહેરથી ઍરઇન્ડિયાની નોન-સ્ટોપ ફ્લાઇટ લઈ ઇન્ડિયા જઈ ટેક્સી પકડી યુનિ-કેમ્પસના પિપ્પલ-પોઇન્ટે ઓટલા પર ધબૂસ બેસી પડેલી! સારુ થાત, જો એમ ખરેખર થઇ શક્યું હોત! બાકી ટોઇલેટમાંથી એને બોલવુંતુંઃ અન્તરા, આવ, જો, આ રહ્યું મારું સર્પ્રાઇઝ... પણ રેવતી ત્યાં સુન્ન બેસી રહી. બ્હાર આવ્યા પછી બોલી, રિયલી સ્પીકિન્ગ, આઇ ડોન્ટ હેવ એની સર્પ્રાઇઝ અન્તરા, આઇ વોઝ જસ્ટ કિડિન્ગ! 'ખરેખર?રિયલિ?' ખરેખર...રીયલિ...


રેવતીનો હાથ ઢીલો થઈ લબડી પડતોતો તે એણે ઊંચે તો લીધો, આયેમ ફાઇન બોલી પણ ખરી, પણ ત્યારે એને થયું, પોતાથી ગબડી પડાશે. મારું સરપાઇઝ આ છે રેવતી, કે નેક્સ્ટ વીકેન્ડમાં અમે પરણીએ છીએ; તું પણ આવેલી છું; કેટલું સરસ!


***૨૦ મે-ની સાંજઃ***

અન્તરા-જોનાથનનાં વેડિન્ગ એટેન્ડ કરીને રેવતી ઇન્ડિયા પાછી ફરી છે. એ જ યુનિ-કેમ્પસ. એ જ પિપ્પલ-પોઇન્ટ. એ જ રાઉન્ડ ઓટલો. ત્યાં જ બેઠેલી છે. ડૂબતા સૂર્યનો એવો જ કમજોર તડકો છે. કોઈ આવ્યું નથી, કોઈ આવનાર નથી. કશું કોઈને કહેવું નથી, કોઈ સાંભળનાર નથી. એ જ લેપ્ટોપમાં એવી જ ખોવાયેલી છે, બન્ને બાજુએ એ જ વાદળી દુપટ્ટો એવો જ ઝૂલતો છે. શું કરતી હશે? નહીં કહી શકું. મેં કહ્યું તો છે, મને એના લેપ્ટોપમાં ડોકિયું કરવાની તક નથી મળી. જોકે એ જ લેપ્ટોપ નીચે એક ગર્ભ વિકસી રહ્યો છે એટલું તો કહી શકું છું. જોકે એટલું તો હર કોઈ કહી શકે છે...! બાય! **મ**

*(જોડણી લેખકની)*



ઊજમશી પરમાર (વાર્તાકાર-કવિ). ૧૯૬૩થી વાર્તાપ્રકાશન શરૂ. કુલ ૪ વાર્તાસંગ્રહ પ્રકાશિત, તેમાંથી બે એવોર્ડથી સન્માનિત. ૧૯૭૦માં સંદેશ સુવર્ણચંદ્રક શ્રેષ્ઠ વાર્તા માટે. લોકકળાઓ અને જૂનાં ફિલ્મગીતોમાં પણ ઊંડી દિલચસ્પી.

**૭૫, સમરથનગર, હાંસોલ, અમદાવાદ-૩૮૨૪૭૫**
**મો. ૯૯૨૪૧૯૭૮૧૮**

## ઊજમશી પરમાર

# સાંઢ

હરનામને ઘણી વાર એ નથી સમજાતું કે યુવાન સ્ત્રી-પેસેન્જરોને તેના સિવાય બીજા કોઈ રિક્ષાવાળા કેમ નથી દેખાતા? ચાર-પાંચ ખાલી રિક્ષાઓ વટાવીને પણ તેઓ તેના સુધી કેવી રીતે ખેંચાઈ આવે છે! તેઓ તેની પાસે આવે ત્યારે તેને અચૂક બગાસું આવે છે. તેના ચહેરા પર પણ ભારોભાર કંટાળો છવાઈ જાય છે અને હોઠ પર પણ જાણે ટેપ કરીને રાખ્યો હોય એવો એકનો એક જ જવાબ આવે છે.

'વરધીની રિક્ષા છે, પેસેન્જર આવે છે.'

બીજા રિક્ષાવાળાઓ પણ તેનો આ અણગમો જાણી ગયા છે, એટલે ખાસ તેને ચીડવવા જ તેઓ સ્ત્રી-પેસેન્જરોને વીણી-વીણીને તેની તરફ ક્યારેક ક્યારેક મોકલતા રહે છે, પણ આજે તો તેઓ આવું ટીખળ કરી કરીને કંટાળ્યા. 'એ તો પેસેન્જર લેતો નથી ને આપણેય પેસેન્જર જતું કરવું પડે, બસ, હવે બહુ થયું.'

પછી આવીને તેઓએ તેની રિક્ષા પર અડિંગો જમાવ્યો, રણજિતે તેના ખભે ધબ્બો મારીને તેને પાછું ચીડવવાનું શરૂ કર્યું,

'અરે ભલા માણસ, અમે પેસેન્જર જતાં કરીને તને મોકલીએ અને તું બધાંને ના પાડીને કેમ પાણી ફેરવે છે?'

'બસ, મારી મરજી.'

'પણ કંઈ કારણ? પહેલાં તો તું સામે ચાલીને તેમના માટે અધીરો થઈને સામે લેવા દોડતો. એક વાર તો અમે તને ગણગણતાંય સાંભળ્યો હતો,

'મદભરે નૈન શરાબોંવાલે,
રસભરે હોંઠ ગુલાબોં-વાલે...'

ને તેમનાં મોઢાં પણ ધારી ધારીને જોયા કરતો. હવે સામે જોવાની વાત તો ઘેર ગઈ, ભૂલેચૂકે જોવાઈ જાય તોય પાંપણો કશાક ભારથી નીચે ઢળી પડે છે, આવું કેમ?'

કંઈક કહેવા માટે હરનામના હોઠ ખૂલવા જતા હતા, પણ સામેથી જુમ્મનચાચાને આવતા જોઈને પાછા ભિડાઈ ગયા. રઝાકે કહ્યું,

'અરે જુમ્મનચાચા, તમારે નમાજનો સમય થઈ ગયો, ચલો



જલદી, હું પણ તમારી પાછળ જ આવું છું.'

જુમ્મનચાચા પણ જુવાનિયાઓની આ ચાલ સમજી ગયા ને મૂછમાં હસતાં હસતાં મસ્જિદ તરફ રવાના થઈ ગયા. હરનામને એ દિવસો યાદ આવ્યા, ત્યારે તેને પોતાને તે માનવામાં જ ન આવ્યું કે તે કેવી રીતે બાઘાની જેમ સ્ત્રી-પેસેન્જરોને રઘવાયા ઢોરની જેમ તાકી તાકીને જોઈ રહેતો હતો. હા, એ તો માનવું જ પડે કે આજનો હરનામ પણ તે પોતે હતો અને તે દિવસોનો હરનામ પણ તે પોતે જ હતો. પેસેન્જર મળે કે ન મળે, ખાલી રિક્ષા પણ તે દોડાવતો જ રહેતો. સોસાયટીની સોસાયટીઓ કંઈક કંઈક ફ્લેટ તેણે ફેંદી માર્યા હતા, પણ તેને જે ચહેરાની ગોત હતી, તે જો તેને મળી ગયો હોત તો તેણે આડેધડ ફૂંકી મારેલા ડીઝલના પૈસા કંઈક લેખે લાગ્યા હોત.

> કુશળ ચિત્રકારની જેમ તેણે મનના કેન્વાસ પર સ્મૃતિમાં સચવાયેલી કોઈક રેખાઓ આંકવાનો મરણિયો પ્રયાસ કર્યો. કેટકેટલાં ઝાંવાં નાખ્યા પછી છબિ જાણે દોરાઈ ગઈ. છબિ સોએ સો ટકા સાચી અને સંપૂર્ણ હોવાનો દાવો તે કરી શકે તેમ નહોતો.

તેને ખબર નહોતી કે શહેરમાંથી પરાવિસ્તાર તરફ જતા રસ્તાઓના કંઈક કંઈક વળાંકો, સોસાયટીઓનાં પાટિયાં કે ખાસ તો જે એપાર્ટમેન્ટના જે ફ્લેટમાં તેને તે દિવસે જવાનું થયું હતું; તેનાં નામ કે નંબર ધ્યાનથી જોવાની તેણે ખેવના કરી નહોતી, તે બદલ આટલું બધું પસ્તાવાનો વારો આવશે.

તે સ્ત્રીની વર્ણાણૂકે હવસની સાથે સાથે એવો કંઈક ભય તેના મનમાં પેસાડી દીધો હતો કે એવી કોઈ પણ જાતની ચોકસાઈ કે ચીવટ રાખવાનો તેને મોકો જ નહોતો મળ્યો.

તે ચહેરાની એવી કઈ વિશેષતા હતી? એક કુશળ ચિત્રકારની જેમ તેણે મનના કેન્વાસ પર સ્મૃતિમાં સચવાયેલી કોઈક રેખાઓ આંકવાનો મરણિયો પ્રયાસ કર્યો. કેટકેટલાં ઝાંવાં નાખ્યા પછી છબિ તો જાણે દોરાઈ ગઈ, પણ તે છબિ સોએ સો ટકા સાચી અને સંપૂર્ણ હોવાનો દાવો તે કરી શકે તેમ નહોતો.

આમાં તો ઘણી ભળતીસળતી રેખાઓ ઘૂસી ગઈ હોઈ તેમ લાગે છે. હોઠની, નાકની, કપાળ કે હડપચીની અને આંખોની અમુક અમુક રેખાઓમાં તો તેની માનીતી નટીઓ કુલદીપકૌર કે નિગાર સુલતાનાની રેખાઓ પણ સેળભેળ થઈ ગઈ લાગે છે. આવું ન થાય તો જ નવાઈ, કેમ કે તેણે તેને રાતના અંધારામાં જોઈ હતી, અને જ્યારે ત્રુટક-ત્રુટક રેખાઓમાં વચ્ચે જોડાણ કરવાનાં આવે ત્યારે તે જોડાણોમાં મનપસંદ વ્યક્તિઓના અણસાર આવી જવાની પૂરી સંભાવના હોય છે.

તે વખતે તેને ક્યાં ખ્યાલ હતો કે તેને યાદ રાખવાની મથામણ કાયમ ખાતે ખીલીની જેમ તેના માથે ખોડાઈ જવાની છે.

વશીભૂત થયેલા આખલાની જેમ તે સ્ત્રીના આલીશાન ફ્લેટમાં વૈભવી ડબલ બેડ પર તે સ્ત્રીની ધસમસ કામેચ્છાને તે પૂરી કરી રહ્યો હતો, ત્યારે પૂરેપૂરું અજવાળું ભલે નહોતું, પણ ડીમલાઇટ તો હતી, પણ તેનો ચહેરો જોવાની, ખાસ તો ધારીને જોવાની સૂધ તેને ક્યાં રહેવા પામી હતી!

બળવત્તર કામોન્માદની સાથે ભીતિ પણ તેની ચોમેર ભરડો લઈ રહી હતી કે ગમે તે ઘડીએ કોઈ ને કોઈ આવી ચડશે. તેનો પતિ, તેના સ્વજનો અને જો બાઈ બ્લૅકમેઇલર હોય તો તેની ટુકડીના બીજા સભ્યો... તો પછી ક્યાંક પેન્ટના ગજવામાં ઠસોઠસ ભરેલી આખા દિવસની કમાણી ગુમાવવાનો વખત ન આવે. એનોય બહુ વસવસો નહીં, બીજા કમાઈ લેવાશે, પણ હાથપગ ભાંગવાનો કે જાનથી હાથ ધોવાનો વખત ન આવી જાય.

ફ્લેટમાંથી બહાર નીકળતી વખતે તે સ્ત્રીએ તેના હાથમાં કંઈક કાગળ જેવું પકડાવ્યું તે તેણે ચૂપચાપ ઝટઝટ ગજવામાં ઠૂંસી દીધું, કેમ કે બહાર સીડીમાં કોઈ પણ સામે મળે. નીચે આવીને રિક્ષા હંકારીને ખાસ્સે દૂર આવ્યા પછી તે કાગળનો ડૂચો ગજવામાંથી કાઢીને થાંભલાની બત્તીના અજવાળે તેણે જોયો, ત્યારે તેની આંખો ફાટી રહી ગઈ, પાંચસો રૂપિયાની નોટ!

'પૂરા પાંચસો રૂપિયા!'

પાછું વળીને જોયું, પછી રસ્તાની બેય બાજુનાં સ્થળોનું નિરીક્ષણ કર્યું.

આ તો જાણે બરાબર, પણ આની પહેલાં કેટલાં વળાંક, કેટલી સોસાયટીઓ અને કયો ફ્લેટ... પછી રહેતે રહેતે આમાં 'કેટકેટલા ચહેરા' પણ ઉમેરવાનું થયું અને કેટકેટલા ચહેરામાં 'કયો કોઈ એક ચહેરો' પણ સાથોસાથ જોડાઈ ગયું.

હરનામની વાત સાંભળીને બધા દંગ રહી ગયા. 'અરે ભલા માણસ,' રણજિત તેની સામે આંખ મીંચકારીને ખંધું હસ્યો, 'તારે અમને તેના સુધી ન લઈ જવા હોય તો કંઈ વાંધો

નહીં, તમતારે તું એકલો ભલે જલસા કર, પણ આમ સ્થળ કે ચહેરો ભૂલી જવાનું નાટક ન કર. આવું માણસ ભલે અમાસની કાળીડિબાંગ રાતે મળ્યું હોય, તોય સો માણસોમાંથી તેને નોખું તારવી લેવાય.'

રઝાકે કંઈક જુદી જ રીતે વાતમાં સૂર પુરાવ્યો, 'હવે જે થવાનું હતું તે થઈ ગયું. સપનું માનીને ભૂલી જવાનું. રાઈના પ્હાડ રાતે ગ્યા! રાખવાની હતી ત્યારે તકેદારી રાખી નહીં, હવે વસવસો કર્યે શું ફાયદો?'

'પણ એક વાત છે યાર,' રણજિતે મોં બગાડ્યું, હવે તો ઝખ મારીનેય મન મનાવવું જ રહ્યું કે ભાગતા ભૂતની ચોટલી ભલી. બાકી હરનામ, જો મને પૂછે તો કહું કે તારી સાથે ભયંકર છેતરપિંડી થઈ ગઈ. ફક્ત પાંચસો રૂપૈડીમાં તું ગણતરીની ઘડીઓમાં આખેઆખો વેચાઈ ગયો! આવો હટ્ટોકટ્ટો રૂડો રૂપાળો સાક્ષાત્ કામદેવ જેવો સાડીબાવીસ વરસનો છેલછબીલો કાચોકુંવારો ભલે છળમાં લપટાઈ ગ્યો, પણ એટલું તો ભાન રહેવું જોઈએ ને કે છળ આચરનાર છબીલી છે કોણ? અત્તોપત્તો શું છે, તેની ગાંઠે કેટલુંક ગરપ છે, અને તેના મધપૂડામાંથી કેટલુંક મધ નિચોવી શકાય તેમ છે?'

'હા, હરનામ,' રઝાક થોડો ઉદાસ થઈ ગયો.

'તું જરા વિચાર કર, પેટનો ખાડો પૂરવાની આ રોજની હાયવરાળો, પેસેન્જરો સાથેની માથાઝીંક, પોલીસવાળાની હેરાનગતિ, એ બધું જ એકીઝાટકે એક્કોરે હડસેલી દેવાતાં કેવડો મોટો દલ્લો તેની પાસેથી સેરવી લઈ શકાયો હોત! ભલે એકીસાથે નહીં ને કટકે કટકે, પણ જિંદગીની બધી જંજાળોનો એકદમ અંત આવી જાત કે નહીં? એ કોઈ સામાન્ય મધ્યમવર્ગીય ગૃહિણી તો નહીં જ હોય, કેમ કે પાંચસો રૂપિયા એના માટે આમ એકદમ આપી દેવા જેવી રકમ નથી હોતી, તેને પૈસાની ભારે છૂટ હોવી જોઈએ. ફ્લેટનું અને ડબલ બેડનું તું જે વર્ણન કરે છે, એના પરથી તો તે કોઈ આસામી વ્યક્તિ હોવી જોઈએ. તેના જેવીના હાથખરચમાંથીય આપણા જેવાનું ભારે કલ્યાણ થઈ જાય.'

રઝાક અને રણજિત તો રિક્ષાઓ લઈને ફેરા કરવા જતાં રહ્યા, પણ હરનામને ચક્કર ચક્કર ફરતા ભમ્મરિયા વમળમાં હડસેલતા ગયા.

'ચહેરાનો જ પૂરો અણસાર
નથી આવતો ત્યાં, હા,
દેહવળોટનો આછો પાતળો
ખ્યાલ છે, પણ આવડા મોટા
શહેરમાં એવો દેહવળોટ
ધરાવતી કેટકેટલી રમણીઓ
હાલતાં સામે મળે, માનોને
કે દરિયામાંથી એક સોય
ગોતવા જેવું, બહું અઘણું છે

'રઝાક અને રણજિતને ભલે ઓછા પડતા હોય, પાંચસો તો પાંચસો, એ પણ નાની રકમ તો નથી, અને આમાં આપણે ક્યાં ઘસાઈ ગયા? ટાઈમપાસનો વળી ટાઈમપાસ ને રોકડીની રોકડી! અને રઝાક કહે છે તેમ જો તે બહુ માલદાર હોય તો તો પૂછવું જ શું? પછી આ ઠાચરા જેવી રિક્ષા શું કામ ઢસડ્યે રાખવાની? ગાડી જ... અરે ભલા માણસ, પછી તો રિક્ષાય શું કામ ને ગાડી કે ટેક્સીય શું કામ? કુબેરનો ખજાનો હાથ લાગતો હોય, તો પછી પાવલી ને અધેલા શું ગણવાના?

પણ તેને હવે ગોતવી ક્યાં? ખાટલે મોટી ખોડ, પાછો એનો એ સવાલ મોં સામે આવી ઊભો.

'ચહેરાનો જ પૂરો અણસાર નથી આવતો ત્યાં, હા, દેહવળોટનો આછોપાતળો ખ્યાલ છે, પણ આવડા મોટા શહેરમાં એવો દેહવળોટ ધરાવતી કેટકેટલી રમણીઓ હાલતાં સામે મળે, માનોને કે દરિયામાંથી એક સોય ગોતવા જેવું, બહુ અઘરું છે ભાયા... બહુ અઘરું...!'

અરે આમ હારી ગ્યે નહીં હાલે, અડસટ્ટે અડસટ્ટેય કંઈક ગોત તો કરવી જ પડશે. જુઓને, આ સર્કલ આગળ આવીને પાંચસોની નોટ બહાર કાઢેલી, તેની આગળ જતાં ડાબા હાથે, પછી સીધા હંકારી જવાનું, પછી જમણા હાથે..., અરે નહીં ડાબા હાથે..., ડાબા કે જમણા...? જમણા કે ડાબા? અરે ભગવાન, ઓ રહ્યું પેલું કોમ્પ્લેક્સ, ને ઓ સીડી ચડતાં પહેલા, બીજા અને ત્રીજા માળે જમણી તરફનું પહેલું જ બારણું... ચોક્કસ...!'

'હલ્લો પોલીસ સ્ટેશન? અહીં એક ગાંડો વાવાઝોડાની જેમ ધસી આવીને અમારા ફ્લેટમાં ઘૂસી ગયો છે ને વળી ડબલ બેડમાં એવો તો આળોટવા લાગ્યો છે ને કાનના પડદા ફાટી જાય એવા અઘોર અવાજે અટ્ટહાસ્ય કરે છે, બસ, એક જ રટ લગાવી છે કે બસ, આ જ ફ્લેટ છે, બીજો હોય જ નહીં...! અને સાહેબ, તેને ઘરમાંથી બહાર કાઢવો એ અમારા વશની વાત નથી. ભાઈસાહેબ, ઘરમાં અમે ડોસા-ડોસી બે જ રહીએ છીએ ને આ તો છે માતેલા સાંઢ જેવો. જલદી આવો સાહેબ, અમારી મદદ કરો, અમારું સરનામું છે...!' **મ**





*જન્મ તલસાણા, તા. ધંધુકામાં. નવી વાર્તાનાં સિદ્ધહસ્ત વાર્તાકાર; એમ. એસ. યુનિવર્સિટી, વડોદરામાં વ્યાખ્યાતા. ‘આકાશની એક ચીસ’ વાર્તાસંગ્રહ પ્રસિદ્ધ થયો છે.*

***૧૯ હરીશનગર સોસાયટી***
***કાશીબા ચિલ્ડ્રન હોસ્પિ.***
***પાસે કરોલી બાગ, વડોદરા***
***૧૮ મો. ૯૪૦૯૫ ૬૫૦૦૫***
***pannatrivedi@yahoo.com***


## પન્ના ત્રિવેદી

# રા’ણ કૂકડી

રોજની જેમ આજે સવારે પણ મહોલ્લાએ હો-હા કરી મૂકી - કોઈ કોઈ ઘરમાં ભગવાન ભાગી જતાં ઝીણા-તીણા-ખોખરા અવાજની ઘંટડીઓ વાગી ઊઠી. રસોડામાં વાસણોની લે-મૂક, પડવા-ઘસવાની ને નહાતી વખતે ખાલી થતી જતી ડોલના તળિયે અથડાઈને ઘસાતા ટમ્બલરના અવાજો એકમેક સાથે હરીફાઈમાં ઊતર્યા હતા. સાંકડી શેરીમાં શાકભાજી વેચનારાની ‘લીલી લીલી’ બૂમો આંટાફેરા કરતી હતી. કોઈક આંગણે કાટ ચઢી ગયેલાં તબડકાંમાંના તાજાં ફળો જોખાઈ ગયા પછી એક પલ્લાના ખોળામાં બીજા પલ્લાને બેસાડી સંકેલાતું ત્રાજવું એકાદ ચીસ પાડી મૂંગું થઈ ગયું હતું. ક્યાંક સાસુપુરાણ ચાલતું હતું તો ક્યાં વહુપુરાણ.. એ સિવાય પણ જાત જાતનાં પુરાણો ધીમા મોટા અવાજે વણથંભ્યા સંભળાતા હતા. ક્યાંક કપડાંની ધબાધબી તો ક્યાંક કજિયાળાં છોકરાઓની પીઠ પર ટપાટપી થતી હતી. ‘દૂધ’ ‘દૂધ’ની બૂમોને બદલે હવે ‘ઢક્’... ‘ઢક્’... કરતું આવતું ફટફટિયું પહેલા ઘેર ઊભું રહી ગયું ને વાસણ ભેગી ‘ક્યાર્ડ’ લઈ નીકળી પડેલી સ્ત્રીઓ કીડીઓની જેમ ટોળે વળી ગઈ. સામે ઓટલે શાક કાપતાં કાપતાં, પોતાની કુટેવ મુજબ લોકોને છેક ઉપરથી નીચે લગી માપતી રહેતી હીરીની નજર આવતી-જતી કેટલીય આંખો સાથે મૂંગી મૂંગી ઝઘડી રહી હતી.





ધાની, ઉપરના ઓરડાની લાકડાની બારી ખોલી જોઈ રહી હતી. મહોલ્લાના એક છોરથી બીજા છોર સુધી ટેવવશ ડોકિયાં કરી લીધાં. થોડી વાર સુધી અવાજો જંપી જવાની રાહ જોઈ ને પછી લાગ જોઈને ખભે પર્સ ભેરવી સડસડાટ દાદર ઊતરી પડી.

નીચે ઊતરી ત્યાં સુધીમાં તો બે-ત્રણ જણાં બહાર આવી ગયાં હતાં. ધાનીએ ઉતાવળે ઉતાવળે ચાલવા માંડ્યું. એણે પાછળ જોયું; ઊભેલાંની આંખો ચોંટી જ પડી હતી પોતાને!

પરસેવો વળવા લાગ્યો. સવારના સૂર્યનો તડકો કૂણો હતો તોય માથે કોઈ જલદ જ્વાળામુખી ઊંચકીને ચાલતી હોય એવું લાગતું હતું. બાફ થતો હતો. શ્વાસ લેવાતો જ નહોતો જાણે. મોં ઘડીએ ઘડીએ ઊઘડી જતું હતું. હવાની એકાદ લહેરખી માટે વલખાં મારતી ધાનીએ છેવટે ખુલ્લા મોંએ જ શ્વાસ લેવા માંડ્યો. તેથી એના હોઠ પાસેનો બુરખાનો ભાગ ભીનો ભીનો થઈ ગયો. અંદર થોડું ઠંડું ઠંડું લાગ્યું, પણ એને એ ગમ્યું.

સાંકડી શેરીમાં સડસડાટ ચાલી જતી ધાનીના પગ સલવાર ભીતર થરથર કાંપતા હતા અને છેવટે એ જે અવાજથી ફફડતી હતી. આટલી... તે અવાજ કૂતરાંની જેમ પાછળ પાછળ આવ્યો - 'રા'ણ કૂકડી... રા'ણ કૂકડી... રા'ણ કૂકડી...'

ધાનીએ પાછળ વળીને જોયું. તોફાની મુનિયાની એ જ ગેંગ હતી, જે રોજ ગમ્મે ત્યાંથી પોતાને જોઈ લેતી. આજે તો પગમાં સ્લીપર વિના જ નીકળી પડ્યા હતા. છોટુના એક હાથમાં સાઈકલનું ટાયર અને બીજા હાથમાં લાકડાની ડંડી હતી. ધાનીને જોઈને બધાં એકીસાથે હસી પડ્યાં. ધાની બરાડી ઊઠી; 'તમારી માના... ઊભા રહો. આવું છું ગધેડીનાઓ... કહું છું તમારી માઓને... ઊભા રહો...'

કોઈ ઉપર ધાનીના શબ્દોની કંઈ જ અસર ન થઈ. ઊલટું, લલિયાએ તો અંગૂઠો બતાડતાં કહ્યું; 'હેં... જા... અબ્બી જ કે'... મા જ કહે છે તને... એ... કૂકડી ચાલી... એ રા'ણ કૂકડી નીકળી....'

ધાનીનું હૃદય થડકારો ચૂકી ગયું જાણે. પણ તરત સંભાળવાનો ડોળ કરતી બરાડી: 'આ જ સંસ્કાર તમારી માયુના... પછી ફાટી જ નીકળે ને સાલાંઓ... કૂવામાં હોય તે હવાડે આવે ને... પણ આજ તો ઊભા જ રે'જો. ઝાલું તમને...'


ધાનીએ એક હાથે મોં પરનો બુરખો ચસોચસ પકડી રાખ્યો. બાજુમાં બહાર નીકળીને બેઠેલો યુવાન જાણી બૂઝીને પોતાના તરફ સરતો હોય એવું લાગ્યું તો યે ધાની ચૂપ રહી. બુરખામાંથી ખાલી એની કથ્થાઈ રંગની આંખો દેખાતી હતી.


છેલ્લા શબ્દો સાંભળતાં જ 'મુનિયા ભાગ, ભાગ લલિયા.. ભાગો... ભાગો...' કહેતાં છોક-રાંઓએ મહોલ્લા ભણી દોટ મૂકી. તોય જતાં જતાં પણ એક બદમાશે 'રા'ણ કૂકડી' કહીને ચીઢવી જ લીધી.

'-સાલા... ચાલ્યા ગયા બધા. રોજ જોઈને નીકળું છું કે વાંદરસેના છે નંઈને નીચે... નીકળું છું ત્યારે તો બીકણ બિલાડા ક્યાંય સંતાઈ જાય છે ને પછી છેક નાકે પહોંચવા આવું છું ત્યારે ક્યાંથી ફૂટી નીકળે છે નાલાયકો!' ધાની બબડી.

એ વધુ ઝડપથી નાકે પહોંચવા લાગી. એને એક એક ખૂણેથી એક જ બૂમ સંભળાવા લાગી 'કૂકડી.. કૂકડી... રા'ણકૂકડી' અંદર ગભરાટનું એન્જિન ભભૂકી ઊઠ્યું. અવાજના અંગારા ધખધખતા હતા. અપશબ્દોની સીટીઓ કાનના પડદાને ચીરી નાખતી હતી. તેનું આખું શરીર ગરમ લાય થઈ ગયું.

આખો મહોલ્લો વળોટીને એ છેક નાકે પહોંચી ગઈ. ત્યારે તેનો એક પણ રેખા વિનાનો સપાટ ચહેરો થોડો શાંત થઈ ગયો. બાજુના ખૂણે એક દુકાન ભણી એણે દૃષ્ટિ નાખી.

એ બે ઘડી થંભી ગઈ.

થોડી વારે ધાનીએ શટલરિક્ષાના સ્ટેન્ડ તરફ જવા માંડ્યું. લાલબજાર જતી એક શટલ ત્રણ પેસેન્જરોને બેસાડીને ચોથાની રાહ જોતી ઊભી રહી. 'લાલબજાર' કહેતી ધાની સંકડામણમાં પોતાને ગોઠવીને બેસી ગઈ. સંકડામણમાં ગોઠવાઈ જવું એના માટે અઘરું નહોતું જ. નિમ્ન મધ્યમ વર્ગની છોકરીઓ આ રીતે જ કેળવાઈ જતી હોય છે. ધાનીએ એક હાથે મોં પરનો બુરખો ચસોચસ પકડી રાખ્યો. બાજુમાં બહાર નીકળીને બેઠેલો યુવાન જાણીબૂજીને પોતાના તરફ સરતો હોય એવું લાગ્યું તોયે ધાની ચૂપ રહી. આખા બુરખામાંથી ખાલી એની કથ્થાઈ રંગની આંખો દેખાતી હતી. રિક્ષાવાળાની નફ્ફટ આંખો ઘડીએ ઘડીએ પાછું વળીને જોઈ લેતી હતી. આંખોનો આ ચેપ એના હાથનેય ચોંટી પડ્યો, ને તેણે ધાની દેખાય તેમ અરીસો ગોઠવી દીધો. પછી એવી જ હલકટાઈ દાખવતો, સીટી મારતો આઇટમ ગીત ગણગણવા લાગ્યો. જમણે ખૂણે બેઠેલા પ્રૌઢ એના ચાળા જોઈને ધીમે ધીમે હસી રહ્યો હતો.

થોડો ઊબડખાબડ રસ્તો શરૂ થયો ને ધાનીનો હાથ બુરખા પરથી ખસીને નીચે આવી ગયો. પવનના ઝપાટે અડધો ચહેરો ઉઘાડો થઈ ગયો. રિક્ષાવાળાએ જોયું ને અરીસાનું ફોકસ હતું તેમનું તેમ થઈ ગયું, અવળચંડા હોઠ ગણગણતા અટકી ગયા.

ધાની લાલબજારના બ્યુટીકેર પાર્લર પાસે ઊતરી પડી. બારણાનો પડદો ખસેડીને એ સીધી અંદર જ ચાલી ગઈ. એને જોઈને એક છોકરીએ એપ્રોન પહેરી લીધું. સહેજ પણ ભીડ નહોતી, કોઈ જ નહોતું. ધાનીને થયું કે પોતે ખૂબ વહેલી આવી ગઈ છે. એપ્રોન પહેરેલી છોકરી નરમાશ દાખવતી બોલીઃ 'શું કરાવવાનું છે તમારે?'

ધાની લાલબજારના બ્યૂટીકેર પાર્લર પાસે ઊતરી પડી. બારણાનો પડદો ખસેડીને એ સીધી અંદર જ ચાલી ગઈ. એને જોઈને એક છોકરીએ એપ્રોન પહેરી લીધું. સહેજ પણ ભીડ નહોતી, કોઈ જ નહોતું. ધાનીને થયું કે પોતે ખૂબ વહેલી આવી ગઈ છે.

ધાની ધીમેથી બોલીઃ 'કંઈ કરાવવાનું નથી. બસ, મળવાનું છે.'

એ નાનકડા સોફા પર બેસી ગઈ. બાજુની ટિપોય પર જૂના છાપાંની પૂર્તિઓ પડી હતી. તેમાંથી એકાદ લઈને ધાની પાનાં ફેરવવા લાગી. અંદરના ઓરડાનો અવાજ છેક બહાર સુધી ચોખ્ખો સંભળાતો હતો. - દક્ષી, કેટલું ક્લિન્ઝિલ્ક મિલ્ક વાપરે છે તું? ડબ્બો જ ઊંધો વાળી દે છે કે શું મોં પર? પચીસ વખત કહ્યું છે કે જરી અમથું હાથમાં લઈને પાણીનો ભાગ વધારે ઉમેરવાનો. પડ્યા પડ્યા ને બંધ આંખે ક્યાં દેખાવાનું છે. તું શું ચોપડે છે ને કેટલું ચોપડે છે? ને હંસલી, તુંય ઓછી નથી. હસ હસ શેની કરે છે? રૂંને તું ખઈ જાય છે કે શું? આ નવી છોકરીને લઈ આવી છે, પણ મંઈ કંઈ ભલીવાર નથી. ધ્યાન એનું ગીતોમાં જ રહે છે ને હાથ ઠેરના ઠેર!

ને અવાજ અંદરનો ઓરડો ઓળંગીને બહાર ધાનીના ઓરડામાં આવી ગયો. પાર્લરવાળીના સુંદર ચહેરા પર ધાનીની કથ્થાઈ આંખો હરી ગઈ. એને જોઈને ધાની ઊભી થઈ ગઈ.

'શું કરવાનું છે તમારે?'

એપ્રોન પહેરેલી છોકરીએ જ જવાબ વાળ્યોઃ 'પહેલાં જ એને પૂછી જોયું મેં. કંઈ નહીં. ખાલી તમને મળવા જ માગે છે.'

પાર્લરવાળી ધાની સાથે જ સોફા પર બેસી ગઈ, 'શું કામ હતું?'

ધાનીની જીભ થોથવાઈ ગઈ; 'એમ હતું કે... અમારા મહોલ્લાની શાલુ... નંઈ, તમારે ત્યાં આવતી'તી પહેલાં, એણે જ કહ્યું કે તમારી ત્યાં જરૂર છે હેલ્પરની. આમ તો અમારા જેવા સારા ઘરોની છોકરીઓને તો આવા કામે આવવા પણ ન દે... કોર્સ પણ કેટલી જીદે કરેલો. ઘરમાંથી તો એમ જ કહે - આ ગમે તેવું, પણ કહેવાય તો સુધરેલા હજામ જ ને?... પણ હવે તો કશુંય નથી રહ્યું આવું... બધાં કામ બધાં જ કરી શકે... મને થયું કે જઈને... ઘેરથી પણ કંઈ નંઈ કહે...'

'હમણાં તો નવી છોકરીઓને લેવાની નથી જ આમ તો. એકને તો હંસા જ લઈ આવી છે, પણ ભઠિયો નથી કંઈ. તારું કામ ગમે તો રાખું પણ ખરી. શું નામ તારું?'

'ધાની'

'હિન્દુ છે તું?'

'હા.'

'તો આ કાળો બુરખો શું કામ ઓઢ્યો છે?'

વચ્ચેથી જ એપ્રોનવાળી છોકરીએ હસતાં હસતાં કહ્યુંઃ 'પિચ્ચરોમાં નહીં બતાવતા? એવું. હીરોય પહેરે છે ને ક્યારેક ક્યારેક તો!'

'તું ચૂપ મર... હું ધાની સાથે વાત કરું છું ને? હા, તો ધાની, શિક્કલ-બિક્કલ દેખું તો તારી?'

'એમ જ...'

'લેડીઝ જ છે બધ્ધી... આવી રીતે કામ કરીશ તું? શરમાય છે કેમ?

ધાનીએ કાંપતા હાથે બુરખો ઊંચો કર્યોઃ 'બરાબર છે... પણ કામ તો હાથથી જ કરવાનું છે ને! કોઈ ફરિયાદ નંઈ આવે.'

ધાનીનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ પાર્લરવાળી ચીસ પાડતી ઊભી થઈ ગઈ.

'છીં... બળેલી છે આ તો આખા મોંએ... ઓ બાપ!'

અંદરના ઓરડાની છોકરીઓ પણ 'શું થયું? શું થયું?' કરતી બહાર ધસી આવી.

'એકલી આંખો જ છે આને.... ચહેરો જ નથી આને તો? ક્યાંકમાં આવી ગયાં જોઈને જ. તું શું કરવાની હતી ઘરાકોને... પાર્લર ચલાવવાનું છે મારે. શું જોઈને આવી હશે અહીં?'

કથ્થાઈ રંગની આંખો છલકાઈ ઊઠી.

ઘેર જતી વખતે આખા રસ્તે ચહેરા પર એસિડ ઢોળાતું રહ્યું.

બળતરા શમતી નહોતી. સજા મળી હતી 'હા' ન પાડવાની. ધાનીને થયું કે અબઘડી તેજાબ નાખનારના ચહેરા પર રેડીને એને કહે કે ચહેરો ન હોવાની પીડા કોને કહેવાય? કચરો જોઈને લોકો થૂંકી પણ નાખે. આ તો થૂંકવાને લાયક પણ ન કહેવાય! બળતરાના અંધકારનો રંગ કાળા રંગથીયે બદત્તર!

બળી ગયેલી એ સાંજે લોકોના બોલાયેલા શબ્દો પડઘાવા લાગ્યા - એના ખુદના જ મોં પર કે મા-બોનના મોં પર કોઈ આવી રીતે છાંટી ગયું હોત તો ભાન પડત.;.. આંખ જ ફોડી લેવાય મૂઆની. આંખના બદલે આંખ, મોંના બદલે મોં.... કોરટે જ છૂટ આલવી જોયે... કહું છું, એની જોડે જ પઈણાવીને સજા અલાય. જિંદગી આખી ઉતરડાયેલ ચામડી સંગાથે કાઢવી પડે તા'રે પસ્તાવો થાત...

ધાની ક્યાંય સુધી રડતી રહી
પણ એકાએક તેને ઇવાનનો
ચહેરો યાદ આવ્યો. ઇવાન,
ખૂબ ગમતો. એક તે પણ હતો
જેણે ચહેરા વિનાના ચહેરાને
જોયા પછીય નાકનું ટેરવું
નહોતું ચઢાવ્યું કે ઉબકા જેવું
કશુંય નહોતું આવ્યું. બાકી
દુનિયા જખ મારે!

પોતાના પક્ષે બોલાયેલા આ શબ્દો માટે આજેય ધાનીને ડૂમો ભરાઈ આવ્યો - જાણે હું તૈયાર થઈ જાત! ચામડી ઉતારનારને આયખું આપું. કેમ? આટલી સજા ઓછી ના પડી લોકને તે... ને આવું બોલતી વખતે એમની બહેન-દીકરીઓ નંઈ દેખાતી હોય એ લોકને....!

એ ગલીના નાકે પહોંચી.

'રા'ણ કૂકડી'ના અવાજોના આવનારા વંટોળથી તે કાંપવા લાગી. એની ઉદાસ નજરો ખૂણાની એક દુકાનને તાકી રહી. એની કથ્થાઈ રંગની આંખો અંદર ઊભેલા ઈવાનને તાકી રહીઃ પગ એ તરફ વળી ગયા.

ઈવાને નરમાશથી પૂછ્યુંઃ 'શું આપું તમને?'

ધાની નિરુત્તર રહી. ફરી ફરીને એ જ અવાજ આવ્યો; શું આપું તમને?

ધાનીએ એકાએક ચહેરા પરથી બુરખો હટાવી લીધો. એણે જોયું કે ઈવાનનો ચહેરો સળવળ્યો નહીં.ધાનીએ કહ્યુંઃ 'ઓળખી તો લીધી જ હશે. હું... હું... રા'ણ...'

વચ્ચેથી જ ઈવાને કહ્યુંઃ 'હા... ધાની ને? બોલ, શું જોઈએ છે તમને?'

ધાનીનું અંતર ભરાઈ આવ્યુંઃ 'હવે કંઈ નહીં...' કહીને તેણે ઘર તરફ ચાલવા માંડ્યું.

પોતાના ઓરડામાં જઈને એણે અંદરથી સાંકળ વાસી દીધી. ઘરના લોકોએ ખૂબ બારણું ખખડાવ્યું તોયે તેણે ન ખોલ્યું, પણ બારણાની ફાટમાંથી આવતા નાનીના અવાજે તે ઊભી થઈ ગઈ અને બારણું ખોલી નાંખ્યું.

ઘરડી નાની રઘવાઈ રઘવાઈ ઊભી હતી. પેલાં તોફાની છોકરાંઓ કરતાંય વધારે ગુસ્સો તો ધાનીને સામે ઊભેલી નાની પર આવી ગયો. આ એ જ હતી જે પોતાને જોઈ જોઈને નિસાસા નાખતી રહેતી. વહાલ કરતી હતી, હવે વધારે કરે છે... ને આખો દિવસ માતાજીના ફોટા સામું જોઈ જોઈ બોલ્યા કરતી હતી તેવું એણે ઓટલા પર ને નેય બધા વચ્ચે કહી નાંખ્યું; હાય મા... લીલી લીલી દરાખ જેવી મારી છોડી... કેવી રા'ણ કૂકડી કરી મેલી રે મા અંબે!'

ને ત્યારથી જ લોકોએ એને આ જ નામે બોલાવી હતી. આ માટે તો એ મહિનાદા'ડા સુધી એની સાથે બોલી પણ નહોતી, પણ તોય ગમે તેમ એ પોતાની વહાલી નાની હતી. એની સાથે બોલ્યા વગર ચાલે એમ જ ક્યાં હતું?

નાની, અંદર આવી કે તરત ધાનીએ એમના ખોળામાં માથું નાખી દીધું. એ ક્યાંય સુધી રડતી રહી. કરચલીવાળો, કંપતો એક હાથ ધાનીના માથા પર ફરી રહ્યો હતો. 'શું કામ નાની, આ મારી સાથે જ બનવાનું હતું? શું બગાડ્યું હતું કોઈનું મેં? ...ને નાની, લલાટે આ જ લખ્યું હોત તો ઉપરવાળાએ કોઈ ધનવાનને ઘેર જનમ આલવાની રહેમ પણ કરી હોત તો...'

ધાની ક્યાંય સુધી રડતી રહી, પણ એકાએક તેને ઈવાનનો ચહેરો યાદ આવ્યો. ઈવાન, ખૂબ ગમતો ઈવાન. એક તે પણ હતો, જેણે ચહેરા વિનાના ચહેરાને જોયા પછીય નાકનું ટેરવું નહોતું ચઢાવ્યું કે ઊબકા જેવું કશુંય નહોતું આવ્યું. બાકી દુનિયા જખ મારે!

આ એક જ ક્ષણમાં એણે પોતાનો ચહેરો મેળવી લીધો જાણે. રાત જંપી ગઈ હતી.

બીજી સવારે ઉઘાડા મોંએ જ એ ઓટલે ઊભી રહી. ફળવાળો બે ઘર દૂર હતો. તેણે બૂમ મારી. ફળવાળાની સાથે લારીએ ઊભેલો લલિયો પણ દોડી આવ્યો. ધાનીને જોઈને એ ક્ષણ હેબતાઈ ગયો. એનું મોં કંઈક કહેવા ઊઘડ્યું, પણ તે કંઈ બોલે તે પહેલાં તો ધાનીએ ફળવાળાને મોટા અવાજે કહ્યુંઃ

- 'દ્રાક્ષ આપોને, લીલી લીલી, ૫૦૦ ગ્રામ!' **મ**

**વાર્તા ગમી? ન ગમી? લખશો?**



જન્મ મુંબઈમાં પારસી પરિવારમાં. ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકાપ્રયાણ - વર્ષોથી ત્યાં જ સ્થિત. જન્મ મુંબઈમાં  પારસી પરિવારમાં ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા પ્રયાણ-વર્ષોથી ત્યાં જ સ્થિત. વ્યવસાયે મેનેજમેન્ટ સિસ્ટિમ્સમાં હતા છતાં ગુજરાતી, હિંદી, અંગ્રેજી/ અમેરિકન સાહિત્યનો સતત અભ્યાસ. વિદ્યાર્થી વયથી કાવ્યો પ્રગટ થયાં છે. વાર્તામાં પણ વિશેષ રુચિ ટૂંકી વાર્તા સાહિત્યકારનાં મઠન-શિલ્પન વિશે ચોક્કસ વિચારો. ભાષાની શુદ્ધિ અને રમ્યતા બાબત સતત સજાગ.

**40 Parker Road,**
**Plainsboro, NJ 08536**
**USA.**
**609-799-4368**
**vkapmail@yahoo.com**


## વિરાફ કાપડિયા

# કેપ્ટન કટીલા

એને જીવનમાં એક, ને બસ એક જ, કાયમનો અતૃપ્ત ચસકો હતોઃ શિકાર. એના પિતા અંગ્રેજ સરકારની નોકરીમાં હતા ત્યારે છુટ્ટીનો બધો સમય શિકાર કરવામાં જ ગાળતા; અને વારસામાં થોડીક સંપત્તિની સાથે આ શોખ પણ એને આપી ગયા હતા. એ સવારથી સાંજ રોજ ધગશથી શિકાર કરતો. ઉનાળામાં શિકાર કરતો, શિયાળામાં કરતો, અને વરસાદની મોસમમાંયઃ જંગલ-ઝાડીમાં, ક્યારેક મેદાનોમાં, તો ક્યારેક પાણિયાળી કળણના વિસ્તારમાં. એ શૂટ કરતો, ફંદો નાખતો, અને શિકારી કૂતરો છોડતો. બીજા કશામાં એનું દિલ લાગતું નહીં, બીજું કોઈ સપનું એને આવતું નહીં, અને વારંવાર આ વાક્ય એના મોઢામાંથી પારસી લઢણમાં સરી પડતુંઃ જેને સિકાર કરવા નથી ગમતું, તેની તો મને ઘની જ ડયા આવે છ.

એ પચાસની પાર પહોંચી ચૂક્યા પછીયે હજી મજબૂત બાંધાનો, તંદુરસ્ત, અને જોશીલો હતો, જોકે માથા પર એને ટાલ હતી અને શરીર જરાક ભરાયેલું હતું. એ હંમેશાં પોતાની મૂછ કાપીને ટૂંકી રાખતો, જેથી હોઠો પર છવાઈ ન જાય અને શિકારનું શિંગું વગાડતાં વચમાં આડી ન આવે.

એનું નામ તહેમટન ફરામજી કટીલા હતું, પણ લોકો એને કેપ્ટન કટીલા કહીને જ ઓળખતા. જંગલની બહુ અંદર બાંધેલા નાના મજાના મકાનમાં એ રહેતો, જે એને વારસામાં મળ્યું હતું. આમ તો ગામના બધા મુખ્ય માણસોથી એ પરિચિત હતો, છતાંય



કેવળ એક જ કુટુંબને એ નિયમિતપણે મળવા જતો, તારાપોરવાલા, જે થોડે જ દૂર વસતા બહુ મીઠા સ્વભાવના પડોશી હતા અને એના કુટુંબના દાયકાઓથી સંબંધી હતા.

એમના ઘરમાં એની ઘણી આળપંપાળ થતી, એને લાડ લડાવવામાં આવતાં અને બગાડી નાખવામાં આવતો. એ કહેતોઃ જો હું સિકારનો આતલો સોખીન નહીં હોતે, તો આય ઘેરમાં જ મારો બધ્ધો વખત કારતે. શાપુર તારાપોરવાલા નાનપણથી એના સાથી હતા. પોતાની માલિકીની ચારપાંચ મોટી વાડીઓમાં ફળફળાદિ ઉગાડીને એ ધંધો ચલાવતા, અને પત્ની શીરીન, દીકરી તહેનાઝ અને જમાઈની સાથે શાંતિપૂર્વક રહેતા. એમના ઘરજમાઈનું નામ દિનિયાર નાલ્લાસેઠ હતું, જે ઐતિહાસિક શોધખોળ કરવાના દેખાવ નીચે કશું જ નહોતો કરતો.

> તારાપોરવાલા પરિવારની સ્ત્રીઓ ક્યારેક એને મળવા આવતી. એ મુલાકાતો એને માટે શાંતિ, એશઆરામના પ્રસંગો બની જતી. તેઓ ચા બનાવતી, ચાદર બદલીને પથારી સરખી કરી નાખતી, અને નજાકતથી એને ઢોલિયામાં ભાણું પીરસતી.

તહેમટન કટીલા અવારનવાર એના મિત્રને ત્યાં ડિનર પર જતો, ખાસ તો તારાપોરવાલા પરિવારને શિકારના સ્વાનુભવોની પરાક્રમપૂર્ણ વાતો કહી સંભળાવવા. એની પાસે પોતાના પાળેલા શિકારી કૂતરાઓની લાંબીલચક કહાણીઓ હતી, જેમાં એમને એ એવી રીતે નિરૂપતો કે જાણે એ સમાજમાં બોલતા-ચાલતા પરિચિત માણસો હોય. કૂતરાઓના વિચારો, ઈરાદા, એમની યોજનાઓ બધું પૃથક્કરણ કરીને સમજૂતીપૂર્વક કહી સંભળાવતોઃ 'જહારે મારા રોવરે જોયું કે સસલો એને બરાબરનો નાચ નચવતો'તો, તહારે મનમાં ને મનમાં એ બોલિયોઃ "ઊભો રે, દીકરા, ઊભો રે, આપરે હવે થોરું કોતક કરીએ." પછી મારી તરફ ગરદનના નાલ્લા આંચકાથી મને મકઈના ખેતરના છેરા પર જવાનું કહી, એ જરાક આરાતેરા આંટાફેરા મારતો. ખેતરમાંથી જાનીજોઈને અવાજ કરતો કરતો ધસવા લાગો ને પેલા બેટમજીને ખૂનામાં ઢકેલવા લાગો કે જાંથી એને કોઈ છટકબારી મલે જ નહીં. બધ્ધું મારા રોવરે પ્લાન કીધેલું તેમ જ થયું, ને સસલાજી પોતાને ખેતરના છેરા પર આવી ગયેલા મહસૂસ કરવા લાગા. જો તાંથી એ વધારે આગલ જાય તો તો છતો થઈ જાય. એ બિચારો બોલિયોઃ "હત્તારીની, હું પકરઈ ગિયો," ને ગુપચુપ બેસી રયો. રોવર અટકિયો ને મને જોઈને પેલાની તરફ આંખો ચીંધી. મેં ઇસારો કીધો કે તરત એ સીધ્ધો એની દિસામાં દોરિયો. છૂ ઉ ઉ... સસલાજી દુમ દબાવીને ખુલ્લામાં આવીને નાઠ્ઠા; મેં ગન તાકી ને... બેંગ બેંગ; ઊથલઈ ગિયા. રોવર એને મારી પાસે લઈ આયો તહારે પૂછરી હલાવીને મને જનાવતો'તોઃ "આય કામ બરાબર પાર પરિયું, ખરુંને કેપ્ટન?"

શાપુર, દિનિયાર અને બન્ને સ્ત્રીઓ, કેપ્ટનની આ જીવજાન રેડીને ખૂબીથી કરેલી વાર્તાઓ ઉપર પેટ પકડીને હસતાં. એ ઉશ્કેરાઈ જતો, હાથો આમતેમ હલાવતો, ભાવસૂચક અંગચેષ્ટાઓ કરતો, અને શિકાર કરવાની ઘડી આવ્યે વાદળ ગગડતાં હોય તેમ મોટેથી હસતો. વાર્તાના અંતમાં એ જરૂર કહેતોઃ આય બહુ મજેની વાત ઉતી, કેમ બરાબર ને ?

પછીથી વાતચીત કોઈ બીજા વિષય પર વળતી કે એ સાંભળવાનું બંધ કરી દેતો, અને અંદરોઅંદર શિકારનો કોઈ સૂર ગણગણવા લાગતો. તેથી જ્યારે બે વાક્યોની વચ્ચે થોડોક વિરામ આવતો, શબ્દોના ઘોંઘાટિયા પ્રવાહની વચ્ચે અચાનક આવતી પેલી નીરવતાની પળોની જેમ, ત્યારે સહુ શિકારનો સૂર સાંભળતાઃ ટા-રા-રા, ટા-રા-રા, ટા-રા-રા જેને કેપ્ટન શિંગું વગાડવાની અદામાં ગાલ ફુલાવીને ગણગણતો હતો.

શિકાર અને શૂટિંગ સિવાય એને બીજું કંઈ કરવાપણું હતું નહીં. અને આમ પાસે આવતી જતી વૃદ્ધાવસ્થા તરફ એનું ધ્યાન ગયું નહોતું. એક દિવસ એકાએક એ સંધિવાના હુમલામાં પટકાયો અને બે મહિના એને પથારીવશ પડી રહેવું પડ્યું. કંટાળા અને સંતાપનો માર્યો એ લગભગ અધમૂઓ થઈ ગયો. ઘરમાં કોઈ બબરચી ન હોવાથી અને એક બુઢ્ઢો ઘરકામવાળો નોકર જ રાંધવાનું કામ કરતો હોવાથી એને બીમારીમાં વળી હાડમારી આવી પડી. ન મળ્યો એને ગરમ સૂપ, ન મળી નાની નાની કાળજીઓ, કે ન મળી એકે ચીજ, જે માંદા માણસને જોઈતી હોય છે. કૂતરા રાખનારો માણસ એની માવજત કરતો, અને પેલો નોકર માલિક જેટલો જ કંટાળીને દિવસ-રાત અરામખુરશીમાં ઊંઘતો, જ્યારે કેપ્ટન પથારીમાં આમતેમ તરફડતો રહેતો.

તારાપોરવાલા પરિવારની સ્ત્રીઓ ક્યારેક એને મળવા આવતી, અને એ મુલાકાતો એને માટે શાંતિ અને એશઆરામના પ્રસંગો બની જતી. તેઓ ચા બનાવતી, ચાદર

બદલીને પથારી સરખી કરી નાખતી, અને નજાકતથી એને ઢોલિયામાં ભાણું પીરસતી. પછી જવાની તૈયારી કરતી ત્યારે એ ધીમેથી બબડતો: 'ખરેખર, તમુને તો આખ્ખો વખત અહીંય જ રેવું જોઈએ.' સાંભળીને બન્ને સ્ત્રીઓ ખડખડાટ હસી પડતી.

જ્યારે એની તબિયત સુધરી અને એ પાછો શૂટિંગે જતો થયો, ત્યારે રોજ મિત્રો સાથે ડિનર લેવા આવતો, પરંતુ પહેલાંના ઉત્સાહ-ઉલ્લાસ હવે એનામાં નહોતા. આખો વખત એ એક જ વિચારના ભયથી રિબાતો કે રખેને ફરી પાછો તે દરદનો હુમલો આવે. જ્યારે એ સૌની વિદાય લઈ રહ્યો હતો અને બન્ને સ્ત્રીઓ શાલમાં એને લપેટીને ગળે રૂમાલ બાંધી રહી હતી અને આ બધી કાળજીઓની શરણાગતમાં એ વિચારમગ્ન ઊભો હતો, ત્યારે જીવનમાં પહેલી જ વાર ખૂબ ગમગીન સ્વરમાં બોલ્યો: 'જો પાછું એ ડરડ સરૂ થયું તો મારું આવી જ બનિયું.'

એના ગયા પછી તહેનાઝ નાલ્લાસેઠે એની માને કહ્યું, 'આપરે કેપ્ટનને વરે (માટે) એક બૈરી સોધવી જોઈએ.'

સહુએ પોતાના હાથ હવામાં ઉછાળ્યા. એમને કેમ એ વિચાર અત્યાર સુધી નહોતો આવ્યો ? બાકીની સાંજ બધાંએ પોતાની જાણકારી પ્રમાણે વિવિધ વિધવાઓની ચર્ચા કરવામાં ગાળી, અને એમની પસંદગી એક ચાળીસની વયની હજીય સુંદર દેખાતી ઠીકઠીક સંપન્ન મીઠા સ્વભાવની આરોગ્યવાન સ્ત્રી ઉપર જઈને ઠરી, જેનું નામ હતું હીલ્લા ટોડીવાલા.

તેને તારાપોરવાલાને ઘેર મહિનોએક વિતાવવા નિમંત્રણ આપવામાં આવ્યું, અને ઘરે બેસીને કંટાળી ગઈ હોવાથી તેણે તે સ્વીકારી લીધું. હીલ્લા ખુશમિજાજ ને રસિક હતી. તહેમટન કટીલાનું દિલ તરત જ તેની કુમાશમાં, મીઠાશમાં, ને હળવાશમાં ભેરવાઈ ગયું. તહેમટન જોડે તે એવી રીતે મનોરંજન કરતી કે એ કોઈ જીવતું-જાગતું રમકડું હોય. સસલાની લાગણીઓ અને શિયાળની ચાલબાજીઓ વિશે ગોપન રીતે સવાલો પૂછીને એની સાથે કલાકો ગાળતી, જે દર-મ્યાન કેપ્ટન ગંભીરતાપૂર્વક જુદાં જુદાં પ્રાણીઓના દૃષ્ટિકોણમાં કેવા કેવા સૂક્ષ્મ તફાવતો હોય છે તેની છણાવટ કરતો, અને તેમની ઝીણી યુક્તિ-પ્રયુક્તિઓની એવી રીતે વાતો કરતો કે જાણે તે પોતાની ઓળખાણના મનુષ્યો હોય.

હીલ્લાના હોંશકોશ ઊડી ગયા, આંખો બંધ કરીને એણે બન્ને બેરલમાંથી ગોલી છોડી, અને બંદૂકનો ધક્કો વાગતાં પાછળ પડતાં પડતાં રહી ગઈ. પછી પાછી સ્વસ્થ થઈ ત્યારે તેણે જોયું કે ડાગળી ચસકી ગઈ હોય તેમ કેપ્ટન નાચી રહ્યો હતો.

એકાગ્ર થઈને પોતાની વાત સાંભળતી હીલ્લા ઉપર કેપ્ટન કટીલા ખુશ ખુશ થઈ ગયો. એક સાંજે પોતે એને માટે કેવો ઊંચો મત ધરાવતો હતો તે પ્રદર્શિત કરવા હીલ્લાને એણે પોતાની સાથે શૂટિંગ પર આવવા કહ્યું, જે એણે કોઈ પણ સ્ત્રીને કદીયે કહ્યું નહોતું. આ આમંત્રણ હીલ્લાને એટલું મનોરંજક લાગ્યું કે તેણે તે સ્વીકારી લીધું. પછી તેને સજજ કરવામાં તો ઓર જ મજા પડી. દરેક જણ એ કામમાં જોડાયું અને તેને કંઈ ને કંઈ ચીજ અર્પણ કરવા લાગ્યું. છેવટે તે તૈયાર થઈને નીકળી ત્યારે લડાઈ પર જતી આધુનિક ઝાંસીની રાણી લાગતી હતી : ઊંચે સુધીના બૂટ, પુરુષનું ઘૂંટણિયું પાટલૂન, ટૂંકું સ્કર્ટ, છાતી સરસું કસેલું મખમલનું જેકેટ, અને શિકારી ટોપી.

કેપ્ટન ઉત્તેજિત દેખાતો હતો, જાણે પોતાનો પ્રથમ વારનો ગોલીબાર કરવા ન નીકળ્યો હોય ! એણે હીલ્લાને વિસ્તારપૂર્વક બધું સમજાવ્યું: પવનની દિશા, કૂતરાઓએ લીધેલાં જુદાં જુદાં મોકાનાં સ્થાન, અને શિકારને છતો કરવાની રીત. પછી એ પોતાના સાથીને વગડામાં લઈ ગયો. હીલ્લાના પ્રત્યેક પગલાની પાછળ સાચવીને પગલું ભરતો કેપ્ટન, કોઈ નર્સ એના દરદીને પહેલી જ વાર ચલાવવા લઈ જતી હોય એટલો ચિંતાતુર જણાતો હતો.

રોવરે કોઈ પ્રાણી શોધી કાઢ્યું, ધીમેથી તેની તરફ સર્યો, અને પંજો ઊંચકીને અટકી ગયો. કેપ્ટન એના શાગિર્દની પાછળ ઊભો ઊભો પાંદડાની જેમ ધ્રૂજતો હતો. એ તોતડાતે સ્વરે બોલ્યો: 'સાવ ... ઢાન, આય તે-તે-તેતર લાગેછ.'

હજી એ બોલી રહે તેટલા જ મોટો અવાજ થયો ફરર, ફરર અને વિશાળ પંખીઓનું એક ટોળું પાંખો ફફડાવતું હવામાં ઉપર ઊંચકાયું.

હીલ્લાના હોંશકોશ ઊડી ગયા, આંખો બંધ કરીને એણે બન્ને બેરલમાંથી ગોલી છોડી, અને બંદૂકનો ધક્કો વાગતાં પાછળ પડતાં પડતાં રહી ગઈ. પછી પાછી સ્વસ્થ થઈ ત્યારે તેણે જોયું કે ડાગળી ચસકી ગઈ હોય તેમ કેપ્ટન નાચી રહ્યો હતો, અને રોવર એના મોઢામાં બે તેતર પકડીને લાવી રહ્યો હતો.

બરાબર તે દિવસે કેપ્ટન કટીલા ટાલથી એડી સુધી હીલ્લાના પ્રેમમાં પડી ગયો. એ પોતાની આંખો આકાશ તરફ ચઢાવીને

કહેતો: 'સું બૈરું છે !' અને હવે એ રોજ સાંજે શૂટિંગની વાતો કરવા આવતો.

એક દિવસ શાપુર તારાપોરવાલા કેપ્ટનને મુખેથી એની નવી મિત્રનાં ગુણગાન સુણતાં એને વળાવી રહ્યા હતા ત્યારે એકાએક બોલ્યા, 'તું એને પન્ની કેમ નથી જતો ?'

કેપ્ટને સહસા આશ્ચર્યનો આંચકો ખાધો.

'હું ? હું ? એને પન્નું ? કેમ ... હં ...'

અને એ મૌન થઈ ગયો. પછી ઉતાવળે મિત્ર સાથે હાથ મિલાવી ગણગણ્યો, 'ગુડ નાઈટ, મારા દોસ,' અને અંધારામાં આગળ વધી ગયો.

પછી એક સાંજે હીલ્લા પિયાનો પર બેસી સહુના દિલબહેલાવ માટે ગાઈ રહી હતી. ઘરની નોકરબાઈ રહસ્યમય મુદ્રામાં અંદર આવી અને શાપુર તારાપોરવાલાને ગુસપુસમાં કહેવા લાગી કે... સદ્ ગૃહસ્થ એમને મળવા માગતા હતા.

અને ત્રણ દિવસ એ દેખાયો નહીં. જ્યારે પાછો આવ્યો ત્યારે એકાંત-ચિંતનથી સહેજ ફિક્કો અને વધુ ગંભીર લાગતો હતો. શાપુરને બાજુમાં લઈ જઈ એણે કહ્યું, 'પેલો તારો આઈડિયા અફલાતૂન છે. મને એ એક્સેપ્ટ કરે તેમ એની સાથે તું વાત કર. ખુડા, ખુડા, એવું બૈરું મારે વરે જ જનમિયું હોસે. અમે બેઉ આખ્ખું વરસ શૂટિંગ પર જસું.'

શાપુરને ખાતરી હતી કે કેપ્ટનનો અસ્વીકાર નહીં થાય. એમણે જવાબ વાળ્યો, 'તું સીધ્ધો એને પ્રોપોઝ કરની મારા યાર. તું કે તો તારા તરફથી હું કરું ?'

પરંતુ કેપ્ટન અચકાયો અને ત્રુટક અવાજમાં બોલ્યો, 'નઈ ... નઈ ... પેલ્લે મને મુંબઈ જવાનુંછ, નાલ્લી ... નાલ્લી જ સફર છે. જેવો હું પાછો આવસ તેવો તરત પાક્કો જવાબ આપસ.'

એની પાસેથી બીજી કોઈ વિગત મેળવવી અશક્ય હતી, અને બીજે દિવસે એ રવાના થઈ ગયો.

એ ટૂંકી સફર લાંબો સમય ચાલી. એક અઠવાડિયું, બે અઠવાડિયાં, ત્રણ અઠવાડિયાં પસાર થઈ ગયાં. તહેમટન કટીલાનાં ફરી દર્શન થયાં નહીં. શાપુર તારાપોરવાલા આશ્ચર્યચકિત અને બેચેન થઈ ગયા; એમને કશી સૂઝ ન પડી કે એમની મિત્રને શું કહેવું, જેને કેપ્ટનના ઈરાદાની જાણ તેઓ કરી ચૂક્યા હતા. આંતરે-આંતરે ખબર મેળવવા માળીને એને ઘેર મોકલતા, પણ કેપ્ટનના નોકરોએ શેઠનો કોઈ સંદેશો સાંભળ્યો નહોતો.

પછી એક સાંજે હીલ્લા પિયાનો પર બેસી સહુના દિલ બહેલાવવા માટે ગાઈ રહી હતી ત્યારે ઘરની નોકરબાઈ ઘણી રહસ્યમય મુદ્રામાં અંદર આવી અને શાપુર તારાપોરવાલાને ગુસપુસમાં કહેવા લાગી કે કોઈ સદ્ગૃહસ્થ એમને મળવા માગતા હતા. એ કેપ્ટન કટીલા હતો, મુસાફરીના પોશાકમાં સજ્જ. એ ઉંમરમાં વધી ગયેલો અને ઘણો બદલાઈ ગયેલો લાગતો હતો. પોતાના ચિરકાલના મિત્રને જોતાંવેંત એના બન્ને હાથ એણે પકડી લીધા અને થાકેલા સ્વરમાં બોલ્યો, 'હું બસ હમનાં જ આયો, ને ઉતાવલમાં સીધ્ધો તને મલવા આયોછ.'

પછી એ મૂંઝવણ અનુભવતો હોય તેમ ખમચાયો: 'હું તને જનાવવા માગતોતો ... તાબરતોબ ... કે ... કે પેલો અફેઅર ... ખબર છેને હું સું કેવા માગુંછ ... પૂરેપૂરો ખતમ થઈ ગિયોછ.'

શાપુર તારાપોરવાલાએ એની પ્રત્યે હેરતનો વરસાદ વરસાવતી નજર નાખી.

'ખતમ થઈ ગિયો ? તું સું કેવા માગેછ ? ને કાંય ?'

'ઓ, મેરબાની કરીને સવાલો ના પૂછ. સમજાવવા બેસસ તો હું દિલગીરી ખમી નહીં સકસ. હું કરી જ નહીં સકું ... મને હક નથી, સમજિયોને, કોઈ હક જ નથી કે તે લેડીને હું પન્નું. તે જસે પછી જ હું તમો સૌને મલવા આવસ, નહીં તો તેને મલતાં મને ઘનું દુખ થસે, ઘનું જ. ચાલ, સાહેબજી.' અને એણે વિદાય લીધી.

પછી પૂરા તારાપોરવાલાકુટુંબે એ મામલાની વિશદ ચર્ચા-વિચારણા કરી. અનેક સંભાવનાઓની કલ્પના થઈ. છેવટે બધાં એ નિર્ણય પર આવ્યાં કે કેપ્ટનની જિંદગીમાં કોઈ જબરજસ્ત રહસ્ય છે, કે એનાં ક્યારેક થયેલાં સંતાનો છે, અથવા કોઈ પુરાણો સંબંધ છે. જે હોય તે, પણ એક વાત ચોક્કસ હતી કે એનાં લગ્નના માર્ગમાં કોઈ ગંભીર વિઘ્ન હતું. મામલામાં વધુ ગૂંચવણો ઊભી થાય તે પહેલાં એમણે હીલ્લાને કુનેહથી પરિસ્થિતિ સમજાવી દીધી, અને હીલ્લા ટોડીવાલા જેટલી વિધવા આવી હતી તેટલી જ વિધવા પાછી ફરી.

બીજા ત્રણ મહિના વીતી ગયા. એક સાંજે જ્યારે કેપ્ટને મજેથી ભોજન કર્યું હતું અને ખાઈ-પીને એના પગ જરાક ડગમગતા હતા ત્યારે શાપુરની સાથે પાઈપ પીતાં પીતાં એણે કહ્યું, 'તને જો ખબર પરે કે તમારી દોસની મને કેટલી બધી

યાદ આવેછ તો ખરેખર તને મારે વરે બહુ દિલગીરી થાય.'

એના મિત્રા આ બાબતમાં કેપ્ટનના વહેવારથી કંઈક રંજીદા હતા; તરત બોલ્યા, 'જવા દે એ બધું, યાર. જહારે આડમીની જિંદગીમાં કોઈ છૂપી વાત હોય તહારે એ કોઈ બૈરા તરફ આગલ વધે તે બરાબર નથી. સરવાલે તો તને ખબર હોસે જ કે છેલ્લે તને પાછા જ ફરવું પરસે.'

કેપ્ટન શરમિંદો થઈ ગયો; એણે પાઈપ પીવી બંધ કરી.

'હા, ને નઈ. ગમે તેમ, પન જે બનિયું તેનું અનુમાન તો હું કરી સકતે જ નઈ.'

શાપુરે અધીરાઈથી જવાબ વાળ્યો, 'આડમીએ દરેક ચીજનું અનુમાન કરવું જોઈએ.'

પરંતુ કેપ્ટન કટીલા, ઝીણવટથી અંધારામાં નજર નાખીને કે કોઈ સાંભળી તો નથી રહ્યુંને, ધીમેથી બોલ્યો, 'હું જોઈ સકુંછ કે મેં તારું ડિલ દુખી કીધુંછ. તું મને માફ કરસે એ આસામાં હું બધી જ વાત તને કહેવા માગુંછ. વીસ વરસ સુધી, મારા દોસ, હું ફક્કત સિકાર ને શૂટિંગ કરવા જ જીવિયોછ. તને ખબર છે કે તેનો જ હું વિચાર કરુંછ ને તેની જ હું દરકાર કરુંછ. તેથી, જહારે હું તે લેડી સાથે અમુક કરાર કરવાની અની પર ઉતો, તહારે મારા કોન્શન્સમાં નીટિની બાબતસર વિચારો આયા. કારન કે પ ...પ ... પ્યારની મને આદત રઈ નથી, એટલે, મને ખબર નઈ ઉતી કે હું તે ... તે ... તે કરવાને કાબિલ છેઉં કે નઈ, તું જાનેછને હું સું કેવા માગુંછ તે ... જરા વિચાર કર, બરાબર સોલ વરસ થઈ ગિયાં જહારે મેં છેલ્લું કંઈ ... કંઈ કીધુંછ, સમજેછને સું કેઉંછ તે. દુનિયાની આય જગા પર એતલું સેલ્લું નથી કે ... કે... હં, તું સમજી જ ગિયો હોસે. પાછું, મને બિઝી રાખવા બીજી ચીજો પન ઉતી. મને તો એક દિવસનું શૂટિંગ કરવા મલે તો હું ખુસ ખુસ. પન લાંબી વાતને ટુંક્કી કરીએ. જેવો હું દસ્તૂરની સામ્ભે એવું પ્રોમિસ આપવા તૈયાર થઈ રહેલો ઉતો કે ... કે ખબર છેને સું તે, તેવો જ હું ગભરઈ ગિયો. મેં મારી જાતને કયું કે અરે, સું થસે જો હું ... જો હું મિસફાયર કરસ તો ? સોજ્જો આડમી કોઈ દારો પ્રોમિસ તોરતો નથી. ને આય હમનાં જ હું તે લેડીને બહુ મોટ્ટું પ્રોમિસ આપવા તૈયાર થઈ રહેલો ઉતો. એતલે, બધું એકદમ સ્યોર કરવા મેં મુંબઈ જઈને એક અથવારિયું કારવાનું નક્કી કીધું.

> એક અથવારિયા પછી કંઈ જ નઈ થયું, કંઈ જ નઈ. તે કંઈ પૂરી કોસિસ નઈ કીધેલી તેથી નઈ હં. દરેક તરેહની સૌથી સોજ્જી ઉતી તે જ મેં ટ્રાય કીધેલી. પન જેતલું થઈ સકે તેતલું બધ્ધું જ કરી છૂટિયાં, ... હા ... પોતાનું બેસ્ટ કરી છૂટિયાં, કોઈ ભૂલ નઈ ...

'એક અથવારિયા પછી કંઈ જ નઈ થયું, કંઈ જ નઈ. ને તે કંઈ પૂરી કોસિસ નઈ કીધેલી તેથી નઈ હં. દરેક તરેહની સૌથી સાજ્જી ઉતી તે જ મેં ટ્રાય કીધેલી ને તેઓ પન જેતલું થઈ સકે તેતલું બધ્ધું જ કરી છૂટિયાં, ... હા ... પોતાનું બેસ્ટ કરી છૂટિયાં, કોઈ ભૂલ નઈ ... પન તે બધ્ધાંએ જે બી કીધું તેને વરે જમા પાસામાં કંઈ જ નઈ મલિયું... કંઈ જ નઈ ... જરા બી નઈ.

'તેથી હું બે અથવારિયાં, તન અથવારિયાં, એમ આસામાં ને આસામાં રોકાયા કીધો. રેસ્તોરાંમાં જઈને બધી જ મસાલેદાર ડિશો ખાધી, જેનાથી મારું પેત બગરી ગિયું. ... પન ... પન તે છતાં કંઈ બી નઈ ... જરા બી કંઈ બી નઈ.

'હવે તું સમજસે કે તે સંજોગોમાં મારાથી કરી સકાય તેવી એક જ વાજબી ચીજ ઉતી, કે હું ... કે હું વિધડ્રો કરું. ને તેમ જ મેં કીધું.'

શાપુર તારાપોરવાલા મહામહેનતે હસવું દાબીને ચહેરાની ઠાવકાઈ જાળવી શક્યા. એમણે ગંભીરતાપૂર્વક કેપ્ટનનો હાથ મિલાવીને કહ્યું: 'તારે વરે હું ઘન્નો જ દિલગીર છેઉં.'

પછી કેપ્ટનને એના ઘર તરફ અડધે સુધી વળાવી આવ્યા.

પાછા ફરીને જ્યારે એ પત્ની જોડે એકલા પડ્યા ત્યારે તેને માંડીને આખી વાત ગમ્મતના વંટોળમાં તણાઈ જતાં કહી સંભળાવી, પરંતુ શીરીનબાનુ તારાપોરવાલા હસ્યાં નહીં. તેમણે ખૂબ ધ્યાનપૂર્વક બધું સાંભળ્યું, અને પતિની વાત પૂરી થતાં ગંભીરતાથી બોલ્યાં, 'આપરો કેપ્ટન મૂરખો છે, ડિયર. એ ગભરઈ ગયેલો, બસ એતલું જ. હું હમનાં ને હમનાં જ હીલ્લાને લખુંછ ને એને બને તેતલું જલદી પાછી આવવા કેઉંછ.'

અને જ્યારે શાપુર તારાપોરવાલાએ એના મિત્રની લાંબી પણ નાકામયાબ કોશિશો તરફ ઈશારો કર્યો, ત્યારે શીરીનબાનુ લાગલાં જ બોલ્યાં, 'નોનસન્સ ! જહારે માટીડો એની બૈરીના પ્યારમાં હોય, તહારે ... નહીં સું વરી ... એ જાતની ચીજ હમ્મેસાં પાછી આવે ચ જ.'

અને શાપુર તારાપોરવાલાએ કોઈ જવાબ આપ્યો નહીં; એ પોતે હવે જરાક ખસિયાણા પડી ગયા હતા.**મ**

*મોપાસાંની વાર્તા 'રસ્ટ'ના રોજર કોલેટના અંગ્રેજી અનુવાદ ઉપરથી*

## સિલાસ કાપડિયા

# મગર અને મગરી





*વ્યવસાયઃ પ્રોફેસર-ગુજરાતી ભાષાસાહિત્ય. નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ. વિદ્યાનગર. રસરુચિઃ વાચન, પ્રવાસ, સંગીત, સાહિત્યસર્જન.*

***ઇ/૧૧ સૂર્યા ફ્લેટ્સ - બી***
***સ્વામિનારાયણનગર***
***સામે નિઝામપુરા, વડોદરા***
***૩૯૦૦૦૨***
***મો. ૯૩૭૭૨ ૨૯૯૮૨૮***
***ફો ૦૨૬૫ ૩૦૧ ૯૧૩૨***


ડૉ. અનુરાધા ઘસઘસાટ ઊંઘમાં હતાં.

રૂપાએ જરા ઝૂકીને એમના ચહેરાને ચૂમી લેવાનું મન થયું, પરંતુ જાગી જાય તો - એવી દહેશતથી એ ત્યાં જ થંભી ગઈ. ફરી પોતાના પલંગ પાસે આવી. બારીના સળિયાને પકડીને, બહાર આંખો ખેંચતી ઊભી રહી ગઈ.

રાત્રિનો અંતિમ પ્રહર હતો. ચન્દ્ર આખેઆખો નદીના રેતાળ પટ પર ઢોળાઈ રહ્યો હતો. નદી જાણે સાવ પાસે આવી રહી છે યા એ નદી ભણી જઈ રહી છે, એવું એને લાગ્યું. એ જોતી જોતી જાણે કાંઠે થંભી ગઈ. ધીમે ધીમે તરંગાતું જળ જાણે એકદમ ઉછાળા મારવા લાગ્યું. મોટાં મોટાં મોજાંઓ નેએ મોજાંઓમાંથી માથું બહાર કાઢી, ફરી ફરી માથું મોજાંઓમાંથી પછાડતો એક કાળોકાળો મગર...



માથું પછડાતું જતું હતું... જળ, લોહી રંગનું થતું જતું હતું... તરફડતો, ઢળી પડતો એક હાથ, લટકી પડેલો, માથું અડધું મગરની મોંફાડ બહાર લબડી પડેલું ને ડોળા ફાટી ગયેલા...

એ સ્તબ્ધ બની જોતી જ રહી.

એકાએક ચીસો પર ચીસો પાડતી એ બારીના સળિયા પર માથું પછાડવા લાગી. વાળ ખેંચવા લાગી. ચીસો વધતી ગઈ. એની ચીસોથી ડો. અનુરાધા જાગી જ ગયાં હતાં, છતાં એમણે રૂપાને ના રોકી. હવે રૂપા ચીસો પાડતી બંધ થઈ ગઈ, પરંતુ રડવાનું, વાળ ખેંચવાનું તો ચાલુ જ હતું. ડો. અનુરાધા એને લઈને પલંગમાં બેઠાં. મા શિશુને વળગી પડે એમ એ રૂપાને વળગી રહ્યાં. રૂપાનું માથું એમના ખભે ઢાળ્યું. રૂપાના માથે, વાંસે, ખભે એમનો વત્સલ હાથ ફરતો રહ્યો. જરાવારમાં રૂપાશાંત થઈ ગઈ. ડો. અનુરાધાએ હળવેથી એને પલંગમાં સુવડાવી દીધી ને ક્યાંયવાર સુધી એના માથાને પસવારતાં રહ્યાં.

નદીના ઉપરવાસમાં, વૃક્ષો અને બાગબગીચાઓ અને ફૂલછોડથી ઘેરાયેલા આ કેમ્પસની, આ કેન્સર હોસ્પિટલના. ડો. અનુરાધા સ્થાપક હતાં. હોસ્પિટલની નજીક જ આ એમનો બેઠાઘાટનો નાનો બંગલો હતો. રૂપાને એમની સાથે જ રાખી છે. રૂપા કવયિત્રી છે. ગાયક છે. વાદક છે. ફિઝિયોથેરપિસ્ટ છે. આઠ માસ પહેલાં એ એના કેન્સરગ્રસ્ત પતિને લઈને અહીં આવી હતી. રૂપાના પતિને એક મેજર ઓપરેશનમાંથી પસાર થવું પડેલું. હજુય લાંબી સારવારની જરૂર હતી તેથી બંને અહીં જ રોકાયેલાં. રૂપાનો પતિ સુબોધ આમ સ્વસ્થ હતો. બંને સાથે ડો. અનુરાધાને ખૂબ જ ફાવતું. ડો. અનુરાધાને પણ સંગીત અને કળાઓમાં ઊંડો રસ હતો. ત્રણેય મળે ત્યારે ફિલ્મ, સંગીત અને કાવ્યોની વાતો થાય. રૂપા મધુર કંઠે ગાય. એક દિવસ, રૂપા અને સુબોધ નદીકાંઠે બેઠાં હતાં. સ્તબ્ધ રાત્રિમાં રૂપાનું ગીત પ્રસરતું જતું હતું. એ ડો. અનુરાધાના કાનમાં જંપ્યું ને ડો. અનુરાધા ચૂપચાપ નદી કાંઠે પહોંચી ગયા. બંનેને ખબર જ ના પડી કે પાછળ કોણ ઊભું છે! ગીત પૂરું થયું ડો. અનુરાધા રૂપા પાસે ગયાં. એનો હાથ હાથમાં લીધો. એમની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. 'માય સ્વીટ ડોટર... ગોડ બ્લેસ યુ...' બોલીને ચૂપ થઈ ગયાં. ત્રણેય ક્યાંયવાર લગી ચાંદનીને લઈને વહેતા જળને જોતાં રહ્યાં.

ડો. અનુરાધાને એ રાત યાદ આવી.

ડો. અનુરાધા શાંતિથી ઊંઘતી રૂપાને જોઈને મનોમન બોલ્યા : 'આ છોકરીનું શું થશે?' ડો. અનુરાધા ઊભાં થયા. દરવાજો ખોલ્યો. સામે ડો. માયા 'આવ..., કહેતાં એ રૂપાના પલંગ પર બેસી પડ્યાં. રડવા લાગ્યાં. ડો. માયાએ એમના ખભે હાથ મૂક્યો. પલંગની ધારે એમને અડીને બેઠાં. ડો. અનુરાધાએ ડો. માયાને કહ્યું : 'જોને માયા આ છોકરી... આનામાં મને મારી ટૂપુર જ દેખાય છે. એ અત્યારે આવડી જ હોત...'

આટલું બોલતાં બોલતાં એ અસ્વસ્થ થઈ ગયાં. થોડીવાર મૌન. અચાનક ડો. અનુરાધા ધીમું ધીમું રડવા લાગ્યા. ડો. માયાએ એમના ખભે હાથ મૂક્યો. એકદમ જ રૂપા જાગી ગઈ. સફાળી બેઠી થઈ ગઈ. ડો. અનુરાધાની પાસે સરકી. એમનું માથું એણે એની છાતી પર દબાવ્યું. એને થયું : મારા વર્તનથી મમ્મા રડે છે. એ બોલી : 'મમ્મા! હવે એવું નહીં થાય... પ્રોમિસ...'

આ રૂપાનું આવું જ છે. એ આમ તો એકદમ નોર્મલ જ હોય છે, ક્યારેક ક્યારેક જ આવું એને થાય છે.

રૂપા શાળાના વર્ષો દરમિયાન હોસ્ટેલમાં રહેતી હતી. એ દિવસે એ હોસ્ટેલમાં હતી ને એણે જાણ્યું કે વતનમાં ભૂકંપ થયો છે ને મમ્મી પપ્પા ને નાની બહેન... અચાનક નિરાધાર થઈ ગયેલી આ તેજસ્વી છોકરી સરસ ભણી ને ત્યાંથી હોસ્ટલની મદદથી જ અનાથાશ્રમમાં રહીને સાયન્સ લાઈન લઈને ફિઝિયોથેરપિસ્ટ બની. અનાથાશ્રમમાંથી નીકળી એણે દૂરના શહેરમાં નોકરી લીધી. બાકીનો સમય એ દવાખાનાની બહાર, ઝૂંપડપટ્ટીના બાળકોને ભણાવતી, જરાક દૂર એક પ્લાસ્ટિકની ફેક્ટરીમાં સુબોધ એન્જિનિયર હતો. રોજ જતાં આવતાં એ રૂપાને ને રૂપા એને જુએ. એક દિવસ બંને સીમમાં દૂર ફરવા ગયાં. પરિચય વધતો ગયો ને સુબોધે ઘરે વાત કરી. 'એક અનાથાશ્રમમાં મોટી થયેલી છોકરી સાથે લગ્ન? શા માટે?' માબાપે ના પાડી.

ચૂપચાપ સુબોધે ઘર છોડ્યું.

રૂપા સાથે અનાથાશ્રમના નાનકડા હોલમાં લગ્ન કર્યું.

દોઢેક વરસ ભારે આનંદમાં પસાર થઈ ગયું. એક દિવસ અચાનક સુબોધને માથાનો દુખાવો ઉપડ્યો. અસહ્ય. આરંભે આ દવા, પેલી દવા. આ ડોક્ટર, પેલા ડોક્ટર. એ પછી જાતજાતના ટેસ્ટ ને અંતે રૂપા સુબોધને લઈને આ હોસ્પિટલમાં આવી ને...

સુબોધના મૃત્યુ પછી એ સાચે જ નિરાધાર થઈ ગઈ, એ વેળા ડો. અનુરાધાએ એને સાચવી લીધી. પોતાની

સાથે જ એને રાખી. પુત્રી મળી એવી ધન્યતા અનુભવી. થોડા દિવસો પસાર થઈ ગયા. રૂપાએ કહ્યું : 'મમ્મા! હવે હું જાઉં!'

'ક્યાં?' ડો. અનુરાધા રૂપાને બાઝી પડ્યાં. કહે : 'તું મારી દીકરી છે. મારી જોડે જ તારે હવે કાયમ રહેવાનું છે. સુબોધ હવે નથી એટલે તારે ક્યાંય જવાનું નથી.'

ડો. અનુરાધા અને રૂપા વચ્ચે ભારેખમ મૌન તોળાયેલું રહ્યું. ડો. અનુરાધાએ મન મક્કમ કરી કહ્યું : 'રૂપા! તને જોઉં છું ને મને મારી ટૂપુર યાદ આવે છે, એમ નહીં, તારામાં મને ટૂપૂર જ દેખાય છે. મારા પતિ પણ ડોક્ટર હતા. ટૂપૂર પણ મેડિકલ કોલેજમાં ભણતી હતી. પ્રથમ વર્ષમાં હતી. અમે ત્રણેય મહાબળેશ્વરથી પૂના, કારમાં આવતાં હતાં. એક ભેખડ કાર પર ધસી પડી. બારણું ખૂલી ગયું ને હું રસ્તાની ધારે ફસડાઈ પડી. ભાનમાં આવી ત્યારે દવાખાનાના પલંગે હતી. એ બંનેને ના જોતાં ફરી બેહોશ થઈ ગઈ. સતર દિવસે માંડ સ્વસ્થ થઈ. બંનેના મોઢાં ય ના જોઈ શકી, કેવળ છાપામાં સમાચાર ને તસવીર જોઈને...

આ ચારેબાજુની જમીન અને આ હોસ્પિટલ-અમારું બંનેનું સહિયારું સ્વપ્ન! ટૂપુર પણ કહેતી : 'મમ્મા! ડોક્ટર થઈને હું પણ તમારી સાથે જોડાઈ જઈશ!' હવે એવું નથી લાગતું. બધા જ મારા માટે સ્વજન છે. તું આવી ને મારું જીવન બદલાયું. તને એ રાતે નદીતટે ગાતી સાંભળી ને મને ટૂપુર પાછી મળી.

રૂપા આ બધું સાંભળીને સ્તબ્ધ થઈ ગઈ.

'મમ્મા...' બોલતી ગળે વળગી પડી. 'હું છું ને મમ્મા! આપકી ટૂપુર...'

ડો. અનુરાધા ટૂપુરને, આંખ ભરાઈ આવી ને સામે નદી ધૂંધળી થતી ગઈ ત્યાં લગી જોતાં જ રહ્યા, ચૂપચાપ!

ચાર માસ વીતી ગયા.

હજુ પણ રૂપાને સુબોધના મૃત્યુના આઘાતમાંથી મુક્તિ મળી નથી. ઘણીવાર રૂપા ચીસો પાડીને બંગલો ગજવી મૂકતી. બહુ જ ધીરજથી, એને ડો. અનુરાધા સંભાળી લેતાં. એકવાર રૂપાની ગેરહાજરીમાં ડો. મધુકરે ડો. અનુરાધાને કહ્યું : 'ડો. અનુ! આ રૂપાને કોઈ મનોરોગના નિષ્ણાત ડોક્ટર પાસે લઈ જાઓ...' ડો. અનુરાધાના સ્મિત કરતાં બોલ્યા : 'ડો. મધુકર! મારી આ દીકરી, પાગલ થોડી છે કે એની કંઈ સારવાર હોય! તમે કદી એના વર્તનમાં કશું ય અજૂગતું જોયું? ના, એ મારી પાસે જ બરાબર છે...' એમને રૂપાના જીવન વિશે બધી જ ખબર હતી. એક સાંજે રૂપા અને સુબોધ સાથે એ નિરાંતે બેઠેલાં ત્યારે બધી જ વાત રૂપાએ મનભરીને કરી હતી. રૂપા આવું વર્તન શા માટે કરે છે, એ પણ ડો. અનુરાધા જાણતા જ હતાં. એ પણ જાણતા હતાં કે રૂપા ખુદ આમાંથી મુક્તિ મેળવશે.

એ દિવસે રૂપાએ જ ડો. અનુરાધાને કહ્યું : 'મમ્મા! આ નદી અહીં જ કેમ? આ નદીની સામે જ તમે કેમ હોસ્પિટલ બાંધી? મમ્મા થાય છે કે એ મગરને ફાડી ખાઉં! બંદૂક હાથમાં આવે તો એને ઠાર જ કરી દઉં... આવું આવું થાય છે મને મમ્મા!'

રૂપા રડી પડી.

ડો. અનુરાધાએ રૂપાનો હાથ હાથમાં લઈને શાંતિથી કહ્યું : 'એ મગરને શા માટે એને દુશ્મન ગણે છે? એ તને ઘણીયવાર જુએ છે ચૂપચાપ. એની આંખમાં આંસુ હોય છે. એ તારી પાસે આવવા માંગે છે.'

રૂપા સ્તબ્ધ થઈ ગઈ.

'મમ્મા! એ મગર મિત્ર જેણે સુબોધને... એ મિત્ર બની શકે? એ તો મનેય...'

રૂપા બારી બહાર એ જોતી. મગરને જોતી. એની આંખમાં જરાય હિંસતા નથી હોતી. એ આંખને જોઈ જ રહું છું ને એમાં મને સુબોધની આંખ દેખાઈ છે. એ દિવસે ડો. અનુરાધા સાથે જમતાં જમતાં રૂપાએ કહ્યું : 'મમ્મા! આજે પૂનમ છે. બહુ દિવસ થયા નદીકાંઠે નથી ગઈ, આજે જવાની ઈચ્છા છે. બંગલાની સામે જ તો છે ને ભર્યું ભર્યું અજવાળું! કાંઠે સ્ટાફના છોકરાઓ ય રોજ ફૂટબોલ રમે જ છે. ચિંતા શી મમ્મા... હું તો જઈશ જ...'

ડો. અનુરાધાએ રૂપાને કહ્યું : 'હોસ્પિટલમાં રાઉન્ડ લઈને આવું છું. પછી જજે...' એ નીકળી ગયા.

રૂપા બારી બહાર એ મગરને જોતી. એની આંખમાં જરાય હિંસતા નથી. આંખને જોઈ જ રહું છું ને એમાં મને સુબોધની આંખ દેખાઈ છે. એ દિવસે ડો. અનુરાધા સાથે જમતાં રૂપાએ કહ્યું : 'મમ્મા!' આજે પૂનમ છે. બહુ દિવસ થયા નદીકાંઠે નથી ગઈ.

રૂપા રાત્રિના આઠેક વાગે નદીકાંઠે ગઈ. ચાંદની વરસતી હતી. ચારે બાજુ સન્નાટો હતો. ચાંદનીમાં જળ તરંગાતું હતું. ચમક ચમક ચાંદની એના ચહેરા ય પ્રગટતી હતી.

રોજ વહેલી સવારે રૂપા અને સુબોધ આ નદીકાંઠે આવતાં. સુબોધ નદીમાં નહાતો ને રૂપા મધુરકંઠે ગીત ગાતી. રૂપા પર એ પાણી ય છાંટતો. એ સવારે એણે રૂપાને પાણીમાં આવવાનો આગ્રહ કર્યો હતો. રૂપાએ હા પણ પાડીને જળભણી ખેંચાતી ગઈ ત્યાં તો સુબોધને ખેંચતો એણે જોયો. ચીસો... ધમપછાડા... જળમાં થપાટો ને...

એક દિવસ રૂપાએ ડો. અનુરાધાના ગળે બેઉ હાથ વીંટાળીને કહ્યું : 'મમ્મા! પેલા સ્વપ્ન પછી રોજ એવા સ્વપ્નની ઝંખના કરું છું, પરંતુ... ઘણીવાર નદીને જોતી રહું છું. પાણીમાંથી મગર કાંઠે આવે છે. મારી સોડમાં માથું રાખી બેસી જાય છે.

રૂપાએ ચીસાચીસ કરી મૂકી હતી પરંતુ સુબોધ મગરના ભયાનક જડબામાંથી મુક્ત ના થઈ શક્યો.

રૂપાને એ દૃશ્ય દેખાયું!

એ જોતી જ રહી ગઈ. એણે ચીસો ના પાડી. ચીસો પાડવા જેવું જાણે કશું બન્યું જ નહીં. ભારે હૈયે એ જોતી હતી છતાં ડર નહોતો.

રૂપા આવી. પ્રસન્ન ચહેરે, ડો. અનુરાધાની સામે ઊભી રહી. બંને પલંગમાં બેઠાં. રૂપાએ સહજભાવે જ તરત ગાવાનું શરૂ કર્યું. મનભરીને ગાયું. 'મમ્મા..., કહેતી મમ્માના ખોળે માથું ઢાળી સૂઈ ગઈ.

થોડીવાર ડો. અનુરાધા વિસ્મિત આંખે રૂપાને જોઈ રહ્યાં. એના ગાલને ચૂમ્યા. હળવેથી એને સરખી સુવડાવીને, પોતે એની જોડે જ સૂઈ ગયાં.

ડો. અનુરાધા ઊઠ્યા ત્યારે રૂપા બાગમાં હતી. ફૂલછોડને પાણી પીવડાવતાં પીવડાવતાં એ મુક્તકંઠે સરસ ગીત ગાતી હતી. એના ચહેરે ડો. અનુરાધાએ ગજબનો ઉત્સાહ જોયો. એ ખુશખુશાલ થઈ ગયાં.

રૂપાએ કહ્યું : 'મમ્મા! ગઈ કાલે તો ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. સરસ સ્વપ્ન આવેલું, કહું તને, સાંભળ! ચાંદનીથી તરબતર નદીકાંઠો. સૂનકારથી છવાયેલું વાતાવરણ! નદીનું જળ ઉછળે છે, જાણે દરિયાઈ મોજાંઓનો ઉછાળ! એ, હા, એ જ મગર બહાર આવ્યો. એની સામે મેં અને મારી સામે એ! એની આંખને હું જોતી જ રહી. એ પણ મારી સામે જ જોતો જ રહ્યો. એ કાંઠે આવ્યો. મારી પાસે સરક્યો. જરાય ડર રાખ્યા વિના બેસી જ રહી. એની જ જાણે રાહ જોતી હતી. એ મારી બાજુમાં આવી બેઠો. મેં એના માથે હાથ ફેરવ્યો. એ મારી વધારે નજીક આવ્યો... ને મમ્મા આ શું?

એ અચાનક બદલાઈ ગયો. મગર, મગર જ રહ્યો! મગર અને મગરી... ને પછી! મમ્મા પછી વળી ગજબ થયો! પહેલાં હું ને સુબોધ જે શાંતિથી જળકાંઠે બેસતાં હતાં, એમ હું ને સુબોધ ત્યાં જળકાંઠે બેઠાં હતાં.

એ થંભી ગઈ.

બંને વચ્ચે મૌન!

દૂર નદી ભણી જોતી હોય એમ એ જોવા લાગી.

'મમ્મા! આવું હોય...!'

ડો. અનુરાધા એટલું જ બોલ્યાં : 'હવે એ મગરને સ્વપ્નમાં જોયો એ રીતે જોવાની કોશિશ કરજે... બધું સારું જ થવાનું છે.'

સ્વપ્નની ઘટના પછી ડો. અનુરાધાએ મનોમન નોંધ્યું કે રૂપા ગાય છે. ગિટાર વગાડે છે. કાયમ હસમુખી જ હતી, હવે બહુ જ ખુલ્લા મને હસે છે. બાગકામ કરે છે. ઝૂંપડપટ્ટીના બાળકોને ભણાવવા જાય છે. પોતે ફિઝિયોથેરપિસ્ટ છે, હવે ત્યાં એ વધારે કલાકો આપવા લાગી છે.

બારી પાસે ઊભી રહેલી રૂપાને જોઈને હવે પહેલાંની જેમ ડો. અનુરાધા ચિંતાથી ઘેરાઈ જતાં નથી.

એક દિવસ રૂપાએ ડો. અનુરાધાના ગળે બેઉ હાથ વીંટાળીને કહ્યું : 'મમ્મા! પેલા સ્વપ્ન પછી રોજ એવા સ્વપ્નની ઝંખના કરું છું, પરંતુ... જોકે ઘણીવાર નદીને જોતી રહું છું. પાણીમાંથી મગર કાંઠે આવે છે. મારી સોડમાં માથું રાખી બેસી જાય છે. હું એના શરીર પર હાથ પસવારું છું. મને બહુ જ શાંતિનો અનુભવ થાય છે. ઘડીભર ભૂલી જાઉં છું કે ક્યાં છું? વિમાસણમાં પડી જાઉં છું કે પેલી રાતના સ્વપ્નમાં તો હું નથી ને!'

ડો. અનુરાધા ચૂપચાપ સાંભળી રહ્યાં.

ડો. અનુરાધાએ જોયું : આંખ સામે મગર અને મગરી તરવરી રહ્યાં છે. **મ**



હું કુંજલ પ્રદીપ છાયા. નિવાસ માનકુવા, ભૂજ. વય ૨૬ વર્ષ, વ્હીલચેર સર્વાઇવલ ગર્લ. કળાવસ્તુ અને કોચિંગ ક્લાસ ઘરેથી જ કરાવું છું. કુંજલ ધિ લિટલ એંજલ નામથી કલમ ચલાવું છું. નેટ પર ક્યારેક મૌલિક રચના કે વાર્તા મૂકું છું.

**ફો. ૯૮૨૫૩૫૫૬૪૩**
**kunjal1232002@yahoo.com**

કુંજલ છાયા

# માડી આઉં અચાતો

નવ પર બેય કાંટા બરાબર એકમેકમાં મળ્યા' ને 'કાન'બાના ઉપરના ધબકારા વધી ગ્યા. તારીખિયુંય આંખોમાં વસી ગ્યું ૨૬ જાન્યુઆરી ૨૦૧૧...

આજે દસ દસ વરસનાં વાં'ણાં વીતી ગ્યા. એ ગોઝારા ભૂકંપની ઘડી આજેય વ્યાકુળ કરી દેનારી છે. એ સાઠ વરસની ડોસી પાસે એક દીકરા સિવાય કોઈ બીજી મૂડી નથી. ''એના બાપાય મને સાવ નાની ઉંમરમાં એકલી મેલીને સ્વર્ગે સિધાવ્યા'તા. પારકા ઢહેડા કરીને એને ઉછેર્યો, ભણાવ્યો.'' માજી ઓટલે બેઠેલી બા'યું આગળ મન ઠલવાતાં હોય ત્યારે આ શબ્દો તો નીકળે જ!

''માડી તેં જિંદગી આખી ખૂબ વેઠ્યું. હવે હું તને બંગલામાં આરામ કરાવીશ.'' મારા ગગાને મને બંગલો બાંધી દેવાનું સ્વપ્નું... તે એણે સિવિલ એન્જિનિયરિંગ કર્યું. ત્યાંથી શરૂઆત કરતાં ''અવરને મન રસની કથા'' એ રીતે લોકો કાનબાઈ-માજીની વ્યથા ભરેલી વાતો સાંભળવા ઊભાં પણ રહેતાં.

લોકો એમની બોલવાની છટા પર હસતાં ત્યારે ''ગૈઢી ડોસલી પર આમ દાંત 'મ' કાઢો હો.'' કહી લાકડી પછાડતાં એના ઓરડામાં પેસી જાતાં. કો'ક અજાણ્યું શેરીમાં વટાતું દેખાય એટલે લાકડીના ટેકે બહાર નીકળી બધી પૂછબરછ કરતાં. ભલેને ઓલાને મોડું થતું હોય, પણ જ્યાં સુધી માજીને સંતોષ ન થાય ત્યાં સુધી એને જવા ન દે! તું કોનો ગગો? ક્યાં નોકરી કરશ? શું પગાર મળે? મકાન પોતાનું છે કે ભાડીતું? અધધધ પ્રશ્નો. જાણે 'કૌન બનેગા કરોડપતિ'ના ૧૪ પ્રશ્નો!

પણ લોકો હવે આ માજીથી ટેવાઈ ગયા હતા. કેટલાકને માજી પોતીકાં થઈ ગ્યાં'તા



તો કેટલાંકને મન માજીનો ઓટલો એટલે ઇ-ટીવી ગુજરાતી!

આજુબાજુ છોરાંઓ રમતાં હોય એમને બહુ અવાજ કરે તો દમદાટી આપે, જો લાજ સરકી તો વહુવારુઓને ઠપકો આપવામાં પણ અચકાય નહીં! જાણે ફળિયો આખો એનું કુટુંબ! પણ તોય એનું કોણ?

કોઈ અજાણતાં પૂછી બેસે જો - ''કાં બા બેઠાં છો?'' - તો પત્યું. માજીની પોથી ખૂલે.

●●●

''એને ભૂજની કોઈ સારી કન્સ્ટ્રક્શન કંપનીમાં નોકરી પણ તરત જ મળી ગઈ. એની પ્રગતિ દિવસે દિવસે વધતી હાલી. કોણ જાણે શું કમાતો!

'મોટો સાહેબ થઈ ગ્યો છે' ઈ ક્યાં મારું સાંભળે. ત્રીસી વટાવશે તો કોઈ ફૂટડી છોરી નઈ દે.. એકનો એક જુવાનજોધ દીકરો, માનું મન. કેટલાય ઓરતા છે. લાડી લાવશે' ને ખેરાત જમાડીશ. બસ કોઈ ગમવી જોઈએ... હું તરત જ માંડવો બંધાવીશ.'

ઈ કે'તો,

''માડી તું હવે આરામ જ કર આપણા દુઃખના દા'ડા ગ્યા.'' ત્યારે મારી છાતી ગજગજ ફુલતી! ''મને એમ થતું કે મેં કયાં તો એવાં પૂન કર્યાં હશે કે આવો શ્રવણ પાક્યો મારા પેટે...!!''

પણ એકની એક વાત સાંભળેય કોણ? ક્યારેક તો માજી એકલાં એકલાં બબડતાં-

''જો જો કો'ક મારા ગગા હાટું કોઈ સારી છોરી ધ્યાનમાં હોય તો કે'જો. હવે તો મલક કમાય છે ઇ તો.'' એવું માજી હરખમાં બોલતાં.

''મોટો સાહેબ થઈ ગ્યો છે' ઈ ક્યાં મારું સાંભળે. ત્રીસી વટાવશે તો કોઈ ફૂટડી છોરી નઈ દે.. એકનો એક જુવાનજોધ દીકરો, માનું મન. કેટલાય ઓરતા છે. લાડી લાવશે' ને ખેરાત જમાડીશ. બસ એને કોઈ ગમવી જોઈએ... હું તરત જ માંડવો બંધાવીશ.''

એવું ઓછું આછું ઘણા જૂના પાડોશીઓને યાદ આવે છે.

ક્યારેક મોટી ગાડી ઘર સુધી મેલવા આવતી. માજી પૂછી લેતાં... ''ઈ કોણ હતું?'' ને ગગો કે'તો મારા સાહેબ. ''લાગે છે સાહેબ તને ઘણો રાખે છે.'' ''હા, રાખે જ ને વળી... હું એમને કામ પણ એટલું આપું છું ને માડી તું બસ જોતી જા. તારો ગગો ક્યાંનો ક્યાં પહોંચી જાશે. ગગનચુંબી ઈમારતોનો માલિક હશે. આવી જ મોટરગાડીઓ 'ને નોકરો હશે તારી ચાકરી માટે... બસ થોડી રાહ જો...'' ''ઝટ કરજે. હું રાહ જોતાં ધામ ન સિધાવી ન જાઉં!'' હળવું હસીને બોલતાં. વળી, આવો વાર્તાલાપ સંભળવતાં હોય ત્યારે માજીની આંખ ભીની થાતી.

●●●

રાત પડતાં માજી ઓરડામાં એકલાં રોટલો ખાઈ પરવારતાં ને સૂતાં ઝબકી જતાં. એમને ઓચિંતું યાદ આવતું. એક રાતે ગગાને મેલવા મોટી મોટરગાડી આવી. ફળિયામાં અજવાળું થ્યું.

ડેલીની સાંકળ ખખડે ઇ પે'લાં તો માજીએ દરવાજો ખોલ્યો. માડી ઝટ બંધ કર. એમ કહેતા એ હાંફળોફાંફળો ઘરમાં ઘૂસ્યો.

કંઈ સમજાય... કંઈ પુછાય તે પહેલાં બત્તી ઓલવીને એ સૂઈ ગયો.

સવારે હાથમાં રૂપિયાની ઢેગ થોકડીઓ ધરીને કહે, માડી આ સાચવજે... માલિકના છે. સાહેબે ભરોસાથી સાચવવા આપ્યા છે.

અનુભવી આંખો ફૂટી ગઈ આ બધું જોઈને, પણ શું કહે દીકરાને. થયું સાંજે આવશે ત્યારે વાળુ કર્યા પછી સમજાવીશ... એમ મન મનાવીને દીકરાને કામે વળાવ્યો.

દીકરો પોર ઢળતાં જ ઘેર આવી પેઠો'તો...

''માડી આજે તું ગરમ ગરમ રોટલો ને ઓળો જમાડ ને.'' દીકરાએ ફરમાઈશ મૂકી. કાતિલ ઠંડી સામે ચૂલો પણ આગ માંડ પકડતો હતો.

રોટલો ઘડતી વખતે જાણે મનમાં પણ કૈંક ઘડાતું હોય એમ માજી ચૂપ હતાં.

''વાહ! આજે તો મજો પડી ગ્યો... બાજરાનો રોટલો ને રીંગણનો ઓળો... લસણની ચટણી ને કાંદાનો દડો! હારે ગોળનું દડબુંય!

''માડી આજે તો મેં મન અને પેટ ભરીને જમ્યું ઘણા દીએ. બસ હવે નિરાંતે સૂઈ જઈશ.'' એવું ખાટલો ઢાળતાં બોલ્યો. હવે માજીથી રહેવાયું નહિ. એ પૂછી બેઠાં, ''તને નીંદર તો આવશે ને ગગા?'' ''એવું કાં બોલી માડી?'' સફાળો બેઠો થઈને દીકરો સામો પૂછી બેઠો.

હવે માજી ફોડ પાડીને બોલ્યાઃ ''ગગા તે કંઈ ખોટું તો નથી આદર્યું ને? ને એમ ને એમ કોઈ શેઠ આટઆટલા 'ઢીંગલા' ફક્ત રાખવા ન આપે... એવું આ ઘરડી માડીને સમજાય છે.''

દીકરાનો ચહેરો સંકોચાતો જોઈ... માજી આગળ બોલ્યા: ''અડધો રોટલો મળે ઈ' મીઠો ગગા, પણ બીજાની આંતરડી બાળીને કે બીજાના હકનો રોટલો આપણને નૈ પાલવે. તારા બાપુના ગ્યા પછી તું જ મારો સહારો છો. જિંદગીઆખી પારકાં જોતરાં કરી તને ભણાવ્યો. હરામનો પૈસો ખાવામાં હવે આ જીવતર વેડફજે મા. નથી જોઈતા એવાં બંગલા-ગાડી.''

કંઈ જ બોલ્યા વગર દીકરાએ માને ખાટલે બેસાડી પોતે પગ કને બેઠો. ખોળામાં માથું મૂકવા જાતાં આંસુ સારી બેઠો, ''માડી આ ધંધો જ એવો છે. હું તો નાનો પડું એમાં, પણ તારી વાત મારે સોંસરવે ઊતરી ગઈ. હવે પછી તારા હાથમાં નીતિનો જ રૂપિયો મૂકીશ. તને લજાવીશ નૈ'' સવારે જ આ રૂપિયાની થોકડીઓ માલિકને આપી દઈશ એવા વાયદા સાથે મા-દીકરો સૂતાં.

•••

એ દિવસે સવારે રાબેતા મુજબ મને અને મા આશાપુરાને પગે લાગીને સવારે સાત વાગ્યે નીકળ્યો. મારું માથું ચૂમ્યું ને કહ્યું, ''માડી આઉં અચાતો'' (મા હું હમણાં આવું).

બસ પછી તો એ ગોઝારી ઘડી જાણે મારા દીકરાનો કોળિયો કરી ગઈ. આખો કછડો... ને એમાંય ભુજડો. તો સાવે ભાંગી પડ્યા, લોહીના ટશિયા નહિ... શેરો છૂટી...

એ દિવસે સવારે રાબેતા મુજબ મને અને મા આશાપુરાને પગે લાગીને સવારે સાત વાગ્યે નીકળ્યો. મારું માથું ચૂમ્યું ને કહ્યું, 'માડી આઉં અચાતો' (મા હું હમણાં આવું). પછી તો એ ગોઝારી ઘડી જાણે મારા દીકરાનો કોળિયો કરી ગઈ.

નાની-મોટી, જૂની-નવી ઈમારતોના કાટમાળના ડુંગર ખડકાયા! જાણે કુદરતી પ્રકોપનું ભૂંડું જગ ખડું થયું! કોણ, કોને શું ગયું'ને શું રહ્યું. એમાં મારા ગગાની ક્યાંથી ભાળ કાઢું? માજીના અવસ્થાવાળા દેહમાં કંપારી છૂટી જાતી, જયારે જયારે આ બધું યાદ કરે!

માજીને કોઈ સાંભળે, કોઈ સાંભળ્યું ન સાંભળ્યું કરે. એ તો પોતાની ધૂનમાં વાગોળ્યા કરે! ગગાનો ઇજનેરી પાસ કર્યાનો ફોટો હવે ઝાંખો થતો જાય છે, પણ આવતા-જતા લોકોને દરવાજાની બરાબર સામે જ લટકાવેલી તસવીર અચૂક બતાવે જ.

એક જ વિલાપ સતત મનમાં રહે. શું થયું હશે મારા દીકરા સાથે? શું વીત્યું હશે એની પર? કોને જઈને પૂછું? ન તો એના કોઈ માલિકના વાવડ કે ન એના... આડોશ-પાડોશના છોકરાઓ કંઈક બોલે... એની કંપનીએ ગુનો કર્યો છે. માલિક પણ ફસાયો છે.

એવું એવું સાંભળી હું તો થાકી. હવે હરિના તેડાની વાટ જોવું કે દીકરાની? એવું કહેતાં કહેતાં પણ ઈ' રાતની વાત માજીએ ક્યારેય કોઈને નથી કરી. ખોલી ઓરડી 'ને ખાટલો એમ જ ઢાળેલાં પડ્યાં છે. બિલોરી કાચ જેવાં જાડાં ને દોરીથી સાંધેલાં ચશ્માંમાંથી ઝાંખી નજરે બધું ઝાખું થતું જાય.... ને દા'ડા વીતે. બસ એ છેલ્લા શબ્દો 'માડી આઉં અચાતો' મનમાં ગુંજ્યા કરે છે... **મ**



**હવે પછી મમતામાં નવો વિભાગ શરૂ થશે**

## 'જીવેલું ને માણેલું'

તમારા જીવનના અનુભવો ૫૦૦ શબ્દોમાં લખી મોકલો. અમને ગમશે તો તમારા નામ સાથે પ્રગટ થશે તમારા શબ્દોમાં તમારી રામકહાણી



આપણા જ દેશની એક ભાષાની તદ્દન ભિન્ન, રોમાંચક જીવનસરણીની આ મણિપુરી વાર્તા સાહિત્ય અકાદમી, નવી દિલ્હીના 'ઇન્ડિયન લિટરેચર' સામયિક (મે-ઓગસ્ટ ૧૯૮૦ના વિશેષાંક 'એ હાર્વેસ્ટ ઓફ ઇન્ડિયન શોર્ટ સ્ટોરીઝ'માંથી લીધી છે. એ વિશેષાંકમાં છાપેલા આ લેખકના પરિચય મુજબ એ સમયે પ્રો. કુંજમોહન સિંઘ ઇમ્ફાલની મણિપુર કોલેજમાં ભણાવતા હતા. આ સિવાય કશેથી વિશેષ માહિતી મળી નથી.

**ગુજરાતી અનુવાદ**
**કામિની સંઘવી**
**મો. ૯૪૨૭૧૩૯૫૬૩**
**kaminiparikh25@yahoo.in**

## કુંજમોહનસિંઘ/મણિપુરી વાર્તા

# હિલ્સા માછલીનો સ્વાદ

ખુલ્લા આકાશમાં તારા ઝગમગતા હતા. ક્યારેક એકાદ તારો ખરતો હતો કે તેજ લિસોટામાં પરિવર્તિત થઈ નીચે પડતો હતો. નજીકમાં વહેતી બોરીક નદીના પાણીનો અવાજ હવામાં તરતો હતો.


હજી સૂરજ ઊગ્યો નહોતો. આસપાસ કોઈ નહોતું. માત્ર એક પિતા અને તેનો પુત્ર નદીમાં તેમની હોડીને સરસરાટ હાંકતા હતા. પુત્ર હલેસાં સંભાળીને બેઠો હતો અને પિતા જાળ સમી-નમી કરતો હતો. પિતાએ આજુબાજુ જોયું અને પોતાના પુત્રને બૂમ પાડી, 'એય મણિ? આ હમણાં સૂરજ ઊગશે અને હજી તું ઝોકાં ખાય છે? તારી આંખમાં તીખું મરચું ભરું કે શું? ઠંડા પાણીથી તારી આંખ સાફ કર અને ઊંઘ ઉડાડ!

મણિએ હલેસું મૂક્યું અને પોતાનો ચહેરો નદીના ઠંડા પાણીથી ધોવા લાગ્યો. કમર પરની પછેડીથી મોં લૂછી તેણે ફરી હલેસાં હાથમાં લીધાં.

પુત્રે પોતાની આજ્ઞાનું પાલન તરત જ કર્યું તેથી પિતા થોડો નરમ પડ્યો. તેણે બીડી અને માચીસ પેટી તેના ફાટી ગયેલા કુર્તાના જમણાં ખિસ્સામાંથી કાઢી અને પુત્ર તરફ લંબાવ્યા. 'મારી પાસે આ બીડી છે તેને ઝગવ અને બે-ત્રણ કસ લઈને મને આપ.'

મણિએ પોતાના બે હોઠ વચ્ચે બીડી દબાવી અને માચીસથી તેને સળગાવવા પ્રયત્ન કર્યો. બે-ત્રણ વાર પ્રયત્ન કરવા છતાં દીવાસળી ઝગી નહીં. મણિ ગુસ્સામાં બીડી ચાવવા લાગ્યો અને તેને માચીસ પાણીમાં ફેંકવાનું મન થઈ આવ્યું.

પુત્ર શું કરે છે તે પિતા જોતો હતો, તેણે કહ્યું, 'લાવ મને આપ. હું સળગાવી જોઉં.' આજકાલ માચીસની આજુબાજુ સલ્ફર બરાબર લગાડતા જ નથી ને!



વધારે પૈસા કમાવાના બધા ધંધા!' આવું કહેતાં તે મણિની નજીક આવ્યો અને દીવાસળી માચીસ સાથે ઘસી.

મણિએ લાંબો અને સંતોષકારક કશ લીધો અને તેને સ્પષ્ટ તથા રણકતા અવાજ 'બમ્મ ભોલાનાથ'નો નાદ સંભળાયો, 'જય શિવ શંભુ!' તે અવાજ નદીના બીજા કાંઠે જટા બાંધી રહેલા સાધુનો હતો.

બધા જાણે છે કે જો સાધુ ઊઠી ગયો છે તો હવે સવાર પડવાને બહુ વાર નહીં હોય! બીજા લોકો પણ નદી તરફ આવતા જણાયા. આ દરમિયાન પિતા-પુત્રે નાવ લંગુરબાબા તરફના ઊંડા પાણી તરફ હિંમતથી હંકારી. સામાન્ય રીતે નદીની આ બાજુ આવતા લોકો ગભરાય છે, પરંતુ અહીં વિપુલ પ્રમાણમાં માછલીઓ મળે છે. જો નદીનાં પાણી ઊંચાં-નીચાં થતાં હોય તો તેનો મતલબ અહીં અસંખ્ય માછલીઓ હશે. ક્યારેક મગર પણ અહીં મળી આવે છે. એક વર્ષ પહેલાં જ એક મગર અહીં મરાયો હતો.

જાળમાં જરાક આંચકો લાગતાં પિતાએ જાળ બહાર કાઢી. જોયું, પરંતુ અંદર કશું નહોતું. હોડીની નજીક માછલીઓ તેમનું નાક દેખાડતી તેનો ઉપહાસ કરતી હોય તેમ પાણીમાં દેખાયા કરતી હતી.

બેથી ત્રણ વાર જાળ ફેલાવી, પરંતુ પિતા-પુત્રના પ્રયત્ન નિષ્ફળ રહ્યા. પછી તેઓ નદીની દક્ષિણ દિશા તરફ આગળ વધ્યા.

આ સમય દરમિયાનમાં તેમની આજુબાજુ બીજી પાંચ-છ હોડીઓ આવી ગઈ હતી અને સવાર પડી ગઈ છે તે સ્પષ્ટ કળાતું હતું. નાયોરામ પરિવારના ઘાટ તરફ આગળ વધતા જ તેમનું નસીબ ઝળક્યું. જાળમાં એક મોટી હિલ્સા માછલી તેની રૂપેરી ચામડી ચમકાવતી ઉપર-નીચે થતી હતી. તેને જોઈ બન્નેના નિરાશ ચહેરા પર આનંદની સુરખી છવાઈ.

બન્નેમાં નાનો તેવો મણિ ઉત્સાહથી બોલી પડ્યો, 'બાપુ કેટલું સરસ! આનો સ્વાદ કેટલો મીઠો હોય છે!' 'ચૂપ રે! આમ અત્યાર આવું બોલવું સારું નહીં!' પિતાએ પુત્રને ઠપકો આપ્યો. કોઈના પગરવ સંભળાયા તેથી પિતાએ પાછળ ફરી જોયું તો નાયોરામ કુટુંબનો મોટી ઉંમરનો એક સભ્ય તેમની સામે જોઈ રહ્યો હતો. એ માણસે મોટેથી બૂમ પાડી તેને બોલાવ્યો, 'મણિના બાપુ... ઓ... મણિના બાપુ!'

થોડી વાર મણિના પિતાએ તે અવાજ સંભળાયો ન હોય તેવો ડોળ કર્યો, કારણ તેને આ માણસ સાથે ક્યારેય ઘરવટ લાગી નથી. તે જાણતો હતો કે માછલી ખરીદવા માટે જ તે બૂમ પાડે છે. વળી, જે બીજા લોકો આપે છે તેટલા સારા ભાવ ક્યારેય પણ નથી આપતો. પૈસાપાત્ર હોવા છતાં હંમેશાં ભાવ ઓછો કરાવવા રકઝક કર્યા કરે.

પેલા માણસે સતત તેને બૂમ પાડ્યા કરી આથી મણિના પિતાએ નાછૂટકે જવાબ આપવો પડ્યો, 'કાકા, તમે કશું કહેતા હતા?'

'તેં કેટલી માછલી પકડી? પેલા ઉંમરલાયક માણસે પૂછ્યું.' મને એક ખરીદવી છે. પાકિસ્તાનથી માછલીઓ આવતી બંધ થઈ છે તેને કારણે અમને સારી માછલી મળતી જ નથી. કેટલાંય વખતથી લાકડાના ટુકડા આવતા હોય તેવી બેસ્વાદ માછલીઓ ખાઈને કંટાળી ગયા છીએ. અમારી તબિયત પણ તે કારણે બગડી ગઈ છે.

આ નાયોરામ કુટુંબની વ્યક્તિ માછલી મેળવવા રોદણાં-રડવા લાગી અને ગમે તે પ્રકારે માછલી ખરીદવાના તેના આગ્રહથી મહિનો પિતા કંટાળીને પોતાની જાત સાથે જ બબડવા લાગ્યો. આખરે તેણે પેલો માણસ સાંભળી શકે તેવા અવાજમાં કહ્યું, 'આ સિવાય કંઈ પકડાયું નથી.'

'કંઈ નહીં તો મને આ આપી દે.'

'આજે મને માફ કરો. આ એકમાત્ર માછલી મળી છે તેથી હું વેચવા ઇચ્છતો નથી.'

મણિના પિતાના મોં પર વધારે વાત કરવાનો અણગમો જોઈ આખરે પેલા માણસે આગ્રહ પડતો મૂક્યો, પરંતુ આ માણસ સાથે રકઝક કર્યા પછી મણિના પિતાનું મોં વિલાઈ ગયું હતું. તે પોતાની જાતને જ કહેવા લાગ્યો, 'તેનો પડછાયો પણ મારા માટે અપશુકન સાબિત થાય છે.' આના જવાબમાં મણિએ કંઈક બીજું કહ્યું, 'મને પણ આ માણસ દીઠો ગમતો નથી. એક દિવસ આ માણસના છોકરાએ મને માર્યો હતો અને હું...'

તે હજી વાક્ય પૂરું કરે તે પહેલાં તેના પિતા રહીમુદ્દીન અને તેના છોકરાની જાળમાં પકડાયેલી માછલી જોઈને કહેવા લાગ્યો, 'તેમનાં નસીબ કેટલાં સારાં છે! હજી તો નદીમાં આવ્યા અને તરત જ માછલી પકડાઈ.'

રહીમુદ્દીને માછલીને જાળમાં બી કાઢતા અને હોડીમાં મૂકતા મોટા અવાજે પૂછ્યું, 'ચાઓબા, તેં કેટલી પકડી.'

'મને કંઈ ઝાઝી મળી નથી. આ એક જ પકડાઈ.'

'કંઈ નહીં, તારી મહેનત એળે નથી ગઈ ને! ગઈ કાલે મેં ત્રણ પકડી હતી અને દરેક ચાર રૂપિયામાં વેચાઈ. હા! મને મળી હોત તો હું પણ થોડા પૈસા રળી લેત, પરંતુ હવે સમય નથી, કારણ મેં મારી દીકરીને જમવા બોલાવી છે. તેને હવે છેલ્લા દિવસો જાય છે અને સાચી વાત કહું તો અમે હિલ્સાનો સ્વાદ શું હોય તે જ ભૂલી ગયા છીએ, કારણ કે અમને જે મળે છે તે વેચી દઈએ છીએ. આજે અમે હિલ્સાનો

સ્વાદ માણીશું.'

પિતા-પુત્ર ઘરે પાછા ફર્યા ત્યારે તેમને ઘરના છાપરાના આંગણામાં પડતા પડછાયા પરથી ખ્યાલ આવ્યો કે દિવસ ઘણો ચડી ગયો છે. તેની પુત્રી થમ્પાએ બનાવેલી કાળી ચા પીતાં પીતાં ચાઓબાએ ઘડીક પોરો ખાધો. તે જ સમયે કોઈકે ઝાંપા પાસેથી પૂછ્યું,'ચાઓબા... એ ચાઓબા... શું તેં આજે હિલ્સા પકડી છે. તે સાચું છે?' તને ખ્યાલ આવ્યો કે આ અવાજ તો કોનસોમ કન્હાઈનો છે.

કન્હાઈનો અવાજ સાંભળતાં જ તેના શરીરમાં ધ્રુજારી વ્યાપી ગઈ. તેને યાદ આવ્યું કે કન્હાઈની પોણા ત્રણ રૂપિયાની ઉધારી ચૂકવવાની બાકી છે. ચાઓબા કંઈ જવાબ આપે તે પહેલાં તેનો નાના છોકરાએ બોલી દીધું, 'હા! એક મોટી માછલી બાપુએ પકડી છે.' કન્હાઈએ આ શબ્દ સાંભળ્યા કે નહીં તેને ખબર ન પડી છતાં ચાઓબાએ તેના દીકરાને ચૂપ કરી દીધો, આ છોકરાની જીભ તો કાતરની જેમ ચપ્પડ ચપ્પડ ચાલે છે. 'ચૂપ રે! તને કોણ આ બધી પંચાત કરવાનું કહે છે?' તે બોલ્યા પછી ઝાંપા તરફ જોઈ તેણે જવાબ આપ્યો. 'અમને એક પણ માછલી મળી નથી. તમને કોણે આ કહ્યું?'

'ભલે ત્યારે... તને કંઈ ન મળ્યું હોય તો કંઈ નહીં...' કન્હાઈ આ કહી જતો રહ્યો, પરંતુ નાનકડા મુક્તાની જીભ તો ચૂપ રહેવાનું સમજતી જ નહોતી. તેણે તેના દોસ્તોને રમતાં રમતાં કહી દીધું, 'આજે બપોરે અમે હિલ્સા ખાવાના છીએ. બાપુએ તેને નદીમાંથી પકડી છે. તેં ક્યારેય હિલ્સા ખાધી છે? આવું કહેતાં કહેતાં તેના હાથ અને આંખો હિલ્સા માછલી ખાવાના આનંદમાં નૃત્ય કરતા હતા. હજી તે કહી જ રહ્યો હતો અને તેની બહેન થમ્પા તેના પિતા માટે હુક્કો લાવી અને તેમને આપતાં કહ્યું, 'બાપુ, આજે રાંધવા માટે ભાત નથી. હવે શું કરીશું?'

આ સાંભળી થોડી વાર માટે ચાઓબા તેની પુત્રી સામે જોઈ રહ્યો અને તેની હુક્કો પીવાની તલપ મરી ગઈ. સંજોગવશ તે જ સમયે આ પરિવારનો જૂનો અને ઘરડો થવા આવેલો, જેના દરેક હાડકાં દેખાતાં હતાં તેવો કૂતરો ધ્રૂજતો ધ્રૂજતો ઘરના ફળિયામાં દેખાયો. બિચારો! આ કમનસીબ જંતુ બધાં શું ભાગ્યનો ભોગ બન્યો. તેને જોતાં જ ચાઓબા ગુસ્સામાં જે લાકડાના ટેબલ પર તે બેઠો હતો તે કૂતરા તરફ ફેંક્યું. કૂતરો તે ચૂકવવામાં સફળ રહ્યો. કદાચ તેની નિર્દોષતા તેની મદદે આવી અને ભસતાં ભસતાં તે ઝાંપા તરફ ભાગ્યો.

ગુસ્સો હજી પણ ચાઓબામાં ભભૂકતો હતો. તે ઘરની અંદર ગયો તો લાંબા સમયથી પથારીવશ તેવી તેની પત્નીને સૂતેલી જોઈ તેનું મોઢું વંકાયું. થોડા સમય પહેલાં જે કંઈ અણગમતું બન્યું છે તેનાથી અજાણ તેવી તેની પત્ની દુર્બળતાથી બોલીઃ 'ઘરમાં ચોખા નથી તે દીકરીએ કહ્યું, તે તમે સાંભળ્યું?'

તેનો ગુસ્સો ફરી ભભૂકી ઊઠ્યો, 'હંમમ... હું એકલો બધે કેવી રીતે પહોંચું. આખો દિવસ બીજાનો વાંક કાઢ્યા કરે છે, તે મરતી કેમ નથી?' તે હજી વધારે ગુસ્સો ઠાલવત, પરંતુ બહારથી કોઈનો અવાજ આવ્યો અને તે અટક્યો. તે જોવા ઘરની બહાર આવ્યો છે કે કોણ આવ્યું છે. ત્યાં થાનીનજાઓનો ભલો ચહેરો જોઈ તે એક ડગલું પાછળ હઠ્યો. 'શું કામ છે?' તેણે પૂછ્યું.

'વાત એમ છે કે મારી દીકરી થાબાલેઈ આજે ઘરે આવવાની છે અને તેને માટે એક પણ માછલી મળી શકી નથી. મને ખબર મળ્યા કે તને માછલી મળી છે. એટલે હું તે ખરીદવા આવ્યો.' થાનીનજાઓએ કહ્યું.

'ઓહ! એક જ માછલી પકડાઈ છે. તમે જાતે જ જોઈ લો...' આ શબ્દો બોલી ચાઓબા થાનીનજાઓને ઘરમાં લઈ ગયો... અને માછલી દેખાડી. 'આના કેટલાં માગે છે તું?' થાનીનજાઓએ કહ્યું, 'મને ચાર આપો. આ બોરાકની હિલ્સા છે. ખૂબ જ સ્વાદિષ્ટ હશે.'

'સારું, હું તને સાડા ત્રણ આપીશ.' થાનીનજાઓએ જવાબ આપ્યો અને માછલી ઊંચકીને તેનું નિરીક્ષણ કર્યું.

'તમારે મને હમણાં જ પૈસા આપવા પડશે. મારે તેના ચોખા લાવવાના છે.'

'હા... હા... ચિંતા નહીં કર. તને ચોખા અથવા પૈસા હું આપીશ.' થાનીનજાઓએ કહ્યું અને માછલીને તેના હાથમાં ઝુલાવતો બહાર નીકળ્યો.

નાનકડા મુક્તાએ તેને ફળિયામાંથી જોયો અને તેણે મોટેથી બૂમ પાડી, 'બાપુ.... આ આપણી માછલી લઈ જાય છે.'


માછલી મળવાથી ખુશ થાનીનજાઓ મુક્તાના આ બોલ સાંભળી અટક્યો અને જાણે તેને સંભળાવતો હોય તેમ દાઢમાં બોલ્યો, 'હું મફતમાં નથી લઈ જતો, સમજ્યો! હું આના પૈસા આપવાનો છું.'

નાનકડો મુક્તા એક પણ શબ્દ બોલી શક્યો નહીં. તે ચૂપચાપ ઊભો ઊભો હજી પણ પેલી માછલી તરફ લોલુપ નજરે તેને લઈ જતી જોઈ રહ્યો. **મ**

---

*વાર્તા ગમી? અનુવાદ? લખશો?*

---



*લિયોનાર્દ આન્દ્રેયેવ (૧૮૭૧-૧૯૧૯) રશિયન સાહિત્યના રજતયુગના પ્રખર અને પરમોત્પાદક લેખક હતા. એમના પહેલા વાર્તા સંગ્રહની અઢી લાખ નકલો વેચાઈ ગયેલી. એમનાં નાટકો સ્તાનિસ્લાવસ્કી અને મેયરહોલ્દ જેવા માંધાતાઓએ તેમ જ હોલિવૂડ અને બ્રોડવેએ પણ રજૂ કરેલાં. લેખક ૧૯૧૭ની કમ્યુનિસ્ટ ક્રાન્તિના વિરોધી હતા, અને એ કારણે તે ફિનલેન્ડ જઈ વસ્યા હતા જ્યાં કારમી ગરીબીમાં એ મૃત્યુ પામ્યા. તૈલચિત્ર વિખ્યાત ચિત્રકાર ઇલિયા યેફિમોવિચ રેપિન.*

**વાર્તા સંકલન અને ભાવાનુવાદ બાબુ સુથાર**
**૧+૨૧૫ ૩૩૮ ૩૫૬૯**
**basuthar@gmail.com**

# લિયોનાર્દ આન્દ્રેયેવ/રશિયન વાર્તા

# નિપ્પી

એનું કોઈ ન હતું. એ કોઈની ન હતી. એને કોઈ નામ પણ ન હતું. શિયાળાના લાંબા કાતિલ ઠંડીભર્યા દિવસો એ ક્યાં ગાળતી હતી કે એ શું ખાતી હતી એની કોઈને ખબર પણ ન હતી. ડાઘિયા કૂતરાઓની બીકને કારણે એ હૂંફાળાં ઘરોની આસપાસ ફરકતી પણ ન હતી. એ ગામમાં જતી તો બાળકો હાથમાં પથરા કે લાકડી લઈને એની પાછળ દોડતાં, અને મોટેરાંઓ તીણી સિસોટી વગાડી એને ગભરાવતાં. ઘડીકમાં આ બાજુ તો ઘડીકમાં બીજી બાજુ ચાલતી, વાડ સાથે કે લોકોના ટાંટિયા સાથે અથડાતી, એ માનવ-વસતીમાંથી ભાગી છૂટવામાં સફળ થતી અને એ એક મોટી વાડીમાં આવીને છુપાઈ જતી. એને ખબર હતી કે એની છુપાવાની જગ્યા ક્યાં આવેલી છે. ત્યાં એકલી એકલી બેઠી બેઠી એ એના ડીલ પર પડેલા ઉઝરડાઓને જીભથી ચાટતી અને પોતે એક કમનસીબ જીવ છે એનો સ્વીકાર કરીને ત્યાં રહેતી.


એના જીવનમાં કેવળ એક જ વાર, એક દારૂડિયાએ, એના પર દયાભાવ બતાવ્યો હતો. એ દારૂડિયાની નજર એ ગંદી કૂતરી પર પડી. એ પણ કોઈ પણ કારણ વિના. અને એ સાથે એને એ કૂતરી માટે દયા આવી ગયેલી.

"લીઝી!" કૂતરાં માટે જાણીતાં નામથી એણે એ કૂતરીને બોલાવેલી. "લીઝી, અહીં આવ તો. લીઝી, ડર નહીં મારાથી."

'લીઝી'ને પૂંછડી પટપટાવતાં દારૂડિયા પાસે સરકી જવાનું, એના ખોળામાં બેસવાનું ગમ્યું હોત. પણ કોણ જાણે કેમ એ વિશે એ તરત જ નિર્ણય લઈ શકી ન હતી.

"અરે બેવકૂફ.અહીં આવને. ભગવાનના સમ, હું તને નહીં મારું, બસ?" પેલા દારૂડિયાએ કહ્યું.

પેલી કૂતરી અચકાતાં અચકાતાં પૂંછડી પટપટાવતી દારૂડિયા પાસે ગઈ અને દારૂડિયાના હાવભાવ બદલાઈ ગયા. એને પોતાના કમનસીબ માટે જગતનાં સઘળાં માણસો કઈ રીતે જવાબદાર છે એ યાદ આવ્યું. અને એણે એના બૂટવાળા પગથી કૂતરીના નાક પર જોરદાર લાત મારી.



એ સાથે લીઝીને માનવજાતમાંથી શ્રદ્ધા ઊઠી ગઈ. પછી તો માણસ માત્રને જોતાં જ બે પગ વચ્ચે પૂંછડી દબાવીને ભાગી જતી કે સામે ઘુરકિયું કરતી. એક શિયાળાની રાતે લીઝીએ એક સૂના મકાનના ડેકની નીચે પોતાનું ઘર બનાવ્યું અને એ મકાનની ચોકી કરવા લાગી. રાત પડે ત્યારે એ મુખ્ય રસ્તા પર જતી અને એનો અવાજ ઘોઘરો

ન થઈ જાય ત્યાં સુધી ભસ્યા કરતી. ત્યાર પછી ઘેર પાછી આવીને ઘુરકિયાં કરતી સૂઈ જતી. એનાં ઘુરકિયામાં એક ગૌરવ ચળકતું.

આમને આમ શિયાળાની રાતો લંબાતી ગઈ અને લંબાતી ગઈ. પેલા સૂના ઘરની ખાલીખમ્મ બારીઓ એની પાછળની નિસ્તેજ વેરાન વાડી તરફ ગમગીન નજરે જોવા લાગી.

૨ પછી વસન્ત આવી. શહેરમાંથી રજાઓ હતી. આનંદકિલ્લોલ કરતું એક ધાડું રજા ગાળવા અહીં આવી ગયું હતું. એમાં મોટેરાં હતાં, ઘરડાં હતાં અને બાળકો પણ હતાં. પેલો શાન્ત ડેક લોકોના ઘોંઘાટથી ગૂંજવા લાગ્યો. લોરીનાં પૈડાં કર્કશ અવાજ કરતાં આવી ગયાં. આવનાર લોકો લોરીમાંથી ભારેખમ વસ્તુઓને ઘરમાં ખસેડવા લાગ્યા. એનો ખણખણ અવાજ બધે પ્રસરવા લાગ્યો. એ લોકોને હૂંફાળી અને તાજી હવાનો ભારે કેફ ચડ્યો હતો. એ બધાં મોટે મોટેથી બોલતાં હતાં, ગીતો ગાતાં હતાં અને ખડખડ ખડખડ હસતાં હતાં.

એમાંથી શાળાનો બદામી ગણવેશ પહેરેલી એક કિશોરી દોડીને ચાલી ગઈ વાડીમાં રમવા માટે. એ કિશોરી ઉપરનું શાન્ત આકાશ અને વાડીનાં ચેરી વૃક્ષોની રાતા રંગની ડાળીઓ જોવા લાગી. પછી એકદમ એ ઘાસ પર આડી પડી, સૂરજને જોવા લાગી. થોડી વાર પછી એ એકદમ કૂદીને ઊભી થઈ ગઈ. એના તાજા હોઠથી વસન્તની હવાને ચૂમવા લાગી. પછી બોલી, ‘‘કેટલું મજાનું જગત છે અહીં! એ ફેરફુદરડી ફરવા લાગી. એ દરમિયાન લપાતીછુપાતી પેલી કૂતરી દોડી આવી, તરત કિશોરીના સ્કર્ટ પોતાનાં દાંતમાં લઈ લીધું અને એની કોર ફાડીને એ ઘડીના છઠ્ઠા ભાગમાં જ કરમદાંનાં વૃક્ષોમાં અલોપ થઈ ગઈ.

‘‘બદમાશ!’’ પેલી કિશોરીએ કહ્યું. અને પછી એ બૂમ પાડતાં બોલી, ‘‘હે છોકરાં, વાડીમાં ન જતાં. વાડીમાં એક હડકાયેલું કૂતરું છે.’’

રાતે કૂતરી લપાતીછુપાતી ડેકની નીચે પોતાની ‘ગુફા’માં આવી ગઈ. અને સૂતાં સૂતાં ખૂલ્લી બારીઓમાંથી આવતા મનુષ્યોના શ્વાસોચ્છવાસના પોચા પોચા અવાજ સાંભળવા લાગી. એ અવાજમાં એને કોઈ ભય દેખાતો ન હતો. તો પણ એ એક આંખ ખુલ્લી રાખીને સૂતી હતી અને કોઈ કશો અવાજ કરે તો ગંધકના દીવા જેવી એની બે આંખો વડે જોવા લાગતી. રખેને કોઈ આવતું હોય!

વસન્તની રાતો દરમિયાન તો ઘાસમાં નરી આંખે ન દેખાય એવી વસ્તુઓ ફરકતી, ઊંઘણશી પક્ષીઓના પગ નીચે એને તરડાતી ડાળીઓના અવાજ જગાડી દેતા. મુખ્ય રસ્તા પર ગાડાંનો ખડખડ અવાજ, ભારી ટ્રકોનો ઘરરર અવાજ આવતો. દૂર દૂર ફૂટી રહેલા પરોઢ વખતે જરદાલુની તાજી તાજી સુગંધ થીજી ગયેલી હવામાં બહેક્યા કરતી.

ત્યાં રજાઓ ગાળવા આવેલા લોકો માયાળુ હતા. એમના માટે સૂરજ હૂંફાળો બનીને આવતો અને મલકાતો મલકાતો ચાલ્યો જતો. એ લોકો ખુશમિજાજથી દરેક વસ્તુને જીવંત બનાવી દેતા. એઓ રાત્રે કૂતરી ભસે એનાથી એટલા બધા ટેવાઈ ગયેલા કે સવારે ઊઠતાની સાથે જ પૂછતાઃ ‘‘આપણી નિપ્પી ક્યાં ગઈ?’’

આ ‘નિપ્પી’ એટલે પેલી કૂતરી! હવે એને નવું નામ મળ્યું હતું. શરૂ શરૂમાં તો એ કૂતરી ઝાડીમાંથી બહાર આવતી ત્યારે એનું ડીલ એક પડછાયા સૂકલકડી લાગતું. કોઈ એને ખાવા આપવા હાથ લંબાવતું તો એ દોટ મૂકીને ઝાડીમાં અલોપ થઈ જતી. ધીમે ધીમે એ કૂતરી અને એ લોકો વચ્ચે માયા બંધાતી ગઈ. ‘નિપ્પી’ એ લોકોના ચહેરા સામે જોઈ જોઈને ઘણું બધું શીખી ગઈ હતી. બપોરે જમવાના સમયની અરધાએક કલાક પહેલાં જ આવીને પૂંછડી પટપટાવવા લાગતી અને બટકું ખાવા મળે તેની રાહ જોવા લાગતી. એના પેટને ઢાંકતા, સુક્કાભઠ્ઠ, રતાશ પડતા લાંબા વાળ, હવે ચોખ્ખા, ચળકતા અને રેશમ જેવા સુંવાળા બની ગયા હતા.

નિપ્પીની સૌથી પહેલી ‘દોસ્ત’ પેલી લોલા નામની કિશોરી. એણે એ રજાઓ ગાળવા લોકો સાથે એની દોસ્તી કરાવી દીધી હતી. નિપ્પીએ એને વગાડ્યું હતું એ ભૂલી જઈને લોલાએ કહેલું, ‘‘નિપ્પી, અહીં આવ તો. અહીં આવ તો બકા. તારે સાકર ખાવી છે? લે હું તને સાકર આપું. અહીં આવ તો મારી મીઠુડી.’’

પણ ત્યારે એ કૂતરીને એના પર ભરોસો ન’તો બેઠો. લોલાએ કોઈ પણ કિશોરી કરે એમ ધીમેથી, કોમળ અને મધુર અવાજે નિપ્પીને પોતાની પાસે બોલાવી એને હળવે થાબડવા લાગેલી.

‘‘તું મને બહુ ગમે છે, નિપ્પી’’ લોલાએ ટહુકો કરતાં કહેલું. ‘‘તું મને ખૂબ ગમે છે. તારું નાક ખૂબ મજાનું છે. તારી આંખો જો તો. કેટલી ચકોર છે! નિપ્પી તને હજી મારી બીક લાગે છે?’’

લોલા એનું નાક મચકોડી શકતી હતી. લોલાની આંખો બોલકી હતી એમાં એક વાદળ રહેતું હતું. એનો ચહેરો મોહક અને નિર્દોષ હતો. પણ સૂરજના તાપથી તપીને રતૂમડા થઈ ગયેલા એના ચહેરા પર સતત ગમગીની પણ વર્તાયા કરતી હતી.

લોલાએ બોલાવી પછી પોતાની જિંદગીમાં બીજી વાર કૂતરી કોઈકની પાસે ગઈ અને ત્યાં પોતાની પીઠ પર આડી પડી. એ આંખ મીંચીને આડી પડી હતી ત્યાં જ એક નાજુક, હૂંફાળો, હાથ જરાક અચકાતાં અચકાતાં એના માથા પર ફર્યો. પછી, નિપ્પીએ એની શરણાગતિ સ્વીકારી લીધી હતી. એ હાથ પછી તો નિપ્પીને થાબડવા લાગ્યો, એને ગલીપચી કરવા લાગ્યો, અને હળવે હળવે હડદોલા પણ મારવા લાગ્યો.

‘‘મમ્મી, છોકરાં, જરા જુઓ તો. નિપ્પી કેવી ડાહી થઈ ગઈ છે!’’ કહી હસતી લોલાએ બધાંને જોવા બોલાવેલાં.

એ સાથે જ બાળકોના ધમાલિયા, ઘંટડી જેવા ખણખણતા અને ઉતાવળિયા અવાજથી નિપ્પી થરથર ધ્રૂજવા લાગેલી. કોઈ એને મારશે તો? પણ ઊલટું, બાળકો એને વહાલ કરવા લાગ્યાં. નિપ્પીને આનંદ થયેલો. પણ એને પેલા દારૂડિયાએ મારેલી લાતનો પ્રસંગ યાદ આવી ગયો હતો.

૩ કૂતરી હવે સોળે કળાએ ખીલી હતી. એને ડેક પરથી બોલાવવામાં આવે કે વાડીમાંથી. એ દોડીને આવી જતી. હવે એ એ લોકોથી હેવાઈ ગઈ હતી, એમની સેવા પણ કરવા લાગી હતી. એક કૂતરીના જીવને આટલું પૂરતું ન હતું?

પણ કોણ જાણે કેમ હજી એને મનુષ્યની બીક જતી નહોતી. એ અજાણ્યા માણસોને, પ્રવાસીઓને જોતી તો ગૂંચવાતી. એ હજી પણ

એ લોકોના વહાલથી ગભરાતી હતી. એને ઊંધા પડી આળોટીને વહાલ કરતાં હજી આવડતું ન હતું... બીજાં કૂતરાં પોતાના પાછલા પગે ઊભાં રહીને, માણસની સાથે ડીલ ઘસીને, કે જીભ કાઢીને સામું વહાલ કરી શકતી ન હતી.

એને એક જ રમત આવડતી હતીઃ પીઠ પર આડા થઈ, આંખો બંધ કરી, ઊંહકારા ભરવાની રમત. પણ, પછી એને લાગ્યું કે એ એક રમત પૂરતી ન હતી. બીજાં કૂતરાંને જોઈને કોઠાસૂઝથી બીજી રમતો શીખેલી અને એ રમતી પણ એમાં પહેલી રમતની ચાનક દેખાતી નહીં. એનાં ગોળમટાં ને કૂદકામાં એનું ઉત્સાહ દેખાતો નહીં. એનું નાનકડું શરીર ઘણી વાર તો વિચિત્ર કે રમૂજી લાગતું.

"મમ્મી, બાળકો. જુઓ તો નિપ્પી કેવું રમે છે," લોલા હસતાં હસતાં બૂમ પાડતી અને પછી નિપ્પીને કહેતી, "વાહ બકા વાહ. ખૂબ મસ્તી કરે છે. હજી પણ વધારે મસ્તી કરે...!" ને બધાં ભેગાં થઈ જતાં. નિપ્પી ગેલમાં આવી ગોળ ગોળ ફરવા લાગતી, ગબડવા લાગતી. બધાં એની એ રમતમાં રમત જોતાં પણ કોઈ એની આંખમાં છુપાયેલી હૂંફની તરસ જોતું નહીં. બધાં એના માટે ખૂબ હેત છે એવો દેખાડો કરીને "ઓ નાનકી નિપ્પી, ઓ નિપ્પુડી, નાચ હજી નાચ! શાબાસ!" કહીને વધારેને વધારે નાટક કરવા ઉશ્કેરતા.

નિપ્પી ગોળ ગોળ ફરતી, પડતી, આખડતી, અને એમનું મનોરંજન કરતી. એના બદલામાં એ લોકો એની હાજરીમાં એનાં વખાણ કરતા પણ ગેરહાજરીમાં કહેતા કે કોઈ મહેમાન આવે ત્યારે નિપ્પી ભાગી જાય છે એ બરાબર નથી. એવો ભય રાખવાની શી જરૂર છે?

૪

પછી પીળા રંગના વૈભવમય પાનખર આવી; આકાશ રડવા લાગ્યું. ડેક ખાલી થવા માંડ્યો. સાંબેલાધાર વરસાદમાં એક પછી એક મીણબત્તીઓ બુઝાય અને અજવાળું અલોપ થાય એમ બધું એક પછી એક ખાલી થવા લાગ્યું.

"આપણે નિપ્પીનું શું કરીશું હવે?" લોલાને ચિંતા થઈ. એ ઢીંચણ પર હાથ મૂકીને, બારીમાંના કાચ પરથી લપસતાં વરસાદનાં ચળકતાં ટીપાં જોતી જોતી, બેસી ગઈ.

"આમ કેમ બેઠી છે લોલા? કોના ચાળા પાડે છે?" એની માએ ચિડાઈને પૂછ્યું. "આપણે શું કરી શકીએ? તું જ કહે. આપણે કાયમ અહીં રહી તો ન શકીએ ને?"

"મને એને મૂકીને જવાનું ગમતું નથી!" લોલા બોલી.

"પણ તું જ કહે. શું કરીએ? આપણા ઘેર વાડો નથી કે એને લઈ વાડામાં રાખી શકીએ. આપણા એપાર્ટમેન્ટમાં તો રાખી જ ન રખાયને? તું કેમ સમજતી નથી?"

"મને એ... ને મૂ...કીને..." બોલતાં બોલતાં લોલાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એની મા સામે જોઈને ચીડથી નાક મચકોડ્યું. "પેલા ડોગાયવો ડોસો તને એક કુરકુરિયું આપવાની વાત કરે છે. કુરકુરિયું ખૂબ સરસ છે. પણ તું એની કે મારી વાત સાંભળે છે? એની સામે આ કૂતરું કંઈ જ નથી. આ તો વર્ણસંકર છે."

"મને બસ, ગમતું નથી." પણ, એનું કંઈ ન વળ્યું.

એ લોકો ઘરનો સામાન હમાલ લોકો પાછો લોરીમાં ભરવા લાગ્યા. ફરી એક વાર પેલા ડેકનાં પાટિયાં એ લોકોના પગની નીચે કચડાઈને ચૂં ચૂં કરવા લાગ્યાં પણ કોઈ કોઈની સાથે બોલતું ન હતું. કોઈ કોઈની સાથે હસતું પણ ન હતું. લોલા ભાગીને વાડીના છેડે જતી રહી અને જ્યારે પેલા લાલ શર્ટ પહેરેલા અજાણ્યા હમાલો ડેક પર દોડધામ કરી રહ્યા હતા ત્યારે એ ત્યાં વાડીના એક છેડે બેઠી બેઠી પાતળાં નાનાં ઝાડવાંમાંથી દેખાતા જગતને જોવા લાગી.

"અરે? તું ત્યાં છે મારી વહાલી નિપ્પી?" કહીને લોલાએ નિપ્પીને બોલાવી. પછી, એને પંપાળવા લાગી. લોલાએ એ વખતે પ્રવાસ માટે કાળું કુર્તુ અને નિપ્પીએ કરડી ખાધેલું બદામી સ્કર્ટ પહેર્યું હતું. લોલાએ હળવેથી કહ્યું, "નિપ્પી, ચાલ, મારી સાથે."

એ બધાં એ ઘર છોડીને નીકળ્યાં ને જોતજોતામાં મુખ્ય માર્ગ પર આવી ગયાં. વરસાદનાં ઝાપટાં પડતાં હતાં અને બંધ થઈ જતાં હતાં. નીચે ધરતી હતી, ઉપર આકાશ, એ બેની વચ્ચેનો અવકાશ ઉતાવળે દોડતાં કાળાંભમ્મ વાંકડિયાં વાદળોથી છવાઈ ગયેલો હતો. મુખ્ય માર્ગની ડાબે ખેતરોમાં પાક ઊતર્યા પછી રહી ગયેલાં ઠૂંઠાંથી વિસ્તરી રહ્યાં હતાં. ક્યાંક એકલાં અટુલાં વૃક્ષો દેખાતાં હતાં. આગળ ઉપર પતરાંના છાપરાવાળી એક વીશીની બહાર એક ટોળું ઊભું હતું. એ ટોળું ગામના એક મૂરખ માણસની હાંસી ઉડાવી રહ્યું હતું.

એટલામાં વાદળમાંથી કાણાં પાડીને સૂરજનાં પીળાં કિરણો બહાર આવ્યાં; ધુમ્મસથી ઢંકાયેલો પાનખરનો અવકાશ હવે વધુને વધુ ઉદાસ બનતો જતો હોય એવું લાગતું હતું.


"બધ્ધું ગમગીન છે અહીં, નિપ્પી, કેમ?" લોલા સ્વગત બોલી. રેલવે સ્ટેશન પરના પ્રતીક્ષા ખંડમાં બેઠાંબેઠાં એને યાદ આવ્યું કે અરે, મેં નિપ્પીને આવજો તો કહ્યું જ નહીં.

૫

બધા માણસો ચાલ્યા ગયા પછી નિપ્પી થોડો વખત તો એમનાં પગલાંની છાપને સૂંઘતી સૂંઘતી ચાલવા લાગી. એ ચાલતાં ચાલતાં રેલવે સ્ટેશન પર આવી. પણ ત્યાં કોઈ ન હતું. એ વરસાદથી પલળીને ડેક પર પાછી આવી. ત્યાં નિપ્પીએ આ પહેલાં કદી કોઈએ ન હતી જોઈ એવી કરામત કરીઃ એ ડેકના પ્લેટફોર્મ પર ગઈ. ત્યાં જઈને એ ત્યાં ઘરની બારી પાસે એના પાછલા બે પગે ઊભી રહી અને એ બારીમાંના કાચમાંથી પેલા ઘરમાં જોવા લાગી. પણ એને ઘરમાં કોઈ દેખાયું નહીં. એણે પોતાના પંજા વડે કાચને ખોતરીને અંદર જોવાનો વ્યર્થ પ્રયાસ કર્યો હવે ઝાપટાં વરસાદમાં ફેરવાઈ ગયાં હતાં. ઝાડીઓમાંથી અરવ પગલે બહાર આવતી પાનખરની ગમગીની, આકાશમાંથી ધોધમાર વરસતી ઉદાસી, હવે પેલા ખાલી ડેક પર આવી ગઈ હતી, અજવાળાનાં પગલાં પર અંધકાર એના ગંદા બૂટની છાપ ન પાડે એ માટે દિવસે અંધકાર સાથે થોડી ઝપાઝપી કરી; પણ દિવસનું કંઈ ન ચાલ્યું. એણે અંધકારની શરણાગતિ સ્વીકારવી પડી.

પછી રાત પડી. અને નિપ્પી રડવા લાગી. એનું રુદન અંધકારને કાપતું, કાળા, નગ્ન ખેતરો પરથી વહેતું મંદ પડી રહ્યું હતું.

કૂતરીએ એકધારા અવાજે રડવાનું ચાલ્યું રાખ્યું. એ અવાજ જેણે પણ સાંભળ્યાં હશે એને ચોક્કસ એવું લાગ્યું હશે રાત્રિનો આત્મા પ્રકાશ ભણી જતી વખતે, પ્રેમથી છલકતા હૃદયની ઝળહળતી આગ તરફ જતી વખતે, આર્તનાદ કરી રહ્યો છે. કૂતરી બસ આર્તનાદ કરતી રહી. **મ**



# યાસુનારી કાવાબાતા/રાગ વિશ્વરંજની
# કેફિયત

૧૯૬૮માં સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક કોઈ જાપાની લેખકને પ્રથમવાર મળ્યું ત્યારે કાવાબાતાએ કહેલું-આજે ટાગોર પછી પંચાવન વર્ષ બાદ પૂર્વના કોઈ લેખકને આ પ્રતિષ્ઠા મળે છે. હું આને કોઈ વ્યક્તિનું નહીં પરંતુ જાપાનની સંસ્કૃતિ અને પરંપરાનું સન્માન માનું છું. આ સિદ્ધિના કેવળ ચાર જ વર્ષ બાદ તોંતેર વર્ષના આ લેખકે આત્મહત્યા કરી. એક વાર એણે કહેલું-શાંત મૃત્યુ અનંત શબ્દ જેવું હોય છે. શબ્દોનો આ સર્જક પ્રતિભાના શિખરે પહોંચ્યા બાદ અચાનક નીરવ શાંતિમાં પોઢી ગયો.

કાવાબાતાના જીવનમાં ભાવનાત્મક અસુરક્ષા, એકલતા અને મૃત્યુના અનુભવો પ્રમુખ રહ્યા છે. નાનપણમાં જ માતા પિતાના અવસાન બાદ નાના-નાની પાસે ઉછેર થયો. પંદર વર્ષની ઉંમરે પહોંચતા નાના-નાનીનો સહારો પણ ન રહ્યો. કાવાબાતા માને છે કે એના લખાણ પર એક અનાથ બાળકની ભાવનાઓની ઊંડી અસર છે. આ એકલતાને વ્યક્ત કરવા માટે એણે જાપાનની પારંપરિક ઝેન કળાઓનો સહારો લીધો છે જેમાં હાઈકુની અસર મુખ્ય છે. એના ગદ્યમાં પણ કવિતાની ઝલક જોવા મળે છે. નોબેલ પારિતોષિક મળ્યા પહેલાં જેની ખ્યાતિ જાપાન સુધી જ સીમિત હતી તેવા આ લેખકે ખાસ ઈન્ટરવ્યૂ કે મુલાકાતો આપી નથી. એણે પોતાના વિચારો વ્યક્ત કરવા પાત્રોનું માધ્યમ પસંદ કર્યું છે. નોબેલ પુરસ્કાર સમારંભ વખતે આપેલા વક્તવ્ય ''જાપાન ધ બ્યૂટિફૂલ એન્ડ માયસેલ્ફ''માં એણે દેશની ઝેન કળાનું ઋણ સ્વીકાર્યું હતું. પ્રથમ વાર્તા સંગ્રહ ત્રેવીસ વર્ષની ઉંમરે પ્રકાશિત થયો હતો. એની સૌથી વધુ જાણીતી નવલકથા 'સ્નો કંટ્રી', જે જાપાની સાહિત્યમાં એક સીમાચિન્હ ગણાય છે, માત્ર ૧૪૨ પાનાની છે. આટલા નાના કદની કથા લખતાં એને સાત વર્ષ લાગ્યા હતા. ઝેન ચિત્રકળામાં ખાલી જગ્યાનું પણ એટલું જ મહત્ત્વ હોય છે જેટલું દોરાયેલા ચિત્રનું. કાવાબાતાનાં લખાણોમાં પણ જે નથી કહેવાયું તેને પ્રતીકો દ્વારા દર્શાવાય છે. એણે કહ્યું હતું - ફૂલોથી લચેલી ડાળીઓ, કોયલનો અવાજ, ચાંદની રાતની એકલતા, પાનખરમાં ખરતાં પત્તાં - આ બધું જ મને વિરાસતમાં મળ્યું છે.

ટાગોરની શૈલી અને ખાસ તો એમનાં સ્ત્રી પાત્રોથી એ પ્રભાવિત છે. એક સમયે પશ્ચિમના સાહિત્યના અભ્યાસી કાવાબાતાને લાગ્યું કે પોતે એક એશિયન લેખક છે જેની સંવેદના જુદી છે. એ માને છે કે પૂર્વ અને પશ્ચિમમાં સુખ દુખનો અનુભવ પણ જુદો છે. બૌદ્ધ ધર્મ અને ઝેન કળાની પ્રમુખ અસર નીચે એણે લખ્યું છે. એનું એક પાત્ર કહે છે - ફૂલોથી ભરેલા વૃક્ષનું ચિત્ર જોઉં છું ત્યારે મને વહેતી હવાનો અવાજ સંભળાય છે. એની વાર્તાઓમાં સ્થિતિનું વર્ણન છે, પ્રતીકો છે અને ઘણીવાર વાર્તાનો અંત એવા બીંદુ પર આવીને અટકે છે જેને તર્કશુદ્ધ અંત ન કહી શકાય. ઝેન કળામાં ગતિ અને સ્થિરતાનો સમન્વય જોવા મળે છે. કાવાબાતા જીવન અને મૃત્યુની જુગલબંદી




***વિવિધ સ્ત્રોતોમાંથી સંકલન અને ગુજરાતી રજૂઆત***
***બકુલ બક્ષી***
***ફો ૦૭૯-૨૬૭૬-૦૯૩૩***
***bakulbakshi@hotmail.com***


પ્રસ્તુત કરે છે. એની એક વાર્તા 'મેક અપ'માં બે ગેસ્ટ હાઉસ છે જેની બારીઓ સામસામી ખૂલે છે. આ સાંકડી ગલીમાં એક શોક સભાનો હોલ પણ આવેલો છે જેમાં મૃત વ્યક્તિને અર્પણ કરાયેલાં ફૂલોનો ઢગલો હોય છે. આ ગેસ્ટ હાઉસમાં મેક-અપ કરતી સ્ત્રીઓ યુવાની ટકાવવાનો પ્રયત્ન કરે છે જ્યારે બારીની બહાર મૃત્યુને અર્પણ કરાયેલાં ફૂલો છે. જીવન અને મૃત્યુ વચ્ચે કેવળ એક દીવાલનું જ અંતર રહી ગયું છે.

ઈશ્વર વિશે કાવાબાતા કહે છે કે એ કણ કણમાં હાજર છે માટે જ આપણે એને પ્રત્યક્ષ જોઈ નથી શકતા. એ માને છે કે લેખકના જીવનમાં નિવૃત્તિનો કોઈ નક્કી સમય નથી હોતો. લેખક માટે મૃત્યુ જ એની નિવૃત્તિ છે. એની પ્રખ્યાત કૃતિ 'સ્નો કંટ્રી'માં એક એવા સ્થળનું વર્ણન છે જે બરફમાં ઢંકાયેલું છે અને અહીંની હોટ સ્પ્રિંગમાં વીક એન્ડ ગાળવા સહેલાણીઓ આવે છે. એમને મનોરંજન પૂરું પાડતી એક ગિશાની ઢળતી જવાનીએના સૌંદર્યની પડતીનું પ્રતીક છે. અંધકાર, બરફની ચાદર અને એકલતાના આ સન્નાટામાં પાંગરતો, પ્રેમ કે પાત્રૌ ગૌણ બની જાય છે અને વાર્તાનું મુખ્ય પાત્ર 'સ્નો કંટ્રી' બની જાય છે. હાઈકુની શૈલીમાં લખાયેલી આ નવલકથામાં અદ્ભૂત વર્ણનો જોવા મળે છે. એક સમયે કાવાબાતાને ચિત્રકાર બનવું હતું. આ કૃતિમાં એ શબ્દોનો ચિત્રકાર બની ગયો છે.

ઝેન કળામાં હાઈકુ ઉપરાંત રોક ગાર્ડન, ઈકેબાના, ટી સેરિમની, બોનસાઈ વગેરેનો પણ સમાવેશ થઈ જાય છે. જાપાની ભાષામાં 'લેન્ડસ્કેપ' માટે વપરાતા શબ્દનો અર્થ છે પર્વત અને પાણી જે પ્રકૃતિનું પ્રતીક છે. કાવાબાતાના લખાણમાં જાપાનની આ પ્રકૃતિ અને વિચારધારાનું પ્રતિબિંબ જોઈ શકાય છે. એણે પોતાની એકલતાનું વર્ણન કરતાં લખ્યું હતું - શિયાળાની રાતનો ચંદ્ર મારો સાથી છે. હાઈકુ કવિતામાં જાપાનમાં પ્રાકૃતિક સૌંદર્યનું જે ચિત્ર ઊભું થાય છે તેવું જ યાસુનારી કાવાબાતાના ગદ્યમાં પણ જોવા મળે છે. **મ**

***આવતા અંકોમાં કોની કેફિયત વાંચવી ગમશે?***


મમતા
વાર્તામાસિક




આવતી કાલના વાર્તાલેખકોનું આજનું માસિક

**મમતાનું વાર્ષિક લવાજમ**
**ભારતમાં રૂા. ૨૦૦(૧૨ અંક)**

**મોકલવાનું સરનામું :**
**રીડર્સ પેરેડાઇઝ**
**૬, ઉત્સવ રો હાઉસ, સાલ હૉસ્પિટલ સામે,**
**થલતેજ, અમદાવાદ.**
**ફોન : ૦૭૯-૪૦૦૭ ૪૩૪૨**

**લવાજમ ચેક/ડી.ડી./મની ઓર્ડરથી સ્વીકારશે.**

સભ્યનું નામ:..................................................................
સરનામું :......................................................................
...................................................................................
...................................................................................
પિન કોડ .................................. ફોન/મોબાઈલ :............................................
ઈ-મેલ :.........................................................................

# "મમતા"
# વાર્તાસ્પર્ધા

## અશોક હર્ષ પારિતોષિક વિજેતાઓ



## ચંદ્રમણિ પારિતોષિક વિજેતાઓ



## વલ્લભ પારિતોષિક વિજેતાઓ



Retail Price Rs. 20/-
Annual Subscription Rs. 200 (12 issues)
Volume 1 No. 3 March 2012

GUJGUJ13769/06/1/2011-TC






Edited, Published & Printed by the Owner A. V. Thakar from 977/2 Sec 7-C, Gandhinagar 382007, India
Printing Press Allied Offset Printer (Gujarat) Pvt Ltd, 14/2 Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad 380021, India
Please Return Undelivered Mail to ‘Mamata’ Administrative Office
c/o Readers Paradise, 6 Utsav Row House, Opp SAL Hospital, Thaltej, Ahmedabad 380052, India
Phone 079 4007 4342